

# શ્રીપાલ કથા અનુપ્રેક્ષા



આ.શ્રી નયચંદ્ર સાગરસૂરિ મ.સા.

# તસ્મૈ શ્રી ગુરવે નમઃ



આગમોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ
શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.



સિદ્ધચક્ર આરાધક
પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.



શાસન સુભટ
પૂ. મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સા.



સાધક-વાચક-સંશોધક
પૂ. પંન્યાસ પ્રવર શ્રી અભયસાગરજી મ.સા.





શાસન પ્રભાવક
પૂ. આ. શ્રી અશોકસાગરસૂરી મ.સા.



ભક્તિરસના પ્યારા
પૂ. આ. શ્રી જિનચંદ્રસાગરસૂરી મ.સા.



તત્વજ્ઞ નિસ્પૃહિ
પૂ. મુનિશ્રી પૂર્ણાનંદસાગરજી મ.સા.



વ્યાખ્યાન કુશલ
પૂ. આ. શ્રી હેમચંદ્રસાગરસૂરી મ.સા.

# શ્રીપાલ કથા અનુપ્રેક્ષા

લેખક
શાસન પ્રભાવક
પૂ.આચાર્ય શ્રી હેમચંદ્રસાગરસૂરીશ્વર શિષ્યરત્ન
પૂ.આચાર્ય નયચંદ્રસાગરસૂરિ મ.

**શ્રીપાલ કથા અનુપ્રેક્ષા**
**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**

**પ્રથમ આવૃત્તિ-૨૦૧૬**
**(શાશ્વતિ ઓળી-આસો)**

**નકલ : ૨૦૦૦**

**મૂલ્ય : ૬૦/-**
**પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાનભંડારોને ભેટ**

**પ્રાપ્તિ સ્થાન**
**પૂર્ણાનંદ પ્રકાશન,**
**ધરણેન્દ્ર એમ. શાહ**
એ-૨૦૪, પ્રેરણા વિરાજ-૨, જોધપુર ગામ,
ચંદન પાર્ટી પ્લોટ સામે, સેટેલાઇટ, અમદાવાદ-૧૫
મો. ૯૩૭૬૮૬૦૭૧૨ (ધરણેન્દ્ર)

❖ ❖ ❖ ❖

**ગૌરવ કે. શાહ**
સી-૨૧૧, કેરોન બિલ્ડીંગ, ૬૦ ફૂટ રોડ,
બાવન જીનાલય પાસે, ભાયંદર (વે), મુંબઇ
મો. ૯૮૩૩૧૩૯૮૮૩

**જવાહર નગર શ્વે. મૂ.પૂ. સંઘ**
જવાહર નગર,
ગોરેગાંવ, મુંબઇ

❖ ❖ ❖ ❖

**સંજય જે. હીરાણી**
મધુસુદન એપાર્ટમેન્ટ, પહેલે માળે,
ગીતાંજલી, બોરીવલી - મુંબઇ,
મો. ૯૮૭૦૦૨૭૭૬૬

**શ્રેયાંસ કે. મર્ચન્ટ**
નીશા એપા.-૧, પહેલે માળે,
તીનબત્તી, કાજીનું મેદાન,
ગોપીપૂરા, સુરત.

# સમર્પણ

- જેઓશ્રીની સતત નવ વર્ષ સેવામાં રહેવાનો મોકો મળ્યો.
- જેઓશ્રીની પુણ્ય પ્રભાવક નિશ્રાથી ચિંતન શકિતના દ્વારા ખૂલ્યા.
- જેઓશ્રીએ સર્વપ્રથમ સંસ્કૃત શ્રીપાલ કથા વાંચવાની ફરજ પાડી.
- જેઓશ્રીના સાનિધ્ય પ્રભાવે તત્વસ્પર્શનની કાંઇક અનુભુતિ થઇ.

તે...

પૂજ્યપાદ્ તત્વજ્ઞ વિદ્વદ્ નિસ્પૃહી નિરાસંશી

**મુનિપ્રવર શ્રી પૂર્ણાનંદ સાગરજી મ.ના**

ચરણે...

...નયચંદ્રસાગર

## દીવ્ય આશીર્વાદ

- દેવસૂર તપાગચ્છ સામાચારી સંરક્ષક, આગમોદ્ધારક
  પૂ. આ. દે. શ્રી **આનંદસાગર સૂરીશ્વરજી મ.**
- સિદ્ધચક્ર સમારાધક પૂ. આ. દે. શ્રી **ચંદ્રસાગરસૂરીશ્વરજી મ.**
- શાસનસુભટ ઉગ્રસંયમી પૂ. મહોપાધ્યાય શ્રી **ધર્મસાગરજી મ.**
- નમસ્કાર મહામંત્ર સાધક આગમ વિશારદ પૂ. પંન્યાસ
  ગુરુદેવશ્રી **અભયસાગરજી મ.**
- તત્વજ્ઞ નિસ્પૃહી પૂ. મુનિ પ્રવરશ્રી **પૂર્ણાનંદસાગરજી મ.**

## શુભ આશીર્વાદ

આગમસેવી પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી **દોલતસાગરસૂરીશ્વરજી મ.**

**બંધુ ત્રિપુટી**

શાસનપ્રભાવક પૂ. આ. દે. શ્રી **અશોકસાગરસૂરીશ્વરજી મ.**

ભક્તિરસ પ્યારા પૂ. આ. દે. શ્રી **જિનચંદ્રસાગરસૂરીશ્વરજી મ.**

પ્રવચન પ્રભાવક પૂ. આ. દે. શ્રી **હેમચંદ્રસાગરસૂરીશ્વરજી મ.**

# સુકૃતના સહભાગી

## શ્રી જવાહરનગર શ્વે. મૂ. જૈન સંઘ

જવાહરનગર, ગોરેગાંવવાળા, મુંબઇ
(જ્ઞાન નિધિમાંથી)

❖ ❖ ❖ ❖

## સંઘવી હજારીમલ પરમાજી પરિવાર

માલવાડાવાળા, ગોરેગાંવ

❖ ❖ ❖ ❖

## ચંપકલાલ ભોગીલાલ મહેતા પરિવાર

પેથાપુરવાળા, ગોરેગાંવ

❖ ❖ ❖ ❖

## સૂર્યકાંતભાઇ પુનમચંદભાઇ શાહ

ચાણસ્માવાળા, ગોરેગાંવ

❖ ❖ ❖ ❖

## શ્રીમતી હીરાબેન શાંતિલાલ શાહ

બોટાદવાળા, (હાલ સાયન-મુંબઇ)

❖ ❖ ❖ ❖

## માતુશ્રી મંગળાબેન ભોગીલાલ મણીલાલ શાહ

અમરેલી-પીપળીયા (હાલ સાયન, મુંબઇ)

# પ્રકાશકીય

કથામાં જ્યારે ચિંતન અનુપ્રેક્ષા ભળે છે ત્યારે તે કથાનુયોગ બને છે. અને તે કથાનુયોગમાં આત્મપ્રેક્ષા ભળે છે ત્યારે તે કલ્યાણકારી બને છે.

**શ્રીપાલ કથા** આમ તો જિનશાસનમાં આબાલ-વૃદ્ધ સુધી પ્રસિદ્ધ છે. અનેક પ્રકાશનો ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃતમાં થયેલ છે. પરંતુ આ અનુપ્રેક્ષામય પુસ્તક આત્માનુપ્રેક્ષા બનાવે છે પરંતુ આ અનુપ્રેક્ષમય પુસ્તક આત્માનુપ્રેક્ષા બનાવે તેવું સર્વ પ્રથમ હશે.

પૂ. શાસન પ્રભાવક **પૂ.આ. શ્રી હેમચંદ્રસાગરસૂરી**ના શિષ્યરત્ન વર્ધમાન તપોનિધિ શિષ્યશિલ્પી **પૂ.આ. શ્રી નયચંદ્રસાગરસૂરિ મ.** દ્વારા આલેખાયેલ આરાધક ભાવના ગુણોનો આગવો ઉજાસ પાડતું આ પુસ્તક અમારી સંસ્થા દ્વારા પ્રકાશિત થઇ રહ્યું છે તેનો અતિ આનંદ છે. અને તે માટે પૂજ્યશ્રીના ઋણી છીએ.

પુસ્તક કવરને આકર્ષક બનાવવા **શ્રી પ્રેમલભાઈ કાપડીયા**એ પોતાના ચિત્ર સંગ્રહમાંથી શ્રીપાલ પ્રસંગોના ચિત્રો ઉદારતાથી આપ્યા છે તેની ભાવપૂર્ણ અનુમોદના...

આ પુસ્તક અંગે **પૂ.આ.દે. શ્રી હેમચંદ્રસાગરસૂરી મ.** એ ઘણી વ્યસ્તતામાં હોવા છતાં પ્રસ્તાવના લખી આપી છે તેની અંતરથી અનુમોદના કરીએ છીએ.

આ પુસ્તકને સુચારુ મુદ્રણ સ્વરૂપ આપવા રાજુલ આર્ટ, (સ્મિતભાઇ)એ સુંદર પ્રયાસ કર્યો છે તેની અનુમોદના.

પુસ્તકને પ્રકાશિત કરવા સં. ૨૦૭૨ની ચૈત્રી ઓળી પ્રસંગે શ્રી જવાહર નગર જૈન સંઘ, ગોરેગાવ એ જ્ઞાનદ્રવ્યથી તથા આરાધક પરિવારોએ અર્થ વ્યવસ્થા સંભાળી લીધી તેમની શ્રુત ભક્તિની અંતરની અનુમોદના.

પૂજ્યશ્રી દ્વારા ચિંતનાત્મક સાહિત્ય વધુને વધુ આલેખન થાય તેવી ભાવના સાથે...

**પૂર્ણાનંદ પ્રકાશન**

# પ્રસ્તાવના

પિસ્તાલીસ લાખ યોજનના મનુષ્ય ક્ષેત્રમાં એક સાથે કોઇ અનુષ્ઠાનની આરાધના થતી હોય તો તે છે નવપદજીની આરાધના, સિદ્ધચક્રની આરાધના, અને એ પણ અનાદિ અનન્ત, આ આરાધના શાશ્વત છે, સનાતન છે. એનો આદિ છોર ન મળે એનો અંત છોર પણ ન મળે. આ નવપદની આરાધના એટલે સમગ્રતયા સંપૂર્ણ જિનશાસનની આરાધના.

નવ દિવસોની આરાધના આજ દિવસોમાં કેમ?

કેમકે આ દિવસો અયનસંધિના દિવસો છે. ઉત્તરાયણ અને દક્ષિણાયણનો ભેટણ કાળ છે. આ અને સંધિકાળનો વિશેષ પ્રભાવ છે. સામાન્ય બીજા સમયમાં આરાધના કરો અને સંધિ સમયે આરાધના કરો, ઘણો ફેર લાગે. આ વાતનું મહત્વ જિનશાસનમાં ઝાઝેરૂ છે. માટે જ જેટલા પણ સંધિકાળ છે એ સમયને સાધિ લેવા કોઇને કોઇ અનુષ્ઠાનો ફરમાવ્યા છે. એવું જ એક અનુષ્ઠાન છે નવપદજીની ઓળી.

છેલ્લા કેટલાક સમયથી ઓળીના આરાધકોની સંખ્યા ઠીક ઠીક વધવા પામી છે. એટલે પૂજ્યશ્રીઓના વ્યાખ્યાનની અપેક્ષા પણ વધી છે. નવપદજીના દિવસો છે એટલે પૂજ્યશ્રીઓના વ્યાખ્યાનમાં નવપદજી અને શ્રીપાલ ચરિત્રના વિષયનું વિશ્લેષણ કરે છે. આમ તો શ્રીપાલ ચરિત્ર એક ચરિત્ર કે કથા જ છે. પરન્તુ તત્ત્વચિંતક પૂજ્ય પુરુષો શ્રીપાલ ચરિત્રના પાત્રો અને એની એક એક ઘટના કે પ્રસંગોને લઇને એટલું સુંદર રહસ્ય પ્રગટ કરે છે. જેનો આપણને અંદાજ પણ ન આવે કે આ ઘટના શું આવો સુંદર સંદેશ પાઠવે છે. આ પ્રસંગ શું આવો મઝાનો આદર્શ પાઠવે છે. એ જાણીને ત્યારે દિંગ રહી જઇએ.

અને આ વિષયમાં અમારા પરમતારક પૂ. ગુરુદેવશ્રીની માસ્ટરી...

જ્યારે જ્યારે પૂજ્યશ્રીના શ્રી નવપદ-વિષયક વ્યાખ્યાન અને શ્રીપાલ-

મયણાના જીવન ચરિત્રની ઘટનાઓનો હાર્દ સ્ફોટ થતો, ત્યારે એમાં કર્મગ્રંથની વાતો, સામાજિક રીતિઓની વાતો અને આપણા જીવનના કર્તવ્યો તરફ થતું આંગળી-ચીંધણું સાંભળવા મળતું ત્યારે આંખો વિસ્મયથી છલકી જતી... મઝા આવતી...

એવી જ એક રહસ્ય યાત્રાનો અનુભવ આ પુસ્તક વાંચતાં થઇ.

અમારા સુવિનય આ. શ્રી નયચંદ્રસાગરસૂરિજીએ પોતાના ચિંતન કળશથી શ્રી શ્રીપાલ-મયણાના જીવન-ચરિત્ર ઉપર અભિષેક કર્યો ત્યારે ઘણી બધી આચ્છાદિત વાસ્તવિકતાઓનો ઘટસ્ફોટ થયો જેમ કે-

- ઊંબરરાણો અને મયણા સુંદરી પ્રથમવાર જ મળે છે અને બન્ને વચ્ચે જે સંવાદ થાય છે એમાં સ્પષ્ટ જણાય છે કે ઊંબરે મયણામાં દિવ્યતાના દર્શન કર્યા અને મયણાએ ઊંબરમાં સત્વના દર્શન કર્યા.
- સાચા ધર્મની પ્રાપ્તિ માટે પૂણ્યોદય કરતાં આત્મશુદ્ધિની અનિવાર્યતા જરૂરી છે.
- આજે પ્રભુ-ભક્તિમાં સંગીતકાર અને વિધિકારની મહત્તા વધી ગઇ છે. અને સંગીતકાર સ્તવનોના બદલે અને વિધિકાર વિધિના બદલે ભાષણ-પ્રવચન ખૂબ કરતાં હોય છે. ખબર નથી પડતી કે આમ થવાની મૂલભૂત તત્ત્વ તરીકે બિરાજમાન પરમાત્માની ભક્તિ ગૌણ બની જાય અને આશાતનાના ભાગી થવાય છે.
- શ્રીપાલ-કુમાર વિદેશ જાય છે ત્યારે મયણાને માતાજી પાસે રાખે છે અને મયણા પણ વાત માની જાય છે. આ થકી મયણા એક સંદેશ પાઠવે છે કે લાગણી કરતાં કર્તવ્યને વિશેષ મહત્વ આપવું જરૂરી છે. આ સંદેશ પત્નીઘેલાઓને શિખ આપે છે કે બનવું હોય તો માતાઘેલા બનો પત્નીઘેલા નહી.
- દેવો કરતાં માનવની મહત્તા એટલા માટે છે કે દેવો પાસે ભવપ્રત્યયિક શક્તિ હોય છે અને માનવ પાસે ગુણપ્રત્યયિક શક્તિ હોય છે. ભવપ્રત્યયિક શક્તિ

પુણ્યને આધીન છે અને ગુણપ્રત્યયિક શક્તિ પુરુષાર્થને આધીન છે.

- આર્ય સંસ્કૃતિમાં સસરાનું કશું જ ન લેવાય, બીજાનું પણ ન લેવાય પરંતુ મામા તરફથી બધું જ લેવાય આ જ ઉક્તિને અનુસરી શ્રીપાલ-મયણા મામાને ત્યાં રોકાય છે ને પછી વિદેશ યાત્રા કરવા નીકળે છે.
- મયણાની સામે જ્યારે વિપત્તિના વાદળા ઘેરી વળ્યા ત્યારે મયણા સ્વસ્થ કઇ રીતે રહી શકી? એના જીવનમાં ત્રણ મંત્ર અસ્થિમજ્જાવત્ જામી ગયા હતા કે- ભૂતકાળને વાગોળવું નહિ, ભવિષ્યના સપના નહિ જોવા, બસ વર્તમાનને જાળવી લો. બધાએ અપનાવવા જેવી આ શીખ છે.
- આજ માટે જૈન સાધુ માટે વર્તમાન જોગનો વહેવારૂ ઉપયોગ બતાવ્યો છે. આ વિષયનું વિશ્લેષણ બહુ સરસ રીતે પ્રગટ કર્યું છે.
- મયણા ઊંબર રાણા પાસે આવી ત્યારે પ્રેક્ટીકલી વર્તન દ્વારા ઊંબરે સંદેશ આપ્યો કે યોગ્યતાથી વધુની અપેક્ષા કરવી નહિ અને વધુ મળે તો સ્વીકારવું પણ નહિ.
- બીજાના નુકસાનને દૂર કરવા પોતે નુકશાનમાં ઉતરી જાય એ મંદ મિથ્યાત્વની નિશાની છે.
- પોતાના નુકસાનને દૂર કરવા બીજાના લાભમાં અવરોધ ઉભો કરવો એ ક્ષુદ્રતાની નિશાની છે.

ભવાભિનંદીના આઠ દોષોનું વર્ણન અને ધવલ શેઠના વૃત્તાન્ત વખતે સરસ સમજાવ્યું છે.

આવા કેંક સંદેશા અને સંકેત આ અનુપ્રેક્ષાના પ્રવાહમાં સમજવા મળે છે. આનાથી એ ખ્યાલ બંધાય છે કે શ્રીપાલ અને મયણાની કથા એ માત્ર કથા નથી પરંતુ જીવનમાં અપનાવવા જેવા અનેક સંદેશાઓનો સરવાળો છે.

સુવિનેય આત્મીય શ્રી નયચંદ્રસાગરસૂરિજીના માધ્યમે આવા અનેક કથાનકો પ્રકાશમાં આવે એ જ અંતરની અભિલાષા અને આકાંક્ષા...

# લેખકીય

જિનશાસનના કથાનુયોગમાં શ્રીપાલકથા એ એક મહત્વનો અને લોકપ્રિય ગ્રંથ છે. ચૈત્ર અને આસો મહિનાની શાશ્વતી ઓળીમાં તમામ જૈન સંઘોમાં આ ગ્રંથ ઉપર પ્રવચનો થાય છે. ઘણા પૂજ્યોએ અનેક ભાષામાં તેની ઉપર ખેડાણ પણ કર્યું છે.

પૂજ્ય તત્વજ્ઞમુનિશ્રી પૂર્ણાનંદ સાગરજી મ.સા. શાશ્વતી ઓળીમાં કોઈને કોઈ એક શ્રીપાલકથા વાંચવાની નાના સાધુઓને ફરજ પાડતા. આથી જુદી જુદી શ્રીપાલકથાઓ વાંચતાં વાંચતાં કેટલીક સમસ્યાઓ ઉભી થતી તેના નિવારણ માટે પુછતાં પૂ. તત્વજ્ઞમુનિશ્રીએ વર્તમાન શ્રીપાલ કથાઓના મૂળ સમાન પૂ.આ. દેવશ્રી રત્નશેખરસૂરિ મ. દ્વારા પ્રાકૃત ભાષામાં રચાયેલી 'સિરિ સિરિવાલ કહાં વાંચવા સૂચન કર્યું. તે ગ્રંથ વાંચતાં લાગ્યું કે ગ્રંથરચનાની મર્યાદાને કારણે પ્રત્યેક શ્રીપાલકથામાં કોઈને કોઈ કથાંશને ગૌણ કરવામાં આવ્યો છે. આથી સુરતથી શિખરજીના સંઘ સમયે એક નાનો પ્રયાસ કર્યો અને સિરિ સિરિવાલ કહા ગ્રંથને અનુસારે સર્વ કથાંશોને આવરી લઈને સંસ્કૃતમાં ૧૧૫૨ શ્લોક પ્રમાણ સંપૂર્ણ ''श्रीपाल–मयणाऽमृत कथा'' ની રચના થઈ. લગભગ ૬ મહિના સુધી શ્રીપાલકથા ચિત્તમાં ધૂમરાવાના કારણે વ્યાખ્યાન કે ચિંતન સમયે નવી–નવી તત્ત્વ–સ્ફુરણાઓ થતી રહી. જે અવાર–નવાર શાશ્વતી ઓળીના વ્યાખ્યાનમાં આવવા લાગી. શ્રીપાલકથામાં મયણાની મહત્તા કરતાં શ્રીપાલની

ઉપાદાનશુદ્ધિ, આરાધકભાવ, ગુણવૈભવ, ગંભીરતા, સરળતા, સહજ કર્મોદયનો સ્વીકાર વગેરે અનેક બાબતો વધુ મહત્ત્વની લાગી. ઉંબરમાં અંતરગુણ વૈભવ ન હોત તો... મયણા સંપૂર્ણ નિષ્ફળ જાત. મયણા આવો ઓપ ન આપી શકત. ઉંબર–શ્રીપાલના ગુણવૈભવની સાથે સાથે અજિતસેન, ધવલ, શ્રીકાન્ત, મયણાસુંદરી, સુરસુંદરીના પાત્રોનો સંદેશ પણ વ્યાખ્યાન વિગેરેમાં આવતાં લોકરૂચીકર બન્યો... અને પુસ્તકની માંગ આવી. આઠ વર્ષ પૂર્વે અજારીમાં અક્ષરદેહે ઢાળવાનો પ્રારંભ કરેલો, થોડું લખાણ થયું અને અટકી ગયું. પુન : આઠ વર્ષ પછી આ વર્ષે આરાધક શ્રોતાઓની ચાહના અને માંગને ધ્યાનમાં રાખી કામ હાથમાં લીધું. જે પુસ્તકરૂપે આજે તમારી સામે આવ્યું છે... આતો માત્ર અંગુલી નિર્દેશ સ્વરૂપ છે. ચિંતક હજુ આનાથી અનેકગણું ખોલી શકે છે. **જિનશાસનનો કથાનુયોગ બંધ કરેલી રત્નોની પેટી જેવો છે. પેટી જોતાં લાકડાની જ લાગે પરંતુ તેને ખોલે તો.... રત્નો મળે... ચિંતકો, વિચારકો કે આરાધકો...** હજુ વધુને વધુ તત્ત્વ સંઘ–સમાજને આપી શકે છે. પ્રત્યેક કથાને તત્ત્વસભર વિભિન્ન દૃષ્ટિકોણથી વિચારી શકાય છે.

આ પુસ્તિકાના લખાણને પ્રેસકોપી કરવામાં જેસરબેન (વડોદરા), હેતલબેન (મલાડ) તથા **સા. કલ્પપૂર્ણાશ્રીજી મ.સા.** અને પ્રુફ માટે મુનિ ઋષભચન્દ્રસાગર, મુનિશ્રી અજીતચન્દ્રસાગર, સા. પૂર્ણિતાશ્રીજી મ.સા., સા.દીવ્યતાશ્રીજી મ.સા. આદિનો પ્રયાસ અનુમોદનીય છે.

અંતે ઉંબરનો ગુણવૈભવ, સત્વ અને મયણાનો વિવેક, મક્કમતા, શ્રદ્ધા વિગેરે જીવનમાં આરાધકભાવ માટે જરૂરી છે. આવા ગુણોની આંશિક પણ પ્રાપ્તિ કોઈ વાચકને થઈ તો.... શ્રમની સફળતા માની વિરમું છું.

નયચંદ્રસાગર.....

# વિષય-ક્રમ


પ્રકાશકીય ........................................................

પ્રસ્તાવના ........................................................

લેખકીય ........................................................

૧. ઉંબર (શ્રીપાલ) ગુણદર્શન. ........................................ ૧

વર્તમાન કાળમાં જીવતાં શીખો. ........................................ ૨

જે સ્થિતિ આવે તે સ્વીકારી લો........................................ ૩

વર્તમાન યોગ્યતા કરતાં વધારે અપેક્ષા રાખવી નહીં. .................... ૫

યોગ્યતા કરતાં વધારે મળી જાય તો સ્વીકાર કરવો નહીં. ................ ૬

યોગ્યતા કરતાં વધારે આવી પડે તો ખુશ ન થવું. ........................ ૬

બીજાના નુકશાનથી થતો ફાયદો ક્યારેય ઇચ્છનીય નથી. ................ ૭

ગંભીર બનો,ધીર બનો ................................................ ૮

સતીની વાતમાં તર્ક નહીં. ............................................ ૧૦

શ્રદ્ધા છે ત્યાં સર્વસ્વ સમર્પણ ત્યાં ચમત્કાર. ............................ ૧૧

પ્રભ દર્શન પ્રણીધાન પૂર્વક કરો... ........................................ ૧૩

દર્શનથી પાપનાશ.................................................... ૧૩

ઉપાદાન (યોગ્યતા) શુદ્ધ કરો, ઉત્થાન થશે જ. ........................ ૧૪

જે પણ ધર્મક્રિયા કરવી છે તે યોગ્ય રીતે શીખો ........................ ૧૫

સિદ્ધચક્રજી ક્યારે ફળે? ................................................ ૧૬

પરથી નહીં સ્વથી ઓળખાવ ............................................ ૧૭

માનો આદરભાવ રાખો, સેવા કરો. ........................................ ૧૮
બીજાની મહેનતનું લેવાય નહીં ........................................ ૧૯
કઇ શક્તિ વધે/ચડે? દેવની કે મનુષ્યની? ............................ ૨૦
બીજાનું ભલે મળી ગયું હોય તો પણ લેવું નહીં. ........................ ૨૦
પુણ્ય ઉપર પૂરો વિશ્વાસ ........................................ ૨૨
ભાગ્ય અજમાવવા સહુને આગળ કરો... ................................ ૨૪
વૈભવ-સંપત્તિમાં રમો નહીં ........................................ ૨૫
દુશ્મન પ્રતિ પણ મૈત્રીભાવ ........................................ ૨૬
પ્રભુ મલ્યા છે તો નિર્ભીક બનો ........................................ ૨૭
૨. શું બનવું છે? શ્રીપાલ - ધવલ કે અજિતસેન ........................ ૨૯
૩. હું કોણ? શ્રીપાલ કે શ્રીકાન્ત ........................................ ૩૬
૪. પરાકાષ્ઠા ઉપકાર અને અપકારની... ................................ ૪૩
૫. વધારે શું? શ્રીપાલને મળ્યું તે કે શ્રીપાલે જતું કર્યું તે?... .............. ૪૭
૬. મયણા (મદના) અને સુરસુંદરી ........................................ ૫૦
કેવી છે, મયાણાની શ્રદ્ધા ........................................ ૫૪
સાચું કોણ ? ........................................ ૫૫
તપ પૂરો ક્યારે થાય ........................................ ૫૫
નિસિહી ........................................ ૪૨
૭. શ્રીપાલ કથા એટલે ... આપણી આત્મકથા ............................ ૫૭
૮. શ્રીપાલ કથાનું રચના કોશલ્ય ........................................ ૬૦
૯. કરાએલધર્મ કયારેય નિષ્ફલ જતોનથી ............................ ૬૪
૧૦. નવપદ બનાવે ભવાભિનંદી થી આત્માનંદી ............................ ૬૬
૧૧. પરિશિષ્ટ-૧ મંડલ આલેખન અનુચિંતન ............................ ૮૩
૧૨. પરિશિષ્ટ-૨ પૂજન અખંડ ક્યારે બને? ............................ ૮૭

# વાચક બને આત્માનુપ્રેક્ષક!!!

**'શ્રીપાલ કથા અનુપ્રેક્ષા'** પુસ્તક

એ ચિંતન નવનીત છે...

આ એક આપણા પોતાના આત્મની સાથે

તુલના-દર્શન કરવા માટેનું ચિંતન છે.

આપણા જીવનમાં આવતા પ્રસંગોમાં

આપણી મનોસ્થિતિ અને પ્રકૃતિ કેવી રહે છે?

અને ઉંબરા શ્રીપાલની કેવી છે?

તેનું ચિંતન વાચકે કરવાનું છે.

આથી... આ પુસ્તક

એક જ બેઠકે વાંચી જવું અને પુસ્તક એક બાજુ મૂકી દઉં

આવું વિચાર ન કરતા... પરંતુ આ પુસ્તક

ધ્યાનપૂર્વક

ચિંતનપૂર્વક

આત્મ તુલના પૂર્વક

વાંચવા આગ્રહ રાખજો.

**શ્રીપાલ કથા અનુપ્રેક્ષા**

**પૂર્ણાનંદ પ્રકાશન, અમદાવાદ.**

**પ્રથમ આવૃત્તિ-૨૦૧૬**

**(શાશ્વતિ ઓળી-આસો)**

**નકલ : ૨૦૦૦**

**દ્વિતીય આવૃત્તિ-૨૦૧૭**

**(શાશ્વતિ ઓળી-આસો)**

**નકલ : ૩૦૦૦**

**મૂલ્ય : ૬૦/-**

**પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જ્ઞાનભંડારોને ભેટ**

**પ્રાપ્તિ સ્થાન**

**પૂર્ણાનંદ પ્રકાશન,**

**ધરણેન્દ્ર એમ. શાહ**

એ-૨૦૪, પ્રેરણા વિરાજ-૨, જોધપુર ગામ,
ચંદન પાર્ટી પ્લોટ સામે, સેટેલાઇટ, અમદાવાદ-૧૫
મો. ૯૩૭૬૮૬૦૭૧૨ (ધરણેન્દ્ર)

❖ ❖ ❖ ❖

**ગૌરવ કે. શાહ**

સી-૨૧૧, કેરોન બિલ્ડીંગ, ૬૦ ફૂટ રોડ,
બાવન જીનાલય પાસે, ભાયંદર (વે), મુંબઇ
મો. ૯૮૩૩૧૩૯૮૮૩

**જવાહર નગર શ્વે. મૂ.પૂ. સંઘ**

જવાહર નગર,
ગોરેગાંવ, મુંબઇ

❖ ❖ ❖ ❖

**સંજય જે. હીરાણી**

મધુસુદન એપાર્ટમેન્ટ, પહેલે માળે,
ગીતાંજલી, બોરીવલી - મુંબઇ,
મો. ૯૮૭૦૦૨૭૭૬૬

**શ્રેયાંસ કે. મર્ચન્ટ**

નીશા એપા.-૧, પહેલે માળે,
તીનબત્તી, કાજીનું મેદાન,
ગોપીપૂરા, સુરત.

# ૧) ઉંબર (શ્રીપાલ) ગુણદર્શન

પૂ.આ.દે. શ્રી રત્નશેખરસૂરિ મ. સાહેબે શ્રીપાલ કથાની રચનાના માધ્યમે જૈન-અજૈન જગત ઉપર અનહદ ઉપકાર કર્યો છે. શ્રીપાલ કથા એ માત્ર કથા નથી, પરંતુ કથાનુયોગ છે. કથા અને કથાનુયોગમાં શું તફાવત?

કથા એટલે માત્ર વાર્તા સાંભળીને કર્ણાનંદ પામવો.

કથાનુયોગ એટલે?

કથાનુયોગ શબ્દમાં ત્રણ વિભાગ છે. = કથા + અનુ + યોગ.

અર્થાત્ **કથાની પાછળ મન, વચન, કાયાના યોગોને લઈ જઈ તત્વ પામવું તે કથાનુયોગનો અર્થ છે. અને તે તત્વના માધ્યમે આત્માનંદ માણવો તે કથાનુયોગનું રહસ્ય છે.** જૈન શાસનમાં કથા નહીં પણ કથાનુયોગનું મહત્વ છે. આ શ્રીપાલ કથા એ કથા નથી પણ કથાનુયોગ છે. પ્રસંગે પ્રસંગે નિતરતું તત્વ તેમાં છે. આત્માનંદ માણવાનો આ મહાન ગ્રંથ છે, પરંતુ તેને પામવા માટે સૂક્ષ્મ દૃષ્ટિ (વિચારસરણી) જોઈએ. એ દૃષ્ટિ મળે છે ગુરુગમથી કે મોહની મંદતાથી તત્વ સાંભળ્યા પછી ચિંતન કરવું, તેનાથી નિષ્કર્ષ મળે છે.

પૂ. આચાર્ય ભગવંતમાં કથા રચનાનું કૌશલ્ય ગજબનું છે. શ્રીપાલ કથાના પ્રારંભમાં શ્રીપાલને કોઢીયા રૂપે પ્રવેશ કરાવ્યો છે. રૂપ-રંગ, નામ, પરિવાર બધું જ બેઢંગુ છે. નામ ઉંબર છે, શરીરે ચેપી કોઢ રોગ છે, રાજા હોવા છતાં ગામે ગામ રખડતો છે. એકલો છે. કોઢીયાના ટોળામાં ભળવું પડ્યું છે, લોકો ધિક્ ધિક્ કરી રહ્યા છે. આ પ્રસ્તુતિકરણમાં પ્રસ્તુતકર્તા આચાર્ય ભગવંતનો રહસ્યમય

આશય છે.

સિદ્ધચક્રજીની આરાધના નિર્ધન, રોગી, એકલો અટૂલો કરે તો પણ નવપદજી ફલે જ છે. **આરાધના માટે બાહ્યસંપત્તિ નહી, પણ આંતર વૈભવની જરૂર છે,** એ રહસ્ય ઉંબરના માધ્યમે આચાર્ય ભગવંતે આપણને બતાવ્યું છે. ઉંબર રાણાનું બાહ્ય સ્વરૂપ જેટલું બેઢંગુ, ગંદુ છે, તેટલો જ અંતર વૈભવ, ગુણ સંપત્તિથી સમૃદ્ધ છે. સિદ્ધચક્રનું પરિણામ મેળવવા માટે સંપત્તિ વૈભવ નહીં પણ આરાધક ગુણો જરૂરી છે, જેનું દર્શન ઉંબર રાણામાંથી થાય છે. ઉંબરને મયણા મળ્યા પછી સિદ્ધચક્રજી (ધર્મ) મળે છે, આથી આપણો ખ્યાલ એ છે કે શ્રીપાલ કથામાં મુખ્ય પાત્ર મયણા છે. મયણાના કારણે ઉંબર શ્રીપાળ બન્યો. પરંતુ તે સ્થૂલદૃષ્ટિની વિચારણા છે. સૂક્ષ્મદૃષ્ટિ કે તત્વદૃષ્ટિથી નિદિધ્યાસન (ચિંતન) કરાય તો ઉંબર મહાન લાગે, ગુણવાન લાગે. સિદ્ધચક્રજી ફલ્યા તેમાં ઉંબરની સ્વયંની યોગ્યતા હતી તે સહેલાઇથી સમજાય. સૂર્યોદય થયા પહેલાં ઉજાસ સ્વયંભૂ થાય છે, તેમ મયણા કે ધર્મ મળ્યા પહેલાની યોગ્ય ભૂમિકા=ઉપાદાનની શુદ્ધિ ઉંબરને સ્વયંની હતી. ઉંબરમાં પ્રાથમિક ગુણોનો ભંડાર ભર્યો હતો. **મયણાને ગુણવાન આરાધક ઉંબર મળ્યો તો મયણા સફળ અને પ્રભાવક બની શકી,** માટે તો કથાનું નામ **'મયણા કથા'** નથી; પણ **'શ્રીપાલ કથા'** છે. આ કથામાં મયણા કરતાં પણ ઉંબર = શ્રીપાલ એ મહત્વનું પાત્ર છે. તેમને સિદ્ધચક્રજી ફલ્યા છે. શ્રીપાલ કથાના વાસ્તવિક રહસ્યોને સમજવા માટે એટલું તો ધ્યાનમાં રહેવું જ જોઇએ કે મયણા મળ્યા પહેલાંના શ્રીપાલમાં ગુણ સમૃદ્ધિનો આત્મવૈભવ અજબ-ગજબનો હતો. તેને ઓળખવો જરૂરી છે.

મયણા મળ્યા પહેલાનો કોઢીયો ઉંબર રાણો આપણને મૂક ઉપદેશ આપી રહ્યો છે. એકાદ ઉપદેશ, ગુણ પણ આપણા જીવનમાં વણી લઇશું તો આપણને પણ સિદ્ધચક્રજી અવશ્ય ફળશે.

## વર્તમાનકાળમાં જીવતાં શીખો

ઉંબર રાણો સાવ ખરાબ હાલતમાં છે. ગામેગામ ફરી રહ્યો છે. દરેક રાજ્યના રાજ દરબારમાં જાય છે, છતાં ક્યાંય પોતાની દયનીય સ્થિતિ જણાવી

નથી. પોતાનો પૂર્વકાળ (રાજા કે રાજકુમાર અવસ્થા) પ્રદર્શિત કરી ક્યાંય યાચના કરી નથી. ભૂતકાળની પરિસ્થિતિ કે ભાવિના સ્વપ્નો કોઇની સામે ક્યારેય કહ્યાં નથી. **ઉંબર કહે છે ભૂત-ભાવિને છોડી વર્તમાનમાં જીવતાં શીખો. ભૂતકાળને યાદ કરશો તો દુઃખી થવાશે. ભાવિના સપનામાં વર્તમાનકાળ ગુમાવશો.** વર્તમાન સ્થિતિને આનંદથી વધાવી લેવાનું ઉંબર શીખવે છે. આરાધક આત્મા વર્તમાનમાં જ જીવતો હોય છે, માટે જ સાધુ ભગવંતો 'વર્તમાન જોગ' શબ્દ વાપરે છે.

## જે સ્થિતિ આવે તે સ્વીકારી લો.

શ્રીપાળ જન્મજાત રાજબીજ છે, સૌંદર્યવાન રાજકુમાર છે. બે વર્ષની ઉંમરે રાજ્યાભિષેક થઈ ગયો છે, ચારે બાજુ ખમ્મા... ખમ્મા... થઈ રહી છે, દુઃખ કોને કહેવાય તે ખબર નથી, પુણ્ય કર્મની પ્રચુરતાના કારણે સત્તા, સંપત્તિ, વૈભવ, બધુંજ મલ્યું છે. પરંતુ કર્મે કરવટ બદલી અને.... એકજ પળમાં-રાતમાં બધુંજ છોડવું પડ્યું.

---

વર્તમાન જોગ શબ્દ સાધુભગવંતોના મોઢે રોજ સાંભળીએ જ છીએ. ગોચરીની વિનંતી કરો કે સાધુ-સાધ્વી વર્તમાન જોગ શબ્દ બોલે... વર્તમાન જોગ એટલે શું? આ શબ્દ આપણો પારિભાષિક શબ્દ છે.

ગોચરીની વિનંતી બાદ ગુરૂમુખે સંભળાતા વર્તમાન જોગ શબ્દથી કદાચ તમે એવું સમજતા હશો કે ગુરુમહારાજને ખપ હશે તો આવશે. જરૂર હશે તો પધારશે. પણ ના, આવો કોઇ અર્થ થતો નથી. તમે ગોચરી-આહાર સંબંધી વાત કરો છો જ્યારે ગુરુદેવ ગોચરીની વાત છોડી બીજી જ વાત કરી રહ્યા છે. ગોચરી માટે આવીશું-નહી આવીએ, જરૂર છે-જરૂર નથી આવી કોઇ વાત ન કરતાં માત્ર એટલું જ કહે છે વર્તમાન જોગ..

જોગ=યોગ એટલે કે મન-વચન-કાયા અર્થાત્ અમારા મન-વચન-કાયાના યોગો હંમેશા વર્તમાનમાં પ્રવર્તતા હોય છે. આટલી વાત જણાવે છે. પોતાની જીવન પદ્ધતિ વર્તમાનમાં રહેવાની છે. ભૂતકાળને વાગોળવો નહી ભવિષ્યકાળના સપના કરવા નહી. બન્ને કાળ-સમય આપણા હાથમાં નથી, વર્તમાન સમય આપણા હાથમાં છે તેને સાધી લેવું તેજ જીવનની સફળતા છે. વર્તમાન કાળ (સમય) હાથમાંથી ચાલ્યો જાય તો તે પાછો આવતો નથી. તે ઉપદેશ ગુરુદેવો આપણી વિનંતીના જવાબમાં જણાવે છે...

પોતાનાજ કાકા અજિતસેન રાજાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ ''શ્રીપાળનું રાજ્ય વિગેરે બધું જ પડાવી લઈ જાનથી મારી નાખું.'' આ જાણ થતાં નાની ઉંમરમાં જાન બચાવવા મા કમલપ્રભા શ્રીપાળ દિકરાને લઈને ભાગી. બાલ્ય અવસ્થામાં જ સત્તા ગઈ, સંપત્તિ ગઈ, વૈભવ ગયો. યુવાનીમાં શરીરે કોઢ રોગ થયો. શરીર પણ સડી ગયું. શ્રીપાલને પડોશીઓને ભળાવી મા કમલપ્રભા દવા અર્થે કૌશાંબિ ગઈ તે ન આવી. શ્રીપાલ માથી પણ વિખુટો પડ્યો. કોઢરોગથી ડરી પાડોશીઓએ તેને હડધૂત કર્યો, છેવટે સાતસો કોઢીયાના ટોળામાં ભળ્યો. છતાં જીવનમાં કોઈ નીરાશા નથી, મરી જવાનો કોઈ વિચાર નથી. શરીરમાં ભયંકર દાહ હોવા છતાં ચહેરા ઉપર કોઈ ઉદાસીનતા નથી. કોઇના પ્રત્યે નફરત, તિરસ્કાર નથી.

ઉંબર રાણાનું સ્વરૂપ કેવું બેઢંગુ છે? શરીર કદરૂપું થઈ ગયું છે, શરીરે કોઢ રોગ છે, રસી સતત ઝર્યા કરે છે, આખા શરીરે માખી બણબણ કર્યા કરે છે, રસ્તા પરથી પસાર થાય ત્યારે લોકો પૂછે છે, ''કોણ છે? ભૂત, પ્રેત કે પિશાચ.'' તેને માણસ રૂપે સ્વીકારવા પણ કોઈ તૈયાર નથી. તેના સ્વરૂપને જોઈ ઢોર પણ ડરી જાય છે.

''ઢોર ધસે કુતરા ભસે ધિક્ ધિક્ કરે પુરલોક'' એ વર્ણન પ્રસિદ્ધ છે.... છતાં તે ઉંબર જ્યાં જ્યાં જાય છે ત્યાં પ્રસન્ન વદન છે, અંતરમાં અદમ્ય ઉત્સાહ છે, દુઃખદર્દની રેખા નથી, જે સ્થિતિ આવી પડી છે તે સહજતાથી સ્વીકારી લીધી છે. કોઈ પ્રતિકાર કર્યો નથી, ક્યાંય ઉદાસ થયા નથી. મયણા મલ્યા પહેલાંની આ ઉંબરની ભૂમિકા છે.

આપણા જીવનમાં કદાચ કર્મોદય પલટાય અને થોડું ઘણું મલ્યું છે તે બધુંજ ચાલ્યું જાય, પરિવારથી વિખૂટા પડી જઈએ, શરીર કાંઈ કામ ન કરી શકે તો આપણી હાલત શું થાય? શુભ કર્મના ઉદયમાં જેટલો આનંદ છે તેટલો જ આનંદ અશુભ કર્મના ઉદયમાં ખરો કે નહી? ઉંબરને હજુ મયણા મલી નથી, ધર્મ મલ્યો નથી, સિદ્ધચક્રજી મલ્યા નથી છતાં જન્મજાત સહજ સમજણ મલી છે.

**પુણ્ય-પાપના ઉદય કરતાં આત્માની ભૂમિકા મહત્વની છે.** સૂર્યોદય

પહેલાં જેમ ઉજાસ થાય છે. તેમ ભાવધર્મ મળ્યા પહેલાં ગુણનો ઉજાસ થાય છે, ઉગાડ થાય છે. ઉંબર-શ્રીપાલને હજુ ધર્મ મલ્યો નથી મિથ્યાત્વ છે પણ મંદ છે, મંદ મિથ્યાત્વની ભૂમિકા પણ આરાધક ભાવને ખેંચી લાવનારા ગુણો સહજ પ્રગટ થાય છે. આ વાત ઉંબરના માધ્યમે સમજવાની છે.

ઉંબર આપણને કહે છે....''જે સ્થિતિ આવે છે તે સ્વીકારી લો..., નાસીપાસ ન થાવ, દરેક પરિસ્થિતિ કર્મને આધિન છે તે કર્મ આપણે જ કર્યા છે, સ્વીકારવામાં મજા છે, નિર્જરા છે, પ્રતિકાર ન કરો. પ્રતિકારમાં સજા છે. આશ્રવ– કર્મનો બંધ જ છે. માટે સામેથી આવતી પરિસ્થિતિને સમભાવે, આનંદથી સ્વીકારી લો... વધાવી લો આ આરાધક ભાવની ભૂમિકા છે.

## વર્તમાન યોગ્યતા કરતાં વધારે અપેક્ષા રાખવી નહીં.

ઉંબર રાણો મૂળ તો રાજકુમાર છે, રાજ્યાભિષેક થઇ ગયો છે, છતાં પોતાના સગા કાકાના કારણે વિકટ સ્થિતિમાં મૂકાયો છે. રાજ્ય–પરિવાર–ધન–વૈભવ–સંપત્તિ–સત્તા બધું જ ગુમાવ્યું છે, તંદુરસ્તી પણ ગુમાવી છે. સાતસો કોઢીયાના ટોળામાં ભળવું પડ્યું છે. સાતસો કોઢીયાએ તેને નાયક બનાવી ઉંબર રાણો નામ રાખ્યું છે. ઉંમર થઇ ગઇ છે. ગામે ગામ કન્યાની શોધમાં ફરી રહ્યા છે. મૂંગી–લૂલી–રોગી–હીનકુલની દાસ, કન્યાની યાચના કરી રહ્યા છે.

ઉંબર રાણાને ખબર છે હું પોતે રાજબીજ છું, રાજા છું, ભાવિમાં રાજા બનવાના અરમાનો પણ અંતરમાં પડ્યા છે, છતાં ઉંબરે ક્યાંય રાજકુમારી માંગી નથી, જેવી તેવી જ કન્યા માંગી છે. ઉંબર માને છે– હાલની મારી પરિસ્થિતિ જ એવી છે **વર્તમાન કાળની યોગ્યતા કરતાં વધારે અપેક્ષા રાખીશ તો દુઃખી જ થવાનો છું.** ઇચ્છા કરવી પણ, પોતાની યોગ્યતા કરતાં વધારે ઇચ્છા નહીં કરવી, આ સમજણ જ આરાધકની યોગ્યતા છે. ઉંબર કહે છે, શ્રીપાળ બનવું છે? તો યોગ્ય ભૂમિકાથી આગળ વધી ઇચ્છા કરવી નહીં.

## યોગ્યતા કરતાં વધારે મળી જાય તો સ્વીકાર કરવો નહી.

ઉંબર અને સાતસો કોઢીયાઓનું ટોળું ફરતાં ફરતાં ઉજ્જૈન આવી પહોંચ્યું. રસ્તામાં પ્રજાપાલ રાજા મળ્યા. તેમની સામે એ જ યથોચિત માંગણી મૂકી ''મુંગી-બહેરી-બોબડી-અપંગ-રોગી કે હીનકુલની કન્યા આપો'' પ્રજાપાલ રાજાએ રાજદરબારમાં બોલાવી સોળ શણગાર સજેલી નવયૌવના અપ્સરા જેવી રાજકન્યા મયણાને સોંપવાની વાત કરી.

ઉંબરને તો પથરો લેવા જતાં રત્ન મળી ગયું. ગામે ગામ દૈવ રૂઠ્યુ હતું, અહીં તો દૈવ જાણે ચારે ખાંભે વરસ્યું. સો-બસો રૂપિયા કમાવવાની ગણત્રી હોય અને કરોડો રૂપિયા મળી જાય તો હરખ-આનંદ કેટલો થાય? આ આપણો સ્વભાવ છે, પરંતુ ઉંબર ના પાડે છે. જેવી પ્રજાપાલ રાજાએ મયણાની વાત મૂકી કે, તરત જ ઉંબરે કહ્યું 'ન શોભે કાક કંઠે મુક્તાફળ તણી માળા'. ઉંબર મયણાને સ્વીકારવાની ના પાડે છે. ભલે લાભ ગમે તેટલો મોટો હોય, પરંતુ મારી યોગ્યતા નથી. પચાવવાની તાકાત ન હોય તો અજીર્ણ કરે, એ વાત ઉંબર સમજતો હતો. રાજકન્યા મયણા સિવાય જેવી તેવી કન્યાની પુનઃ માંગણી કરે છે. યોગ્યતા કરતાં વધારે મળી જાય તો સ્વીકાર કરવો નહીં એ ઉંબર રાણો આ પ્રસંગે કરી રહ્યો છે.

## યોગ્યતા કરતાં વધુ નહીં સ્વીકારવા છતાં આવી પડે તો ખુશ ન થવું - આનંદ નહીં.

ઉંબર રાણાએ પ્રજાપાલ રાજાને મયણા સ્વીકારવાની ના પાડી, અનુચિત થઇ રહ્યું છે તેમ કહેવા છતાં પિતા=પ્રજાપાલ રાજાના એક માત્ર વચનથી મયણાએ સડસડાટ દોડી ઉંબરનો હાથ પકડી લીધો. ઉંબરે હાથ પાછો ખેંચ્યો, પણ મયણાની દઢતા સામે કાંઇ વળ્યું નહીં. છેવટે ઉંબરે મયણાને ખચ્ચર ઉપર બેસાડી ઉજ્જૈનના રાજમાર્ગો પરથી પસાર થઇ રહ્યો છે. મયણાનું ભાવિ અંધકારમય છે. રાજવી ભોગવિલાસના સ્વપ્નોના ભૂક્કા નીકળી ગયા છે. દુઃખનીય સ્થિતિ હોવા છતાં કર્મના સિદ્ધાંત અને પિતૃવચન પાલન કર્યાનો પૂર્ણ

સંતોષ-આનંદ છે. તેનાથી ઉલટું ઉંબરને ઘણા સમયે ઘણી મહેનત પછી કન્યાની અપેક્ષા પૂર્ણ થઇ છે. તે પણ દેવકુમારી જેવી સૌંદર્યશાળી અને લાલિત્યપૂર્ણ કન્યા મળી છે. અપેક્ષા કરતાં કેટલાય ઘણો લાભ થયો છે. આ અવસરે આનંદ-અતિ પ્રસન્નતા હોવી જોઇએ. છતાં ઉંબરનો ચહેરો ગમગીન છે, ઉદાસ છે, ખિન્ન છે. ઉંબરના અંતરમાં એ વળી સ્થિર છે કે **પચાવવાની શક્તિ કરતાં વધારે ખવાઇ જાય તો કોણ સુખી થાય?** ઉંબર વિચારે છે કે ''મારી કઢંગી સ્થિતિમાં આ બધુ અયોગ્ય બની રહ્યું છે. ભલે ધારણા કરતાં દેખીતો મોટો લાભ છે, પણ ઉચિત નથી. ખુશ થવા જેવું નથી. ઉદાસ ચહેરે નગરીના રાજમાર્ગો પસાર કરી નગર બહાર પોતાના સ્થાને આવે છે. **યોગ્યતા કરતાં વધુ આવી પડે તો આરાધક આત્મા ક્યારેય ખુશ ન હોય આ સંદેશ ઉંબર આપી રહ્યો છે.**

## બીજાના નુકશાનથી થતો ફાયદો ક્યારેય ઈચ્છનીય નથી.

ઉંબરને હજુ ધર્મ મળ્યો નથી. ધર્મ મળ્યા પહેલાંની ભૂમિકા કેવી હોય છે તે ઉંબર (શ્રીપાળ)ના જીવનમાંથી મળી શકે છે. આપણી સ્થિતિ છે લાભ થયો અને આનંદ, પૌદ્ગલિક લાભોમાં જ આનંદ મનાય છે. ઉંબરની ભૂમિકા જુદી જ છે. પૌદ્ગલિક લાભની અપેક્ષાએ જ પોતે ફરી રહ્યો છે. પોતાની ધારણા કરતાં વધારે મળી જાય છે, છતાં આનંદ નથી રાજમાર્ગો ઉપરથી ઉદાસ-મ્લાન મુખે નગરની બહાર પોતાના ઉતારા પર આવે છે. સાંજ પડી જાય છે. પોતાના ડેરા-તંબુમાં ઉંબર અને મયણા બે જ છે.

ઉંબરનું ચિત્ત ચક્રાવે ચડ્યું છે. મનોમંથન ચાલી રહ્યું છે. જે પણ ઘટના બની છે તે બિલકુલ અનુચિત લાગે છે. ભલે મયણા સ્વયં આવી હોય, રહેવામાં ખુશી પણ હોય, છતાં ઉચિત નથી એવું ઉંબરના અંતરમાં ડંખી રહ્યું છે. ''પોતાના ચેપી રોગથી મયણાનું રૂપ-લાવણ્ય-સૌંદર્ય ખતમ થઇ જશે. તેની જિંદગી બેહુદી બની જશે.'' **બીજાના નુકશાનથી પોતાને લાભ? આ વાત ઉંબરનું હૈયુ સ્વીકાર નથી કરતું.** ઘણા સમયનું મૌન તોડી ઉંબર મયણાને કહે છે, ''દૈવી! હજુ કાંઇ બગડ્યુ નથી. તમો અહીંથી ચાલ્યા જાવ એ જ શ્રેયસ્કર છે. મારો રોગ

તમારું જીવન-દેહ-આરોગ્ય બધું જ હણી લેશે. માટે અહીંથી ચાલ્યા જાઓ અને ઉચિત સ્થાન શોધી લો.'' અહીં ઉંબરની મનોદશાનો વિચાર કરવાનો છે. કેટલી મહેનતે કન્યા મળી છે, પાછી મોકલ્યા પછી બીજી કન્યા પોતાને મળશે કે કેમ? તે પ્રશ્ન તો ઊભો જ છે. ગામેગામથી નકારો જ મળ્યો છે. ''આ તો મારી ના ઉપર સામેથી આવી વળગી પડી છે તો ભલે તેનું નસીબ'' એવો વિચાર ઉંબરને નથી આવતો. અંતરમાં માત્ર પરહિત ચિંતા જ રમી રહી છે. ''બીજાના નુકશાનના ભોગે પોતાને લાભ'' એ વાત ઉંબર બિલકુલ સ્વીકારવા તૈયાર નથી. **પોતાનો અઢળક લાભ જતો કરીને પણ બીજાને થતું નુકશાન અટકાવવા તૈયાર છે. મંદ મિથ્યાત્વની આ ભૂમિકા છે. ધર્મ પામ્યા પહેલાં જ હૈયું કૂણું થઇ જાય તે આત્મવિકાસની ભૂમિકા છે.**

ઉંબર મયણાને જવાનું કહે છે, ભાવિ ઉજવાળવાનું કહે છે, પણ મયણા આ વાત સાંભળી ધ્રુસકે ને ધ્રુસકે રડે છે. ક્યાંય નહીં રડેલી મયણા રડી-રડીને ના પાડે છે. પિતાની આજ્ઞાનુસાર ''એકવાર જે પતિ તરીકે સ્વીકાર્યા તે જ મારે જીવનપર્યંત જ રહેશે.'' મયણા મક્કમ હોવા છતાં ઉંબર વારંવાર એક યા બીજી રીતે પોતાની વાત મયણાને સમજાવવા પ્રયત્ન કરે છે. છતાં મયણા પોતાની વાત છોડવા તૈયાર નથી. કોઢીયા પતિને આજીવન સ્વીકારવા તૈયાર થઇ છે. આખી રાત ઉંબરે વ્યથિત ચિત્તે પસાર કરી. અરસ પરસની વાતમાં પ્રભાત થઇ ગયું. સૂર્યદેવને જાણે ખ્યાલ આવી ગયો કે આ બંને જ નહીં; પણ સજ્જન છે, માનવ નહીં પણ મહામાનવ છે. **પોતાનો મોટો લાભ જતો કરી પરચિંતા મગ્ન આ મહા પુરુષ છે. અને જીવનની કુરબાની આપનાર શીલવતી નારી છે.**

ઉંબર અહીં આખી રાત માત્ર મયણાને નહીં આપણને પણ સમજાવે છે, કે **બીજાના નુકશાનના ભોગે કયારેય લાભ-ફાયદો ઉઠાવતા નહીં, ચોક્કસ નજીકના ભવિષ્યમાં તમને સાચો ધર્મ મળશે.**

## ગંભીર બનો, ધીર બનો

ઉંબરના અંતરમાં સહજપણે રમતા ગુણોનો વિચાર કરી રહ્યા છીએ. ઉંબર ધર્મી નથી, ધર્મ શું છે તે ખબર નથી, છતાં આંતરીક પરિણતિની શુદ્ધિ સહજ

ભાવે છે. ફળદ્રુપ જમીનમાં બીજ પડે તો ફૂલે-ફાલે જ. તેમ આંતરશુદ્ધિવાળા જીવને ધર્મ મળે તો તે ફળે જ. ઉંબરને ભલે ધર્મ ન્હોતો મળ્યો, પણ ભૂમિકા શુદ્ધિ જોરદાર હતી. (આપણને ધર્મ મળ્યો છે, પણ પરિણતિ શુદ્ધ નથી. કોણ મહાન આપણે કે કોઢીયો ઉંબર? તે જાતે જ નક્કી કરવાનું છે.)

રાત આખીયે વાર્તાલાપ ચાલ્યો. મયણાને થતું નુકશાન ઉંબરને મંજૂર નહોતું. મયણા ઉંબરને છોડીને જવા તૈયાર ન હતી. એમાંને એમાં રાત પૂરી થઇ, પણ ત્યાંથી જ શરૂ થાય છે ઉંબર અને મયણાનું જીવન. **ધર્મ મળ્યા પહેલાં જ ગંભીરતાનો ગુણ આવે છે. ઉત્શૃંખલ વૃત્તિ જાય છે.** ઉંબરની ગંભીરતા કેવી ગજબની છે? હવે મયણા જવાની જ નથી તે નિર્ણય થઇ ગયો છે, છતાં ઉંબર પોતાની વાસ્તવિકતા ભરી આપ બડાઇ કહેતો નથી. ''મયણા! ભલે અત્યારે હું રોગી છું, બાકી હું રાજપુત્ર છું, તું કોઇ હાલી-મવાલી જોડે નથી આવી.'' એટલી વાત જો ઉંબરે મયણાને કરી હોત તો મયણાને કેટલી શાંતિ થાત? છતાં ઉંબર એ બાબતમાં મૌન છે. ઉંબર સમજે છે, એવી વાતો કરીને માત્ર આપ બડાઇ-સ્વપ્રશંસા જ કરવાની છે. ઉંબર-શ્રીપાળના જીવનમાં કોઇપણ સ્થાને પોતે પોતાની જાતને ખોલી નથી. માત્ર પોતાનો પરિચય આપ્યો હોત તો ઘણે સ્થાને સમાધાનો કે સરળતા થઇ જાત. કોઢીયો હતો ત્યારે, સ્વયંવરમંડપમાં, કે ડુંબનું કલંક ચડઢયું હોય કયાંય શ્રીપાલે પોતાની જાત પોતે ખોલી નથી. બધાય પ્રસંગ કરતાં મહત્વનો પ્રસંગ આ છે. મયણા પોતાનું સમગ્ર જીવન હોમવા તૈયાર થઇ છે, સમર્પિત થઇ છે. છતાં પોતાનો પરિચય નથી આપ્યો. વર્તમાનકાળમાં જે સ્થિતિ છે તેનાથી ક્યાંય આઘા પાછા થયા નથી, બોલ્યા નથી. આ ઉચ્ચ કોટીની ગંભીરતા છે. તે સમયે મયણાએ પણ પુછયું નથી કે તમે કોણ છો? રોગમટયા પછી પણ મયણાએ કયારેય તે અંગે પૂચ્છા કરી નથી. ગુણમાં ગુણ ભળી જાય છે મયણાની આ ધીરતા છે ધીરતાની પરાકાષ્ઠા છે આ ધર્મી નું લક્ષણ છે. ધર્મી બનવા માટેનો આ મહત્વનો ગુણ છે. ઉંબર આપણને કહે છે **ગંભીર બનો. સાચું જ હોવા છતાં બધું જ બોલી ન દેવાય.** ધર્મ આવ્યા

પહેલાં જ સહજ ગંભીરતા અંતરમાં પ્રગટે છે.

## સતીની વાતમાં તર્ક નહીં, દલીલ નહીં.

પ્રભાત થતાં મયણાએ ઉંબરને આદિદેવને જુહારવાની વાત કરી. ઉંબર તૈયાર થઇ ગયા. તેની સાથે ચાલ્યા! કોઇ તર્ક નહીં, કોઇ દલીલ નહીં, બીજી કોઇ વાત નહીં. આખી રાત મયણાના રૂપ લાવણ્યની ચિંતા કરનાર ઉંબરે મયણાના પરિચિત રાજવૈદ્ય પાસે જઇ ઉપચારની વાત પણ ન કરી. મયણાની સુરક્ષા માટે પણ ઉંબરે રોગનો ઉપચાર કરવો હવે જરૂરી હતો, મયણા પાસે સુવર્ણ રત્નના દાગીના છે, રાજ વૈદ્યરાજનો પરિચય પણ છે, છતાં ઉંબર કાંઇ જ બોલતા નથી. મયણાની સાથે જિનાલયે જાય છે. એક સ્ત્રી જાતિની વાત મૌનપણે સ્વીકારી લે છે.

આખી રાતના વાર્તાલાપ દ્વારા ઉંબરે **આ નવરાજકન્યામાં દેહદર્શન નહીં, પણ દેવીદર્શન કર્યા છે.** સતીત્વના દર્શન કર્યા છે. વાસ્તવિક દષ્ટિએ આખી રાતનો વાર્તાલાપ ગૌણ છે. **તે વાર્તાલાપના માધ્યમે એકબીજાના આત્મદળની ઓળખાણ થઇ છે. ઉંબરે મયણામાં સતીત્વના દર્શન કર્યા,** મયણાને દેવી સ્વરૂપ માની છે. આ બાજુ **મયણાએ કોઢીયા ઉંબરમાં સત્વના દર્શન કર્યા છે,** પોતાના ઘણા લાભના ભોગે પણ બીજાનું હિત જોનાર આ સત્વશાળી પુરુષ છે. મહાન પુરુષ છે. **પ્રથમ રાત્રીએ બંનેએ એકબીજાના દેહદર્શન નહીં પણ આત્મદર્શન કર્યા છે.**

ઉંબર એ ઉંબર છે. ભલે કોઢીયો હોય તે કશું જ નથી કરતો. ગુણ સમૃદ્ધ તેનું આત્મદળ છે તે જ આવી પ્રવૃત્તિ કરાવે છે. તેની પ્રત્યેક પ્રવૃત્તિ, પ્રત્યેક વિચારધારા કે તેના દરેક નિર્ણય પાછળ કાંઇ ને કાંઇ રહસ્ય છુપાયેલું છે. મયણાના જિનાલય ગમનના કથનથી ઉંબર તૈયાર થઇ જાય છે. વૈદ્યરાજના ત્યાં જવાની કે અન્ય બીજા કોઇ તર્ક-દલીલ વાત ઉંબર કરતો નથી. તે વ્યવહારિક દષ્ટીએ થોડું અનુચિત લાગે પણ ઉંબર કહે છે સતીત્વની પરીક્ષા થઇ ગઇ પછી કોઇ તર્ક નહી. એકમાત્ર સતીત્વના કારણે ઉંબર પડ્યો બોલ ઝીલનાર હોવા છતાં પત્ની ઘેલો બન્યો નથી. સંપૂર્ણ સજાગ છે. શ્રીપાળ જ્યારે પરદેશ કમાવવા

નીકળે છે, મયણા સાથે જવાનો પ્રસ્તાવ મૂકે છે. મયણા તૈયાર થઇ જાય છે, પણ શ્રીપાળ સજાગ છે. સ્ત્રીને સતી માનીને સ્ત્રી ઘેલો તો નથી જ બની ગયો! પરદેશગમન સમયે શ્રીપાલ મયણાને સ્પષ્ટ ના પાડે છે. શ્રીપાળ કેવા વ્યવહાર દક્ષ હતા. 'મા' એકલી છે, ઉંમર થઇ છે. સેવા માટે મયણાને મૂકીને જાય છે. અહીં ઉંબર આપણને કહે છે, **સતીત્વ ત્યાં સદ્ભાવ, કોઇ તર્ક-દલીલ નહીં, પરંતુ સ્ત્રી ઘેલા પણ ન જ બનવું.**

**શ્રદ્ધા છે ત્યાં સર્વસ્વ સમર્પણ ત્યાં ચમત્કાર.**

મયણાના કહેવાથી ઉંબર પ્રભુના દર્શન કરવા જાય છે. ઉંબરે જીવનમાં પ્રથમવાર જ પ્રભુના દર્શન કર્યા છે. અરિહંત પ્રભુ કેવા છે? તેમના ગુણો કેવા? તેમની સ્તુતિ કઇ? આવું કાંઇ જ ઉંબરને ખબર નથી, છતાં ચમત્કાર સર્જાય છે. પ્રભુના કંઠમાં રહેલી માળા, હાથમાં રહેલું બીજોરું ઉછળી ઉંબર પાસે આવે છે.

ઉપલક દૃષ્ટિએ લાગે છે, મયણાની શ્રદ્ધા, અગ્નિપરીક્ષા ફળી, પરંતુ થોડાક ઊંડાણમાં જાઓ. વસ્તુ ઉંબર પાસે કેમ આવી? સુમધુર કંઠે ભાવવાહી સ્તુતિઓથી સ્તવના કરતી મયણા કરતાં પ્રભુ પ્રત્યેનો સદ્ભાવ-સમર્પણભાવ ઉંબરનો વિશેષ હતો. મયણાએ શાસ્ત્ર અભ્યાસ કર્યો છે, મયણાને પ્રભુના સ્વરૂપની ખબર છે, સ્તવના કરે, ઉંબરને કાંઇ જ ખબર નથી. પ્રથમવાર પ્રભુને જોયા છે તો ભાવ ક્યાંથી આવ્યો? પ્રભુ કોણ છે, અનંત ગુણમાંથી એકાદ ગુણ પણ કેવો છે? ઉંબર કશું જ જાણતો નથી, છતાં મયણાના માધ્યમે પ્રભુને ઓળખી તન્મય એકાકાર બની ગયો છે. મયણા સતી સ્ત્રી છે, દૈવી શક્તિ છે. મહાન નારી છે. આનાથી વિશેષ શક્તિ જગતમાં કોઇ હોઇ શકે નહીં. નિશાચર્ચા બાદ આ ઉંબરના અંતરની આસ્થા બની છે, અને **સતી સ્ત્રી ગમે ત્યાં ઝુકે નહીં, માથુ નમાવે નહીં, છતાં આ આવી સતી સ્ત્રી જેને નમતી હોય, ઝૂકતી હોય તે ચોક્કસ દિવ્ય તત્વ હોવું જોઇએ.** ઓઘ સંજ્ઞાથી પ્રભુ પ્રત્યે દિવ્યતા દેખાય છે. અહોભાવ થયો છે કે ''અહો! આ શું છે સતી દેવી-સ્ત્રી પણ આને નમે છે.'' બસ, આ જ ઓઘ સંજ્ઞાના અહોભાવે ઉંબરને આત્મ સમર્પણ કરાવ્યું છે. માત્ર હાથ જોડી ઊભો રહ્યો છે. સ્તુતિ માટે શબ્દોના કોઇ સાથીયા નથી. માત્ર અહોભાવ છે.

આત્મભાવનું સમર્પણ છે. મયણા સ્તુતિઓની સરગમ વહેવડાવે છે. ઉંબર તો માત્ર બે હાથ જોડી મૂક ભાવે ઊભો છે. શરીર ઊભું છે, આત્મા પ્રભુમય છે.

જગતનો નિયમ છે, જ્યાં અહોભાવ ત્યાં જગત ભૂલાય. ઉંબર જગતને ભૂલીને જગત્પતિમાં એકાકાર બન્યો છે. જીવનમાં પ્રભુના પ્રથમ વાર જ દર્શન કર્યા અને પ્રભુમય બની ગયા. તાદાત્મ્ય ભાવે ભગવાનના દર્શન કરી રહ્યા છે. **ભક્તિયોગનો નિયમ છે, ભક્ત ભગવાનમય બને છે તો ભગવાનને ભક્તમાં અવતરવું પડે જ છે. ભક્ત સામે ભગવાનની આ લાચારી છે,** માટે જ અપેક્ષાએ ઠેર ઠેર ભગવાન કરતાં ભક્તની તાકાત વધારે જણાવી છે, પણ ભક્ત બનવું કઠીન છે. ટીલા ટપકાં કરીને ભક્તનો દેખાવ કરવો જેટલો સહેલો છે, તેટલું જ વાસ્તવિક ભક્ત બનવાનું કઠીન છે. ભક્ત બનવા માટે સર્વસ્વ સમર્પણ ભાવ જોઇએ, ''મારું કાંઇ જ નથી અને હું પ્રભુનો છું.'' આ સર્વસ્વ સમર્પણ ભાવની ભૂમિકા ઉંબરમાં આવે છે, તો સામે વળતો જવાબ પણ એટલો સચોટ મળે છે. પ્રભુ કંઠેથી પુષ્પમાળા અને પ્રભુના હાથમાં રહેલું બીજોરું બન્ને મંગલના પ્રતિકો ઉંબરની સામે આવે છે.

હા, એક વાત સમજવાની છે. ઉંબરનું સમર્પણ સ્વાર્થ માટે નથી. મારું શુભ થશે, મંગલ થશે, રોગ જશે એવી કોઇ ભાવનાથી તદાકાર બન્યો નથી. નિઃસ્વાર્થભાવનું સમર્પણ છે. **''દિવ્ય શક્તિ છે, બસ ઝૂકી જાઓ.''** આ ઉંબર આપણને કહી રહ્યો છે.

ઉંબરને ભયંકર પાપોદય ચાલી રહ્યો છે. માટે જ રાજ્ય-પરિવાર-સંપત્તિ-વૈભવ-સત્તા-દેહ-નામ બધું જ ચાલ્યું ગયું છે. આરોગ્ય પણ નથી. આવા પાપોદય વચ્ચે ઉંબરનું ઉપાદાન (યોગ્યતા) યથાવત્ ટકી રહ્યું છે. **ઉંબર રોગોથી ખદબદી રહ્યો છે, પરંતુ ઉપાદાન દષ્ટિએ ગુણોનો ભંડાર છે.** આત્માની યોગ્યતા જ કેટલી સુંદર પરિણત થયેલી છે. આ **ઉપાદાનની શુદ્ધિ પુણ્યથી નહિ, પણ કર્મની લઘુતા-મંદતાથી આવે છે. ''ધર્મની પ્રાપ્તિ માટે પુણ્યોદય કરતાં આત્માની શુદ્ધિ વધુ આવશ્યક છે.''** એ શાસ્ત્રકારોની વાત ઉંબરના જીવનમાંથી આપણને સમજાય છે. પુણ્યોદય એ ધર્મના સંજોગો આપી શકે પણ, તે સંજોગોની

સફળતા આત્મશુદ્ધિથી જ શકય છે.

### પ્રભુ દર્શન પ્રણિધાન પૂર્વક કરો...

મયણા અને ઉંબર ભગવાનની સામે હાથ જોડી ઉભા રહ્યા છે. મારું શું થશે તેની ચિંતા મયણા લેશમાત્ર નથી કરતી, શાસનની નિંદા થાય છે તેનું દુઃખ હૃદયમાં ભારોભાર છે, દુખાતા દિલે મયણા એકાગ્ર બની પ્રભુની ભાવવાહી સ્તુતિ બોલી રહી છે. ઉંબર પ્રભુમય બની ગયા છે. તે સમયે પ્રભુના કંઠેથી માળા અને હથેળીમાંથી બીજોરું ઉછળે છે...

સ્તુતિ કરી રહેલી મયણાને ઉછળતા હાર અને બીજોરું દેખાય છે. ઉંબર પ્રભુમાં રત થઇ ગયા છે. પ્રભુ સિવાય કાંઇ જ નથી દેખાતું. આ પ્રણિધાનની ભૂમિકા છે. ઉંબરને પ્રભુનો પરિચય નથી છતાં પ્રણિધાન લાગી ગયું છે. **પ્રભુદર્શનની મસ્તીમાં બીજા વ્યવધાન તેને બાધક બનતા નથી.** કઇ ભૂમિકા હશે આ પ્રભુ દર્શનની-પ્રભુમય બનવાની? મયણા જ્યારે કહે છે ''સ્વામીનાથ! ઝીલી લો... આ પ્રભુ કૃપા'' ''આ બીજોરું-માળા ઉછળ્યા છે. શુકન છે. ઝીલી લો'' ત્યાં ઉંબરનું ધ્યાન તે તરફ જાય છે. અને શીઘ્રતાએ તે બન્ને હાથ દ્વારા પોતાના તરફ આવતા શુભ સંકેતને સ્વીકારી લે છે...

કેવી છે ભક્તની પ્રણિધાન પૂર્વકની ભક્તિ...?

કેવી છે ભગવાનની ભક્ત પ્રત્યેની કરુણા...?

ઉંબર રાણો આપણને પ્રભુ દર્શન કેવી રીતે કરવું તે શીખવી રહ્યા છે. **પ્રભુદર્શન કરવું જ હોય તો પ્રભુમય બનવું પડે. જગતપતિના દર્શન માટે જગતને ભૂલવું પડે...** ઉંબર કહે છે કે સમજ પડે કે ન પડે પરંતુ **નિઃસ્વાર્થભાવે સર્વસ્વ સમર્પણ સાથે પ્રણિધાન પૂર્વક પ્રભુદર્શન કરો.** જીવનમાં એક નવો ઉજાસ થશે, જીવન પ્રકાશમય બનશે. આ સંદેશ ઉંબર રાણા આપણને આપી રહ્યા છે.

### દર્શન થી પાપનાશ

મયણા અને ઉંબર પ્રભુના દર્શન કરે છે. ઉંબરતો જીવનમાં પ્રથમવાર જ

પ્રભુના દર્શન કરે છે. ઉંબર અને મયણા બન્ને ને પાપકર્મનો ઉદય ચાલી રહ્યો છે તેઓએ આવેલી સ્થિતિને પ્રસન્નવદને સ્વીકારી લીધી છે. આવી સ્થિતિમાં પણ ઉંબર મયણાના વચનથી દર્શન કરવા જાય છે. **પ્રભુદર્શન નો સૌથી પહેલો પ્રભાવ આપણા પાપનો નાશ કરવાનો છે.** આ બાલ ગોપાલ પ્રસદ્ધિ ''દર્શનં દેવ દેવસ્ય''સ્તુતિમાં મોક્ષની વાત છેલ્લી છે. પુણ્યની વાત પણ પછી છે, પાપનાશની વાત સર્વપ્રથમ છે. પૂર્વભવોમાં આપણી મન-વચન-કાયાની ખરાબ -અશુભ પ્રવૃત્તિઓથી જે પાપો બાંધ્યા છે, અશુભ સંસ્કારો લઇને આવ્યા છીએ તે દુર કરવાની તાકાત પ્રભુના દર્શનમાં છે. ''દર્શનં દેવ દેવસ્ય '' શ્લોકમાં

પ્રતિમાના દર્શન નહિં દેવાધિદેવ - પ્રભુના દર્શન કરવાથી પાપનો નાશ થાય છે તે વાત સ્પષ્ટ બતાવી છે. પ્રતિમા નિમિત્ત છે, પ્રભુ સુધી પહોંચવાનું માધ્યમ છે. ઉંબરને પ્રતિમામાં દિવ્યતત્વના દર્શન થાય છે. પ્રભુતત્વના દર્શન થાય છે, તેથી એકાકાર બની જાય છે. પોતાનું કે જગતનું ભાન ભૂલી જાય છે, પરમતત્વના દર્શનમાં લીન થઇ ગયા છે. આપણે પણ પ્રભુના દર્શન કરીએ છીએ કુલપરંપરાથી દર્શન કરવાના સંસ્કાર છે તેમાં સમજણ ભળી જાય તો આપણી પ્રવૃતિ બદલાઇ જાય. હાજરાહજુર પરમાત્મા-દિવ્યતત્વ બેઠેલું છે એ ભાવ આવે તો તુંહી તુંહી નો ભાવ પ્રગટ થાય અહીં ઉંબર આપણને કહી રહ્યા છે કે... ''પ્રભુના એકજ વારના દર્શન પાપનો નાશ કરી શકે છે. પ્રતિમામાં પ્રભુના દર્શન કરો.''

## ઉપાદાન (યોગ્યતા) શુદ્ધ કરો, ઉત્થાન થશે જ.

દેરાસરે દર્શન કરી મયણા સાથે ઉંબર ગુરુદેવ પાસે જાય છે. મયણાની સાથે સાથે ઉંબર પણ યંત્રવત્ ગુરુદેવને વંદન કરે છે. ઉંબરને ધર્મક્રિયાની કોઇ ગતાગમ નથી. મયણા કહે તેમ કરે છે, છતાં ગુરુદેવની નજર ઉંબર તરફ જાય છે. મયણાને તો ઔપચારિક પૂછે છે કે આ નરરત્ન કોણ છે? પરંતુ ગુરુદેવે પોતાના આત્મજ્ઞાનથી ઉંબરના આત્માને ઓળખી લીધો છે. **આત્માના સોદાગરો શુદ્ધ ઉપાદાન વાળા આત્માને કેમ ન ઓળખે?** ઉંબર તો મૌન છે, જાણે સાધક ન હોય? મયણાએ સઘળી વાત કરી. શાસનની થતી હીલનાની ચિંતા મયણાએ

રજૂ કરી, પરંતુ ગુરુદેવ શું કરે? સમય ન પાક્યો હોય, યોગ્ય ઉપાદાનવાળી વ્યક્તિ ન હોય તો? સૂરિદેવને મયણાની સ્થિતિ અને તેની ગંભીર વાત કરતાં વિશેષ નજર તો ઉંબરની યોગ્યતા ઉપર જાય છે. મુનિસુંદરસૂરિ મ. સામુદ્રિક શાસ્ત્રના પારગામી છે, ભાવિ ભાવોના જ્ઞાતા છે, માટે તો મયણાના બોલ્યા પહેલાં ગુરુદેવે ઉંબરને 'નરરત્ન' કહી સંબોધ્યા છે. ગામે ગામ અને દેશ-દેશ ફરનાર ઉંબરને કોઈ ઓળખી ન શક્યું આજે એકાદ વ્યક્તિએ તો ઓળખી લીધા. **રત્ન, ઝવેરીના હાથમાં જાય તો જ કિંમત અંકાય છે, બાકી તો કોણ કીંમત આંકી શકે, રત્નને ઝવેરી ન મળે ત્યાં સુધી રત્ન કાંઈ પોતાનો પ્રકાશ છુપાવતું નથી, ચમક તો એવી જ હોય છે.** ઉંબરને ગુરુદેવ ન મળ્યા ત્યાં સુધી ગમે ત્યાં રખડતા રહ્યા પણ ગુણપ્રકાશ ક્યાંય છુપાયો નથી. ઝળહળતો જ રહ્યો. ઉંબર કહે છે, **આત્મ ગુણોને ઝળહળતા રાખો, ઉપાદાન શુદ્ધ કરો. ક્યાંક ઝવેરી મળી જશે, ધીરજ રાખો.** પૂ.આ.શ્રી મુનિ સુંદરસુરિ મ.ને યોગ્ય સમય અને ઉપાદાનની શુદ્ધતા આ નરરત્નમાં દેખાય છે તેથી સિદ્ધચક્રનું અનુષ્ઠાન નિર્દેશ કરે છે.

## જે પણ ધર્મક્રિયા કરવી છે તે યોગ્ય રીતે શીખો

પૂ.આ. શ્રી મુનિસુંદરસૂરિ મ. એ પૂર્વમાંથી ઉદ્‌ધૃત કરી ઉંબર-મયણાને સિદ્ધચક્રનું વિધાન આપ્યું. આ.સુ.૭ થી વિધાન-આરાધના ચાલુ કરવાની છે. હજુ આ દિવસની વાર છે. મયણાને વિધિ-વિધાનનો ઊંડાણથી અભ્યાસ છે. ઉંબર વિધિ વિધાનથી બિલકુલ અજાણ છે. ઉંબર એવું નથી વિચારતો કે પૂજા વિધાનના સમયે મયણા કહેશે તેમ કરી લઈશું. **જે પણ ધર્મક્રિયા-આરાધના-પૂજા-પૂજન કરવાનું છે તે પૂ. ગુરુદેવ પાસે સમજવા મહેનત કરે છે. થિયરી ગુરુ મ. પાસે શીખી, પ્રેક્ટિકલ મયણા પાસે શીખે છે. ક્રિયાત્મક ધર્મ ઉપર હથોટી મેળવે છે, તત્વને ભાવાત્મક બનાવે છે. તત્વ-રહસ્યનો ખ્યાલ ન હોય તો આરાધનામાં મજા કેમ આવે?** ઉંબર રાણો મયણા પાસે પણ શીખે છે. નથી નાનપ, નથી શરમ, માત્ર છે ધગશ! જે કાંઈ પણ અનુષ્ઠાન કરવું છે તેની સમજ હોવી જોઈએ. હા, ઉંબર એવું પણ નથી વિચારતો કે, વિધિ કરતાં જઈશું અને

સમજતા જઇશું. જો એમ કરવામાં આવે તો અનુષ્ઠાન ક્રમના અનુબંધો તૂટતા જાય. વિધિનો ક્રમ ડહોળાઇ જાય અને તે દુષિત વિધિના કારણે અધ્યવસાયોની શુદ્ધિ જોઇએ તેવી ન થાય. આવી સમજણ ઉંબરને કોઇએ આપી નથી, સ્વયંભૂ તેની ચેતના-આત્મદળ જ યથોચિત પ્રવૃત્તિ કરાવી રહ્યું છે. ઉંબર અહીં આપણને કહી રહ્યો છે, જે **પણ અનુષ્ઠાન ક્રિયા કરવાની છે તેનો સમય થયા પહેલાં સમજી લો તો અનુષ્ઠાન અને પૂજ્ય તત્વ પ્રત્યે અહોભાવ-આદર થાય. ચાલુ વિધિમાં સમજવાની પ્રવૃત્તિ તો વિધિનો અનાદર છે. વિધિની આશાતના છે તે વિધાન ક્યાંથી ફળે?**

## સિદ્ધચક્રજી ક્યારે ફળે?

ઉંબરે મયણાની સાથે રહી આસો સુદ ૭ થી સિદ્ધચક્રની આરાધના શરૂ કરી. આરાધનામાં અદમ્ય ઉત્સાહ છે. પહેલો દિવસ છે, પહેલ વહેલું જ આયંબિલનું પચ્ચક્ખાણ કર્યું છે. પરમાત્માની સ્નાત્રપૂજા કરી સિદ્ધચક્રજીનો અભિષેક કર્યો. શાંતિકળશ કર્યો, પછી તે સ્નાત્રજલ ઉંબરે પોતાના શરીરે લગાવ્યું અને આશ્ચર્ય! અંતરમાં અગમ્ય પ્રસન્નતા પેદા થઇ. વર્ષોથી પરેશાન કરતો કોઢ રોગ અને તેના નિમિત્તે સમગ્ર શરીરમાં થતી દાહ-બળતરા શાંત નહીં, પણ પ્રશાંત થઇ ગઇ. ક્ષણમાત્રમાં આ બધું બની ગયું. શાંતિની અનુભૂતિ ઉંબરને થાય છે. દાહ-ઉષ્ણતા-બળતરા-જલન-વેદના આ બધી ત્રાસજનક પરિસ્થિતિઓ પ્રભુપૂજાથી ક્યાંય પલાયન થઇ ગઇ. ઉંબરને કાંઇ સમજાતુ નથી. હા, બાહ્ય સ્વરૂપ તો યથાવત્ છે, હતો તેવો જ કોઢિયો છે, તો પણ ''ચિત્ત પ્રસન્ન રે પૂજા ફલ કહ્યું.'' ''મનઃ પ્રસન્નતામેતિ'' એ પંક્તિઓની સાર્થકતા અનુભવે છે. આ પોતાની અનુભૂતિ છે. મયણાને તો ઉંબર કહે છે ત્યારે ખ્યાલ આવે છે. **પ્રથમ દિવસે જ સિદ્ધચક્રજી ફળ્યા. તેમાં કાળ કે ચોથા આરાનો પ્રભાવ નથી. પ્રભાવ તો ભક્ત અને ભગવાનના સંબંધનો છે. અંતરની ભક્તિનો છે.** આજે પણ સિદ્ધચક્રજીની ફળશ્રુતિ અનેક પુણ્યાત્મા અનુભવે છે. આરો ચોથો કે પાંચમો ગમે તે હોય, સત્યુગ કે કળયુગ ગમે તે યુગ હોય, સિદ્ધચક્રજી તો એક જ છે, સિદ્ધચક્રનો પ્રભાવ એક જ છે માટે જ ઉંબર કહે છે,

**''અંતરની શ્રદ્ધા, અદમ્ય ઉત્સાહ, સર્વસ્વભોગે ભક્તિ, ઉપાદાન શુદ્ધિ=અંતરની શુદ્ધિ, વિધિ મર્યાદાનું પાલન, અહોભાવ. આ બધા તત્વો હોય તો સિદ્ધચક્રજી અવશ્ય ફળવાના.''** ઉંબર પોતાની આ અનુભૂતિ જણાવે છે.

* નોંધ : આજે ચાલુ પૂજનોમાં ક્રિયાકારકો દ્વારા વર્ણનાત્મક સમજૂતી (લેક્ચરબાજી) શરૂ થઇ છે તે બિલકુલ શાસ્ત્ર મર્યાદા રહિત છે. પૂજનના આગળના દિવસે કે રાત્રે આ સમજૂતીનો કાર્યક્રમ ગોઠવાય તો હજુ ઉચિત છે. બાકી તો ચાલુ પૂજનમાં ભાષણ આપવાથી (૧) વિધિ મર્યાદાનો ભંગ થાય છે. મંત્રાક્ષરો ક્રમસર ગોઠવાયેલા છે તેમાં વિલંબ થાય. (૨) દીક્ષા વગેરેના પ્રસંગમાં ભગવાન સમક્ષ આચાર્ય ભગવંત પણ ઉપદેશ આપતા નથી તો એક સામાન્ય ક્રિયાકારકને ભગવાન સામે લેક્ચરનો અધિકાર કોને આપ્યો? ભગવાનની આમન્યા તૂટી રહી છે. (૩) લેક્ચર સારું આપે તે ક્રિયાકારક સારો, પછી ભલે મંત્રો અશુદ્ધ હોય, વિધિમાં ગોટાળો હોય (કારણ કે તે બાબતમાં સહુ અજાણ છે) તે નહીં વિચારવાનું. શુદ્ધ-સાત્ત્વિક અને ઉચ્ચાર શુદ્ધિવાળા ક્રિયાકારકોની કિંમત ઘટતી જાય છે. આ બાબતમાં આરાધકો જાગૃત થશે તો... વિધિશુદ્ધિ, ઉચ્ચારશુદ્ધિ અને મર્યાદાશુદ્ધિનું પુનઃ જાગરણ થશે. વિધાનોની અનુભૂતિનો પ્રારંભ થશે.

## પરથી નહીં સ્વથી ઓળખાવ

શ્રી સિદ્ધચક્રના પ્રભાવથી ઉંબરનો કોઢ રોગ શમી ગયો. ઔષધ અર્થે ગયેલી મા કમલપ્રભા પાછી આવી ગઇ. મયણાની માતા રૂપસુંદરી જિનાલયમાં મળ્યા. પોતાના મકાનમાં-સ્થાને લઇ ગઇ. કમલપ્રભાએ પોતાના દિકરાનો પરિચય આપ્યો. રૂપસુંદરી ખુશખુશ થઇ ગઇ. પ્રજાપાલ રાજાને સમાચાર મોકલ્યા. પ્રજાપાલ રાજાએ શ્રીપાલ-મયણાનું રાજમહેલમાં સ્વાગત કર્યું.

એક દી' સમી સાંજે શ્રીપાલ ઘોડા પર ફરી રહ્યો છે, આનંદથી સમય પસાર કરી રહ્યો છે. દેવકુમાર જેવો સ્વરૂપવાન નવયુવાન જોઇ કોઇ પ્રજાજને પોતાના સાથીદારને પૂછ્યું 'આ કોણ છે?' અને સાથીદારે જવાબ આપ્યો, 'આપણા રાજાના જમાઇ છે.' ધીમા અવાજના પણ આ શબ્દો શ્રીપાલના કાને પડ્યા. આ શબ્દોથી શ્રીપાલ ચોંકી ઉઠ્યો. શું હું સસરાના નામથી-બીજાના માધ્યમે ઓળખાઉં છું? મારી સ્વતંત્ર ઓળખ નહીં? હું મારા પોતાના ભાવોથી કેમ ન ઓળખાઉં? મારી પોતાની ઓળખ શું? વિચારે ચડ્યા... ઉંડા ઉતરી ગયા... મારે મારા પોતાના સ્વરૂપની ઓળખ ઉભી કરવી, દૃઢ નિશ્ચય કરી લીધો... ઘરે ગયા... ચેન નથી પડતું... મા દીકરાને ઉદાસ જોઇ ચિંતા કરે છે.

બેટા! શું થયું? કોઇ વઢ્યું...? કોઇએ અપમાન કર્યું? કાંઇ ઓછુ આવ્યું? કોઇ બીમારી છે? માતાએ વાત્સલ્ય ભાવે પ્રશ્નોની ઝડી વરસાવી. શ્રીપાલે એ જ ઉદાસીન મુખે કહ્યું, કાંઇ નહીં. ઘણું પૂછતાં શ્રીપાલે કહ્યું... હું રાજપુત્ર, રાજા, છતાં મારા નામથી, ગુણથી નહીં બીજાના=સસરાના નામથી ઓળખાઉં છું, તે મને આજે ખબર પડી. 'આ રાજાનો જમાઇ છે' એ શબ્દોએ મને હલાવી દીધો છે. તેની ઉદાસીનતા છે. હવે મારા પોતાના નામથી-સ્વરૂપથી ઓળખાઇશ. મારું રાજ્ય મેળવી સ્વ સામ્રાજ્યનો સ્વામી છું, તે રીતે ઓળખાઇશ ત્યારે શાંતિ થશે.

શ્રીપાલે પહેલી જ વાર પર=સસરાના નામથી ઓળખ સાંભળી અને જાગી ગયા. પોતાનું રાજ્ય મેળવવાનો દૃઢ સંકલ્પ કરી લીધો. શ્રીપાલ આપણને સંદેશ આપી રહ્યા છે, **પરથી નહીં સ્વથી ઓળખાવો. આત્મસામ્રાજ્ય કર્મે પડાવી લીધું છે. આપણે દેહના નામથી ઓળખાઇ રહ્યા છીએ.** જ્યાં સુધી આત્મ સામ્રાજ્ય=સ્વ સામ્રાજ્ય મેળવવાનો દૃઢ સંકલ્પ નહીં કરીએ ત્યાં સુધી કર્મસત્તા સ્વસામ્રાજ્ય યાદ પણ નહીં આવવા દે.

શ્રીપાલ કહે છે જાગી જાઓ. દૃઢ સંકલ્પ કરવાનું સૂચિત કરે છે.

## માનો આદરભાવ રાખો, સેવા કરો.

શ્રીપાલને રાજ્ય મેળવવું છે. તે માટે સૈન્ય જોઇએ. સૈન્ય માટે સંપત્તિ જોઇએ... બાહુબળથી સંપત્તિ મેળવવા શ્રીપાલ પરદેશગમનની તૈયારી કરે છે.... મયણા પણ સાથે સહચારી બનવા થનગની રહી છે. શ્રીપાલ મયણાના પ્રત્યેક વચનનો આદર શરૂઆતથી જ કરે છે. પ્રથમ પરોઢિયે પ્રભુ દર્શનના પ્રસંગથી માંડી આજ સુધી ક્યારેય સતીનું વચન ઉત્થાપ્યું નથી. છતાં આજે મયણાને સાથે લઇ જવાની ના પાડે છે. ''માની સેવા કરવા અહીં જ રહી જા''... એ વાત શ્રીપાલ કરે છે. માને એકલી મૂકવા શ્રીપાલ તૈયાર નથી, મન માનતું નથી. મારી બાલ્ય અવસ્થામાં મને બચાવવા માટે-રાજ્ય છોડી-ભારે કષ્ટો સહન કરી મને મોટો કર્યો, તે માને એકલી કેમ મૂકી દેવાય? **મા પ્રત્યે અહોભાવ છે. અંતરમાં બહુમાન છે. માનો અનન્ય ઉપકાર સતત નજર સામે તરવરે છે.** માટે

જ મયણાને સાથે ન લઈ જતાં... માની સેવા કરવાની વાત કરે છે... મયણાને સાથે લઇ જવાથી તે પ્રતિબંધક બનશે તે પ્રશ્ન મુખ્ય હોત તો... બબ્બરકુલથી મદનસેનાને અને રત્નદ્વીપથી મદનમંજૂષાને શા માટે સાથે લઇ જાત? સિદ્ધચક્રના પ્રભાવથી પ્રતિબંધકતાનો પ્રશ્ન શ્રીપાલને નથી. માની સેવા ભક્તિ શ્રીપાલના અંતરમાં વસેલી છે. આરાધક આત્માનો મા પ્રત્યે બહુમાન-આદરભાવ કેવો હોવો જોઇએ તે શ્રીપાલ આ પ્રસંગ દ્વારા કહી રહ્યા છે.

## બીજાની મહેનતનું લેવાય નહીં

મયણાને માની સેવામાં મૂકી એકાકી બની હાથમાં તલવાર લઇ શ્રીપાલ કમાવવા માટે પરદેશ જવા નીકળે છે. પ્રથમ રાત્રિએ ગિરીકંદરામાં સાધક મળે છે. તે ચંપકવૃક્ષ નીચે સાધના કરી રહ્યો છે. ઘણા સમયથી વિદ્યા સિદ્ધ થતી નથી. શ્રીપાલના સિદ્ધચક્ર ધ્યાનના પ્રભાવે ક્ષણમાત્રમાં સાધના સિદ્ધ થઇ ગઇ. તે બંને ગિરિનિતંબ ભાગે ગયા ત્યાં તેના ગુરૂ ધાતુવાદી છે, રસ સિદ્ધિ કરી રહ્યા છે. પણ કોઇ સફળતા મળતી નથી.

શ્રીપાલની દ્રષ્ટિના પ્રભાવથી તુરંત જ રસસિદ્ધિ થઇ ગઇ. સાધક બધું જ સુવર્ણ ઉપકારી તરીકે આપવા સામેથી તૈયાર થયા છે. આ રસસિદ્ધિ મળી ગઇ એટલે શ્રીપાલ તેના દ્વારા જેટલી સંપત્તિ જોઇએ તેટલી મેળવી શકે અને પોતાનું રાજ્ય પણ મળી શકે... શ્રીપાલ જે કાર્ય માટે ઘરેથી એકાકી બની નીકળ્યો હતો, તે કાર્ય પ્રથમ રાત્રિએ જ પૂર્ણ થઇ જાય છે. લક્ષ્મી સામે ચડી ચાંલ્લો કરવા આવી છે છતાં શ્રીપાલ ના પાડે છે. સાધકો આગ્રહપૂર્વક રસ સિદ્ધ આપવા તૈયાર છે છતાં શ્રીપાલ લેવા માટે તૈયાર નથી. આમ કેમ? શ્રીપાલ કહે છે, **જેની મહેનતનું છે તેનું જ ગણાય, બીજાની મહેનતનું લેવાય નહીં...!**

શ્રીપાલ મયણાને જતી કરવા તૈયાર થયેલો... અહીં સુવર્ણ પણ સ્વીકારવા તૈયાર નથી... કદાચ તમોએ કોઇનું કાર્ય કર્યું હોય, તેના પ્રત્યેની અપેક્ષાઓ કેટલી..? શ્રીપાલ નિસ્પૃહી છે, પરગજુ છે... સુવર્ણરસ દ્વારા બનેલું તમામ સોનું જવા દીધું... નિર્મોહીભાવ અહીં પ્રગટ થાય છે. **આરાધક પુણ્યાત્મા નિર્મોહી હોય, બીજાની મહેનતનું હોય તેમાં અપેક્ષા રાખે નહીં...!**

## કઇ શક્તિ વધે/ચડે? દેવની કે મનુષ્યની?

દૈવી શક્તિએ ધવલના જહાજો અટકાવ્યા છે. શિકોતરી દેવી બત્રીશ લક્ષણોવાળા નરની બલિ માંગે છે. દૈવી તાકાત છે, તેને હટાવવાનો બીજો કોઇ ઉપાય નથી. શ્રીપાલ મુખ્ય જહાજના સ્થંભ ઉપર ચડી સિદ્ધચક્રનું ધ્યાન ધરી એક હાકોટો પાડે છે અને શીકોતરી દેવીની શક્તિ ક્યાંય... પલાયન થઇ ગઇ..! દેવની શક્તિ વધારે કે મનુષ્યની? સામાન્ય જગતમાં કહેવાય છે કે દેવ-દેવીની તાકાત વધારે, પરંતુ **મનુષ્ય નિર્મલ હોય સાત્વિક હોય તે ધ્યાનમાં બેઠો હોય ત્યારે દેવ-દેવી કરતાં પણ મનુષ્યની શક્તિ વધી જાય છે.** દેવ-દેવીની શક્તિ આવા સમયે વામણી લાગે છે. વ્યક્તિમાં સત્વ હોય તો ક્યાંય પાછો ન પડે...! **સાત્ત્વિક માણસની સામે દૈવીશક્તિ અતિહીન છે...** આથી જ તો સત્ત્વશાળીની સામે દેવો હાથ જોડી ઉભા રહે છે. **સત્ત્વ કેળવો, સાધનામાં સ્થિર બનો. તો તુચ્છ દેવો ક્યાંય ભાગી જશે. અને સાત્ત્વિક દેવો સામેથી આવી કાર્ય કરશે.** શ્રીપાલ સિદ્ધચક્રજીનું ધ્યાન ધરે અને અધિષ્ઠાયક દેવો સામેથી આવી ઉભા રહે... તેમનું કાર્ય પતાવી દે છે. સત્ત્વ અને સાધના હોય ત્યાં દેવો ખેંચાઇને સેવા કરવા આવે છે. **દેવની ભવપ્રત્યયિક શક્તિ વિશિષ્ટ હોવા છતાં માનવની વિકસિત ગુણપ્રત્યયિક શક્તિ સામે દેવો ઝાંખા પડે છે.**

સત્ત્વશાળી અને સંયમી આત્માઓના દર્શન-વંદન માટે દેવો આવે છે. શ્રીપાલ કહે છે સત્ત્વ કેળવો ઇષ્ટ, દિવ્યતત્વને સમર્પિત બનો તો દેવો પણ સદાય હાજર હોય છે.

## બીજાનું ભલે મળી ગયું હોય તો પણ લેવું નહીં.

શ્રીપાલ રાજા બનવાના અરમાન લઇને કમાવા નીકળ્યો છે. સાધકો રસસિદ્ધિ આપતા હતા. છતાં તેણે ન લીધી. ભૃગુકચ્છમાં ધવલ શેઠ સાથે પરદેશ પ્રવાસે જોડાયા છે... જહાજો બબ્બર કુલ પહોંચ્યા. ધવલ કર (ટેક્ષ) નથી આપતો તેથી ત્યાંના મહાકાલ રાજાએ યુદ્ધ કરી ધવલને પકડીને ઝાડ ઉપર ઉંધા માથે લટકાવ્યો છે. ધવલની બધી જ સંપત્તિ કબ્જે કરી રાજા જઇ રહ્યા છે. ધવલે.. પોતાની અડધી સંપત્તિ શ્રીપાલને આપવાની વાત કરીને છોડાવવા માટે વિનંતી

કરી...

શ્રીપાલ મહાકાલ રાજાની પાછળ જઇ પડકાર કરે છે. મહાકાલ રાજા અને શ્રીપાલનું યુદ્ધ થાય છે. એક બાજુ એકલો શ્રીપાલ છે, બીજી બાજુ મહાકાલ રાજા અને સૈન્ય છે. છતાં થોડી ક્ષણોમાં મહાકાલ રાજાનો પરાજય અને શ્રીપાલનો વિજય થાય છે. મહાકાલ રાજાને જીતી લીધા, બાંધીને દરીયા કિનારે ધવલની સામે લાવે છે. ધવલના જહાજો છોડાવી મહાકાલ રાજાને તેનું રાજ્ય પાછું આપે છે.

શ્રીપાલને રાજા બનવાના કોડ છે. રાજનીતિ પ્રમાણે શ્રીપાલ રાજા બની શકે છે. મહાકાલ રાજાનું રાજ્ય જીતી લીધું પોતાનો રાજ્યાભિષેક કરવો હોય તો રાજનીતિ પ્રમાણે કરી શકે છે. પોતાના બાહુબળથી મહાકાલ રાજાને હરાવ્યા છે. છતાં પોતાનો રાજ્યાભિષેક કરવાના બદલે મહાકાલ રાજાને રાજ્ય પાછું આપે છે. પોતાના કોડ-અરમાન પૂરા કરવા હોય તો થઇ શકે છે... છતાં શ્રીપાલને વિચાર પણ નથી આવતો કે હું રાજા બની જાઉં.

અહીં શ્રીપાલ એ સંદેશ આપે છે કે **બીજાની સંપત્તિ સત્તા પોતાની કરવામાં આરાધક આત્મા ક્યારેય રાજી નથી હોતો...** શ્રીપાલને બીજાનું રાજ્ય લઇ લેવામાં આનંદ નથી. સ્વસામ્રાજ્ય મેળવવાની ખેવના છે.

કદાચ મહાકાલ રાજાને કહ્યું હોત કે ''તમારું સૈન્ય લઇ સ્વસામ્રાજ્ય મેળવવા અજિતસેન કાકા સાથે યુદ્ધ કરીએ તો મહાકાલ રાજા પોતે જ યુદ્ધમાં જોડાત. મહાકાલ રાજા શ્રીપાલને ઉપકારી માને છે છતાં બીજાની સહાયથી નહીં, મારા પોતાના સામર્થ્યથી સ્વસામ્રાજ્ય મેળવવું છે... તે સંકલ્પ હતો.

મહાકાલ રાજા પોતાની દિકરી મદનસેનાના લગ્નની વાત કરે છે. શ્રીપાલ કહે છે... ''કુલ વગેરે જાણ્યા સિવાય દિકરી ન દેવાય''... મહાકાલના શબ્દો છે... ''આચાર જ કુલ જણાવે છે.'' શ્રીપાલ અહીં રાજકન્યા સાથે લગ્નની વાતમાં પણ પ્રથમ અસ્વીકાર કરે છે. રાજા-આનંદના આવેગમાં આવી અજ્ઞાત વ્યક્તિ સાથે પોતાની દિકરીના લગ્ન તો નથી કરાવતો ને? તે તપાસી લે છે. અહી એક પ્રશ્ન થાય તેવો છે કે શ્રીપાલને રાજા પ્રજાપાલ સસરાના સૈન્યથી સ્વ-

રાજ્ય જીતવા તૈયારી નથી. મહાકાલ રાજાનું રાજ્ય મળી ગયું છતાં સ્વીકારવા તૈયાર નથી તો કોંકણ પ્રદેશના ઠાણા નગરીના વસુપાલ રાજાએ પોતાનું રાજ્ય સોંપી રાજ્યાભિષેક કરવાની વાત મૂકી તે વાત શ્રીપાલે કેમ સ્વીકારી? કેમ કે વસુપાલ રાજાની રાજપુત્રી મદનમંજરી સાથે તેના લગ્ન થયેલા છે. તો સસરાનું રાજ્ય કેમ સ્વીકાર્યું?

ઉત્તર : શ્રીપાલે શ્વસુર પક્ષના કારણે રાજ્ય સ્વીકાર્યું નથી. શ્રીપાલની માતા કમલપ્રભા અને વસુપાલ રાજા બન્ને ભાઇ બહેન છે. તેથી વસુપાલ રાજા અને શ્રીપાલને મામા-ભાણેજનો સંબંધ છે. ધવલે ડુંબનું કલંક ચઢાવ્યું. શ્રીપાલને પકડવા જતાં યુદ્ધ થયું તેમાં શ્રીપાલનું શૂરાતન જોઇ વસુપાલ રાજા પરિચય પૂછે છે ત્યારે શ્રીપાલના કહેવાથી વસુપાલ રાજાએ જહાજમાંથી બે સ્ત્રીઓને બોલાવી પોતાના જમાઇનો પરિચય મેળવ્યો. રત્નદ્વિપમાં મદનસેના અને મદનમંજૂષા એ ચારણ મુનિના પવિત્ર મુખે શ્રીપાલનો પરિચય જાણ્યો હતો. તે વસુપાલ રાજાને કહે છે ત્યારે વસુપાલ રાજાને ખબર પડે છે કે... આ તો મારા બહેનનો પુત્ર જ છે અને તેથી આનંદિત થાય છે.

વસુપાલ રાજાને પુત્ર નથી. રાજ્ય સોપવું કોને? તે પ્રશ્ન છે. તેથી પોતાના સક્ષમ ભાણેજનો રાજ્યાભિષેક કરી શ્રીપાલને રાજા બનાવે છે.

શ્રીપાલ અહીં વ્યવહારિક વાત જણાવે છે કે... **સમર્થ વ્યક્તિ સસરાનું કાંઇ ન લે... બીજાનું પણ ન લે. પરંતુ મામા જે આપે તે બધું જ લઇ શકાય છે. ભાણેજને મામાનું મલે તેટલું ઓછું છે.** આ વ્યવહારિક વાતને મહત્વ આપી મામા વસુપાલ રાજાનું રાજ્ય સ્વીકાર્યું છે.

## પુણ્ય ઉપર પૂરો વિશ્વાસ

ધવલ અને શ્રીપાલના જહાજો રત્નદ્વિપ પહોંચ્યા છે ત્યાં સાગરતટે ધમધોકાર વેપાર ચાલી રહ્યો છે. શ્રીપાલને સમાચાર મળે છે કે નગરમાં જિનાલય છે. તેના દરવાજા બંધ થઇ ગયા છે વિગેરે.

શ્રીપાલ નગરમાં જિનાલયે દર્શન કરવા તથા કૌતુક જોવા તૈયાર થાય છે. ધવલ જવાની ના પાડે છે. શ્રીપાલ પોતાનો વ્યાપાર ધવલને સોંપે છે. ''માલ

વેચશો અને નવો ખરીદી લેજો'' એમ કહીને રવાના થાય છે.

શ્રીપાલને ખબર છે કે ધવલના હૃદયમાં મારી ઉપર ઈર્ષાનો કીડો સળવળ્યો છે. ધવલ તરફથી મળેલ જહાજો (અર્ધો ભાગ), મહાકાલ રાજાની રાજપુત્રી સાથેના લગ્ન, મહાકાલ રાજા તરફથી કન્યાદાનમાં મળેલ મોટા જહાજ, આમાંથી ધવલને કાંઇ જ ગમ્યું નથી... ''મારા કરતાં ચડી ગયો... તેનું લઇ લેવું'' તેવા વિચારો છે. શ્રીપાલની હાજરીમાં ''ગ્રાહકોને ખેંચી ખેંચીને લઇ જાય છે તો વ્યાપારમાં કેવા ગોટાળા કરશે? શ્રીપાલે પોતાનો વેપાર ધવલને સોંપ્યો તેમાં વાસ્તવમાં ધવલ અંતરથી હરખાયો છે. ''તેનો માલ સસ્તા ભાવે વેચેલો બતાવીશ અને નવો માલ મોંઘો ખરીધ્યો એમ જણાવીશ.'' બન્ને બાજુથી ગાળીયા (કમાણી) મને થશે. આમ વિચારી રહ્યો છે. છતાં શ્રીપાલ ધવલ પ્રત્યે કોઇ શંકા આશંકા મનમાં રાખતો નથી. અવિશ્વાસ ઉભો થયો નથી.

એક કલ્પના કરો કે તમારી દુકાનની બાજુની દુકાનમાં પણ તમે જે માલ વેચો છો તે જ પ્રકારની દુકાન છે. તમારી દુકાને આવતા ગ્રાહકોને પકડી પકડી તે વેપારી પોતાના ત્યાં લઇ જાય છે, ભાવ તોડી આકર્ષે છે, તમે ઊંચા ન આવો તેવો વિચાર સતત કરે છે. આવી સ્થિતિમાં તમારે ૨/૩ દિવસ બહારગામ જવાનું થયું તો દુકાનની ચાવી પાડોશીને આપી વેપારમાં ધ્યાન રાખવાનું કહો કે નહીં?

શ્રીપાલને કર્મની થિયરી, પુણ્ય પાપના ખેલ સમજાઇ ગયા છે. શ્રીપાલને પુણ્ય ઉપર પૂર્ણ ભરોસો છે. **પુણ્યમાં હશે તો કોઇ લઇ જવાનું નથી અને પુણ્યમાં નહીં હોય તો... લાખ પ્રયત્ન છતાં કાંઇ ટકવાનું નથી. જેના ભાગ્યનું છે તેને મળવાનું છે જ. મારા ભાગ્યમાં હશે તેટલું મળશે. કોઇ વ્યક્તિ પ્રત્યે શંકા-અવિશ્વાસ કરવાથી શું? આપણા પુણ્યમાં નહિ હોય અગર આગળના ભવોની લેણાદેણી બાકી હોય તો જ સામેની વ્યક્તિને લઇ લેવાના / દબાવી દેવાના વિચારો આવે.** શ્રીપાલ સમજે છે કે પૂર્વે એક દિ' સત્તા સંપત્તિ બધું જ હતું. પુણ્ય પરવાર્યુ તો બધું ચાલ્યુ ગયું. **પુનઃ પુણ્યના પ્રભાવથી મળ્યું છે. જ્યાં સુધી પુણ્ય છે, ત્યાં સુધી ટકશે. શંકા-કુશંકા કે આર્તધ્યાન કરવાથી શું મતલબ?** શ્રીપાલ કહે છે **''પુણ્ય પર ભરોસો રાખો, પુણ્ય જ બળવાન છે, બીજા ઉપર અવિશ્વાસ કે શંકા ન કરો.''**

## ભાગ્ય અજમાવવા સહુને આગળ કરો...

રત્નસંચયા નગરીમાં જિનમંદિરના દ્વાર બંધ થઇ ગયા છે. રાજકુમારીને યોગ્ય પુણ્યશાળી વ્યક્તિની દૃષ્ટિથી જિનમંદિરના દ્વાર ખૂલશે તેવી દેવવાણી થઇ છે. શ્રીપાલ રસાળા સાથે આ કૌતુક જોવા જાય છે. જિનાલયની નજીક પહોંચતાં શ્રીપાલ સહુને કહે છે, દરેક વ્યક્તિ પોતાનું ભાગ્ય અજમાવો. વારાફરથી દરેક વ્યક્તિને જિનાલયની સન્મુખ મોકલે છે. આમ તો નગરના પ્રત્યેક વ્યક્તિ પોતાનું ભાગ્ય અજમાવી ગયા છે. બધાને નિષ્ફળતા મળી છે. છતાં શ્રીપાલ પોતાની સાથે આવેલા પ્રત્યેક વ્યક્તિને ભાગ્યોદય માટે સૂચિત કરે છે. કોઇની દૃષ્ટિથી દ્વાર ખુલતા નથી, છેવટે શ્રીપાલની દૃષ્ટિથી જ ખૂલે છે અને સ્વર્ણકેતુ રાજા પોતાની રાજપુત્રી મદનમંજુષાના લગ્ન શ્રીપાલ જોડે કરાવે છે.

અહીં ભાગ્ય અજમાવવાની વાત છે. શ્રીપાલના મનમાં ઉદાત્ત ભાવના છે. દરેક વ્યક્તિ પોતાના ભાગ્યની પરીક્ષા કરી લે. કોઇના મનમાં એમ ન થાય કે હું રહી ગયો; ક્યાંય સ્વાર્થ, ભાવના કે બસ બધું હું જ લઇ લઉંની ભાવના શ્રીપાલના અંતરમાં નથી જેના ભાગ્યમાં હશે તેને મળશે એવું શ્રીપાલ માને છે.

જેનું પણ ભાગ્ય પ્રગટે તેમાં શ્રીપાલને આનંદ છે. **નથી ઈર્ષ્યા, નથી સ્વાર્થ, નથી લઇ લઉંની ભાવના કે નથી હું રહી જઇશ તેની વ્યગ્રતા... આરાધક આત્મા કેવો હોય તેનું દર્શન શ્રીપાલની પ્રત્યેક પ્રવૃત્તિ પ્રસંગમાં થઇ રહ્યું છે.** શ્રીપાલ કહે છે સહુને આગળ કરો, બધા તમને આગળ કરશે...

જરા વિચારી લો. બજારમાં મોટો વેપારી બહારથી આવ્યો હોય, માત્ર એક જ સોદો કરીને તુરંત નીકળી જવાનો છે અને જેને પણ સોદો થઇ ગયો તેણે જબરજસ્ત મોટો ફાયદો થાય તેવું સ્પષ્ટ જણાય છે તો... તમે શું કરો? પહેલાં બધાને જઇ આવવા દો પછી આપણે જઇશું કે પહેલાં હું જાઉં પછી બધા? આપણી અને શ્રીપાલની મનોદશાને તુલનાત્મક ભાવથી વિચારજો આપણી મનોસ્થિતિ કેવી હોય? તે આપણે સમજીએ છીએ.

## વૈભવ-સંપત્તિમાં રમો નહીં

શ્રીપાલની વધતી જતી સંપત્તિ બે બે રાજપુત્રીઓ સાથે લગ્ન કરીયાવરમાં મળેલી અઢળક સંપત્તિ જોઈને ધવલને શ્રીપાલ પ્રત્યે અત્યંત ઈર્ષ્યા આવે છે. સાવ કંગાળ-ખાલી હાથે આવનાર મારા કરતાં ચઢી ગયો, હું રહી ગયો. આ વિચાર ધવલને કોરી ખાય છે. શ્રીપાલનું બધું જ સંપત્તિ-જહાજો, પત્નિઓ હું લઇ લઉં, " મારી ઈજ્જત રહી જાય અને બધું મારું થઇ જાય'' તેવા વિચારોમાં રમે છે. **માનવ પ્રકૃતિ કેવી છે? પાપ કરવું છે પણ છુપી રીતે. ઈજ્જત ના જવી જોઈએ.** સજ્જન મિત્રોની સલાહ ગમતી નથી. દુર્જન મિત્ર ખાનગીમાં રસ્તો બતાવે છે, ''દરિયામાં પડી ગયો તેવું કાવતરું કરો''... તે પ્રમાણે ધવલે યોજના બનાવી... યોજના પ્રમાણે શ્રીપાલને દરીયામાં ફેંક્યો. શ્રીપાલને નીચે દરિયો=મૃત્યુ દેખાય છે. હાય રે! ઓ બાપ રે!! બચાવો બચાવો! શું થશે મારી પત્નિઓનું, શું થશે મારી સંપત્તિનું? આવો કોઇ વિચાર શ્રીપાલને નથી આવતો પરંતુ મોઢામાંથી શબ્દો સરી પડે છે. ''નમો અરિહંતાણં'' નવપદ-સિદ્ધચક્રજી કેવા ઓતપ્રોત થયા હશે..? લોહીના બુંદે બુંદે અને આત્માના પ્રદેશે પ્રદેશે કેવા વ્યાપી ગયા હશે ? આજની ભાષામાં કહીએ તો... સુષુપ્ત મન સુધી પ્રભુસ્મરણના સંસ્કાર કેવા જામ થયા હશે. શ્રીપાલને ધર્મ-પ્રભુ મલ્યે હજુ ૬ થી ૭ મહીના થયા છે. છતાં શ્રીપાલ અરિહંતમાં કેવા ઓતપ્રોત થઇ ગયા છે? બધું જ નષ્ટ થઇ રહ્યું છે, છતાં ક્યાંય મન નથી, આપણને જન્મ થતાં જ પ્રભુ મળ્યા છે. પરંતુ પ્રભુ હૈયામાં આવ્યા છે કે નહીં? ખરા સમયે પ્રભુ યાદ આવે કે નહીં ? આપણું મન ક્યાં જામેલું છે? પૈસામાં કે પ્રભુમાં, વિભુમાં કે વૈભવમાં તે આવા આપત્તિ કાળે જ ખ્યાલ આવે છે. જે સંપતિ, વૈભવ, મુકીને જ જવાના છીએ. યમરાજ સામે આવશે ત્યારે કોઇ બચાવી નહી શકે. મારાપણાની મમતા નિશ્ચયે દુગર્તિમાં લઇ જાય છે. સિદ્ધચક્રના પ્રભાવથી આ વાત શ્રીપાલને સમજાઇ ગઇ છે, માટે તો આવી સ્થિતિમાં પણ મન અરિહંત સિદ્ધચક્રમાં જામેલું છે, અહીં શ્રીપાલ કહે છે, **જે રહેવાનું નથી જ તે ભલે રાખીએ પણ તેમાં મન ન રાખવું આ પણ એક સાધના છે, યોગ છે. ગૃહસ્થ**

**અવસ્થામાં રહી તેનાથી અલિપ્ત રહેવાની વાત શ્રીપાલ આપણને સમજાવી રહ્યા છે.**

## દુશ્મનપ્રતિ પણ મૈત્રી....

ભૃગુકચ્છ (ભરૂચ)માં શ્રીપાલે ધવલના જહાજો દૈવી પારામાંથી છોડાવ્યા શ્રીપાલ ધવલ સાથે જહાજમાં દેશાટન અર્થે જાય છે. શ્રીપાલની વધતી સંપતિ જોઇ ઇર્ષા પ્રગટે છે. ધવલના અંતર ને જલાવી ને સાફ કરી નાખે છે. ઇર્ષા,અસૂયા, મત્સર જેના જીવનમાં પ્રવેશે છે તેની શું સ્થિતિ સર્જાય છે તે સમજવા ધવલ સામે નજર કરવી જોઇએ.

ધવલ(ઉજ્જવલ) નામ માત્ર છે. અંતરતો માયા-કપટની કાળાશથી ભરેલું છે. શ્રીપાલ જોડે બાહ્ય વ્યવહાર મિત્ર જેવો, પિતા જેવો રાખે છે. પણ અંતરમાં વૃત્તિતો બધું પડાવી લેવાની અને શ્રીપાલને મારી નાખવાની છે, શ્રીપાલને આ વાતની ખબર છે છતાં, શ્રીપાલને કયારેય ધવલ પ્રત્યે નફરત થઇ નથી, કયારેય તિરસ્કાર થયો નથી કે કયારે દુશ્મન તરીકે સ્વીકાર્યો નથી. શ્રીપાલે ધવલસાથેનો બાહ્ય વ્યવહાર પણ કયારેય દૂષિત કર્યો નથી કે અંતર ની લાગણીઓ પણ કયારેય દુષિત કરી નથી આ આરાધકભાવનું લક્ષણ છે. આરાધના અંતરસ્પર્શી બની હોય તો આત્મા મૈત્રી ભાવથી વાસિત થાય છે. **કસ્તૂરીને ગંદા સ્થાનમાં મૂકો તો પણ તે પોતાની સુવાસ ફેલાવે જ છે, તેમ આરાધક આત્મા દુશ્મનોની ગંદી માયાઝાળમાં રહે તો પણ મૈત્રીસુવાસ ને ગુમાવતો નથી.** આ ઉપાદાન શુદ્ધિની ઉચ્ચતમ ભૂમિકા છે. આરાધક આત્મા સમજે છે કે... **''આ જગતમાં મારા હજારો દુશ્મન હશે તો પણ તે મારા મોક્ષમાર્ગને અટકાવી શકશે નહીં, પરંતું એકાદ વ્યક્તિ પ્રત્યેનો દુશ્મનીભાવ મારા આત્મામાં હશે તો મોક્ષમાર્ગમાં એકાદ ડગ પણ આગળ વધી નહીં શકાય.''**

ધવલ બધુંજ પડાવી લેવા માંગે છે, અજિતસેને બધુંજ પડાવી લીધું છે. જાનથી મારવા બન્નેં તૈયાર થયા છે, છતાં શ્રીપાલને તેમના પ્રત્યે ઉપકારી ભાવ છે. શ્રીપાલ કહે છે ''દુશ્મન નુકશાન કરનાર, હેરાન

કરનાર પ્રત્યે પણ મૈત્રી-પ્રેમ રાખવો તે ધર્મ છે. અંતરમાં એકાદ જીવ પ્રત્યે પણ દુશ્મની રાખવી તે અધર્મ છે.''

## પ્રભુ મલ્યા છે તો નિર્ભીક બનો

શ્રીપાલ એકાકી બનીને સ્વરાજ્ય માટે અર્થોપાર્જન માટે નીકળે છે, નિર્ભીક બનીને નીકળે છે, કોઈપણ જાતનો ભય હૈયામાં–મનમાં નથી. માત્ર સ્વરાજ્ય મેળવવાનો સંકલ્પ, અદમ્ય ઉત્સાહ.

ભૃગુકચ્છ (ભરૂચમાં) ધવલના સૈનિકો આવ્યા કે ધવલ પુનઃ રાજાનું સૈન્ય લઈને આવ્યો... કયાંય ડર નથી.

સીકોતરી દેવીના કથન અનુસાર બત્રીશ લક્ષણા નરનો  બલી માંગનાર દેવીને ભગાડવાની હોય છતાંય ડર નથી.

મહાકાલ રાજાની સાથે એકાકી રહીને લડવાનું હોય તો પણ શ્રીપાલ તૈયાર છે. તેને કોઈ ડર નથી.

ધવલે શ્રીપાલને દરીયામાં ફેંકી દીધો. નીચે દરીયામાં મૃત્યુ દેખાય છે, મેળવેલું બધુ હાથમાંથી ચાલ્યુ તો જાય છે, સાથે જાન પણ જાય છે છતાંય શ્રીપાલને કોઈ ડર નથી.

કુબડાના રૂપમાં દેખાતા એકલા શ્રીપાલને સ્વયંવરમાં આવેલા અનેક રાજાઓ અને રાજકુમારો સાથે લડવાનું હોય તો પણ ડર નથી.

તમે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તો પણ કોઈપણ ભય નહીં. શ્રીપાલ સમજે છે કે ''હું તો.... પામર છું મારે માથે પરમેશ્વર છે. મારે શું ચિંતા? **મારે માથે નાથ છે, તો શા માટે બનું હું અનાથ?** મારું તો કામ પ્રભુને હૈયામાં રાખવાનું પ્રભુને સમર્પિત રહેવાનું બાકી બધું પ્રભુ–સિદ્ધચક્ર સંભાળે.'

શ્રીપાલ કહે છે – **જે પ્રભુને છોડતા નથી તેને પ્રભુ પણ ક્યારેય છોડતા નથી.** નાના બાળકે મેળામાં માત્ર મા ની આંગળી જ પકડી રાખવાની હોય છે બાકીની બધી જવાબદારી મા સ્વીકારી લે છે. મા ને કદાચ હજુ ભૂલ પડે, પણ **પ્રભુ તો જગતની માતા છે.** ક્યાંય ભૂલ ન પડે. જ્યાં

જ્યાં સંકટ આવ્યા, ત્યાં ત્યાં શ્રીપાલે પ્રભુને, સિદ્ધચક્રને, નવપદને યાદ કરી લીધા અને બધાજ સંકટના વાદળ ક્ષણમાત્રમાં વિખરાઈ ગયા. શ્રીપાલને જે કાંઈ મલ્યું છે તેમાં પોતાનો નહીં પણ, સિદ્ધચક્ર– નવપદનો જ પ્રભાવ માને છે. ક્યાંય પોતાનું માન્યું નથી. જે મલ્યું છે તેમાં અનાસક્તભાવ છે. ક્યાંય મમત્વભાવ નથી. આટલી સંપત્તિ–વૈભવ, સત્તા હોવા છતાં પણ સિદ્ધચક્રની આરાધના પરિવાર સાથે કરે છે. સિદ્ધચક્ર–નવપદમય જીવન થઈ ગયું છે. માટે સ્તો રાજ્ય દિકરાને સોંપે છે. રાજ્યકાર્યથી નિવૃત્ત થઈને સિદ્ધચક્રનું ધ્યાન ધરે છે, વિસ્તારથી નવપદનું ચિંતન કરે છે. પોતાના આત્માને જ અરિહંતાદિ નવપદ સ્વરૂપ જુવે છે. કેવી છે ધ્યાનની આ ઉચ્ચતમ ભુમિકા !!!

શ્રીપાલનો વૈભવ સંપત્તિ અને રાજપાટની વાતો સાંભળી તે તરફ નજર જાય છે. પણ ક્યારેય શ્રીપાલના અંતરગુણો, ગુણસંપત્તિ, આત્મવૈભવ, આરાધકભાવ, ઉપકારવૃત્તિ, નિર્દોષપણું, અનાસક્ત ભાવ, ધ્યાન, સાધના આ બધું જોવાની દ્રષ્ટિ આપણી ખૂલી છે કે નહીં ?

શ્રીપાલ આપણને સંદેશો આપે છે કે –

– પ્રભુ મલ્યા છે તો નિર્ભય બનો.

– પ્રભુ પ્રત્યે શ્રદ્ધા રાખો.

– અનાસક્ત ભાવ કેળવો.

– નિવૃત્ત બની પ્રભુમાં પ્રવૃત્ત બનો.

– આરાધના ભાવપૂર્ણ અને પરિવાર સાથે કરો.

**શ્રીપાલની જેમ**

**અંતરવૈભવ ગુણવૈભવમાં રમણતા કરો.**

## ૨) શું બનવું છે? શ્રીપાલ - ધવલ કે અજિતસેન

શ્રીપાલ કથામાં મહત્વના ત્રણ પાત્ર છે. શ્રીપાલ, ધવલ અને અજિતસેન. આ ત્રણ પાત્રોની આપણે વિચારણા કરવાની છે. આપણે કયા પાત્રના ભાવોમાં જીવી રહ્યા છીએ તે આપણે જાતે જ નક્કી કરવાનું છે.

**શ્રીપાલ** - જન્મજાત ગુણીયલ છે. તેને ક્યારેય પણ કોઈને દુઃખ, કષ્ટ આપ્યું નથી. પોતાનું બધું જ ચાલ્યું ગયું પરંતુ મનમાં ખેદ, દુઃખ કે દીનતા નથી. વર્તમાન પરિસ્થિતિને વધાવી લેનાર છે. પોતાના કારણે બીજા કોઈને દુઃખ પડે તો પોતે જોઈ શકે તેમ નથી. મારા નિમિત્તે કોઈ દુઃખી થવો ન જોઈએ. આ દુનિયામાં મને કોઈ દુઃખ આપતું જ નથી. બધા મારા ઉપકારી છે. શ્રીપાલને ધવલ પણ ઉપકારી લાગે છે અને અજિતસેન કાકા પણ ઉપકારી લાગે છે. ક્યાંય કોઈના પ્રત્યે દુશ્મની, ઈર્ષ્યા, દ્વેષ વિગેરે કાંઈ જ નથી. જન્મજાત ગુણોને લઈને શ્રીપાલ આવેલ છે. **જે વ્યક્તિ જન્મથી ગુણીયલ છે, દુશ્મનને પણ પોતાના ઉપકારી માને છે, નિસ્વાર્થ ભાવ, સરળતા, દરેક પરિસ્થિતિને હસતે મોઢે સ્વીકારી લેનાર છે તે શ્રીપાલની ફ્રેમમાં ગોઠવાઈ શકે છે.**

**હવે વાત છે ધવલ અને અજિતસેનની...**

બન્ને પાત્ર દુર્જનતા ભરેલા છે. ધવલ અને અજિતસેન બન્નેએ શ્રીપાલને જાનથી મારી નાખવા અને તેનું બધું જ પડાવી લેવું તે દુષ્ટ ભાવ બન્નેમાં છે. આર્તધ્યાનથી પણ આગળ વધી જાનથી મારી નાખવાનું રૌદ્રધ્યાન બન્નેએ કર્યું છે.

**ધવલે** ત્રણ... ત્રણ વાર જાનથી મારી નાખવા યોજનાઓ બનાવી.

(૧) શ્રીપાલને સમુદ્રમાં ફેંક્યો (૨) ડુંબનું કલંક ચઢાવ્યું અને (૩) પોતાની જાતે કટારી લઈને મારી નાખવા સીડી ઉપર ચઢ્યો.

ધવલને શ્રીપાલનું બધું જ પડાવી લેવું છે. શ્રીપાલે ધવલ ઉપર ઘણા ઘણા ઉપકાર કર્યા છે. વારંવાર ઉપકાર કર્યા છે. મૃત્યુના મુખમાંથી બચાવ્યો છે. બે વાર સંપત્તિ બચાવી છે તે ઉપકારને ભૂલીને પણ ધવલ દુર્જનવૃત્તિ સેવી રહ્યો છે. ધવલ તો અપકારની પરાકાષ્ઠા છે.

**અજિતસેને....** શ્રીપાલને બે બે વાર જાનથી મારી નાખવા પ્રયત્ન કર્યા. શ્રીપાલની બાલ્ય અવસ્થા (બે વર્ષના) છે પિતાનું મૃત્યુ થયું છે. દ્વિવર્ષીય શ્રીપાલને રાજ્યાભિષેક કરીને સુબુદ્ધિ મંત્રી રાજ્યનું સંચાલન કરે છે. આ સમયે અજિતસેનકાકા સેના ભેદ કરી રાજ્ય પડાવી લે છે. શ્રીપાલને મારી નાખવાનો આદેશ કર્યો છે. સૈનિકોને મારી નાખવા માટે મોકલે છે પણ શ્રીપાલનું પુણ્ય જાગ્રત છે તેથી તે બચી જાય છે.

(૧) શ્રીપાલને બાલ્ય અવસ્થામાં જાનથી મારવા તૈયાર થયા.

(૨) શ્રીપાલે રાજ્ય પાછું માગ્યું ત્યારે પોતાના હાથે જ શ્રીપાલને મારવા અજિતસેન તૈયાર થયા. ધવલે ત્રણ-ત્રણવાર મારી નાખવા માટે વિચિત્ર કિમીયા અજમાવ્યા છે. અજિતસેને બે વાર મારી નાખવા પ્રયત્ન કર્યા છે. આ ધવલ અને અજિતસેનમાંથી વધારે દુર્જનતા કોની? શ્રીપાલ કથા વાંચનારને-સાંભળનારને સામાન્ય રીતે ધવલની દુર્જનતા પ્રત્યે ધ્યાન ખેંચાય છે. અજિતસેન તો પ્રારંભ અને અંતમાં બે વાર માત્ર આંશિક પાત્ર આવે છે. છતાંય જરા ઉંડાણથી વિચારે તો ધવલ કરતાંય અજિતસેન વધારે ખૂંખાર હતો કારણ કે ધવલને તો ઈર્ષા થાય તેવી સહજ સ્થિતિ હતી જ. પોતાની સામે ખાલી હાથે આવનાર વ્યક્તિને આશરો આપતાં તે પોતાનાથી કેઈગણો ચઢી જાય તો માનવની સહજ પ્રકૃતિ છે ઈર્ષા થાય. કોઈક પરિણત ધર્મી પુણ્યાત્મા હોય તો જ ઈર્ષા ન થાય. અન્યથા ઓછેવત્તે અંશે ઈર્ષા-મત્સર આવે જ. આપણને બીજાની ચડતી જોઈ આનંદ થાય કે ઈર્ષા/ખેદ થાય? તે સ્વયં વિચારી લેવું. ધર્મી બનવા આ

ભૂમિકાઓ તપાસવી જોઇએ.

અજિતસેન પોતે રાજા છે, પોતાનું રાજ્ય છે, પોતાના ભાઇનું મૃત્યુ થયું તે સમયે વ્યવહારિક-નૈતિક ફરજ છે કે નાના ભત્રીજાને સાચવી લેવો, તૈયાર કરવો, રક્ષણ કરવું. પરંતુ અજિતસેન કાકાએ સેના ભેદ કરી રાજ્ય પડાવી લીધું. શ્રીપાલને મારી નાખવા સૈનિકો દોડાવ્યા છે. છેલ્લે શ્રીપાલ સક્ષમ બનતાં મીઠા શબ્દોમાં રાજ્ય માંગણી કરી ત્યારે પણ રાજ્ય પાછું આપતા નથી. પુનઃ જાનથી મારી નાખવા તૈયાર થઇ જાય છે.

બન્ને દુર્જન છે. બેમાંથી વધારે દુર્જન કોણ? ધવલ કરતાં અજિતસેન વધારે દુર્જન ગણાય. કેમ કે પોતાની ફરજ ચૂકીને મારવા તૈયાર થયો છે. રક્ષક જ ભક્ષક બને તેવી સ્થિતિ ઉભી કરી છે, નૈતિક ફરજ ચૂક્યો છે. ધવલને તો ઈર્ષા થાય તેવા નિમિત્તો સામે હતા, ધવલે ઈર્ષા કરી પરંતુ શ્રીપાલનું કાંઇ જ લઇ શક્યો નથી. શ્રીપાલના જીવનમાં દુઃખનું મૂળભૂત કારણ અજિતસેન છે. ધવલ જયારે જયારે દુઃખ આપવા જાય છે ત્યાં શ્રીપાલને સુખ સંપત્તિ અને કન્યાઓ મળે છે, શ્રીપાલને આંચ આવતી નથી ધવલના અપાતા દુઃખ સમયે શ્રીપાલ ધર્મનું શરણું લે છે, જેથી બધે બચી જાય છે. અજિતસેને અને રાજ્ય પડાવી લીધું ત્યારે ધર્મનું શરણું ન હતું. અજિતસેન કાકાએ નાની ઉંમરમાં રાજ્ય પડાવી લીધું છે છતાં સંતોષ નથી પાછું આપવું નથી. પોતાનો સગો ભત્રીજો હોવા છતાં પુનઃ જાનથી મારી નાખવા તૈયાર થાય છે, પોતે જ યુદ્ધ કરવા જાય છે.

ધવલ અને અજિતસેનમાંથી વધારે દુર્જન અજિતસેન છે હવે વિચારો.

જન્મથી ગુણીયલ હોય, દુશ્મનનું ભલું કરવાની ભાવના હોય, લઉં લઉંની તમન્નાઓ ન હોય તો સમજવું શ્રીપાલની ફ્રેમમાં આપણે ફીટ થઇ શકીએ. પરંતુ તે શક્ય નથી. તો હવે શું બનવું છે ધવલ કે અજિતસેન?

અજિતસેન વધારે ખૂંખાર છે, વ્યવહાર ચૂક્યો છે. સગા ભત્રીજાનું રાજ્ય પડાવી લીધું છે, છતાં એક સુંદર મજાનો સંદેશ-ઉપદેશ અજિતસેનનું પાત્ર આપણને આપે છે. **''ભલે તમારો ભૂતકાળ ગમે તેવો ખરાબ હોય! જાગી જાવ તો બચી જશો, તરી જશો. જીવો છો ત્યાં સુધી સુધરવાની તક છે.''**

શ્રીપાલ સાથેના યુદ્ધમાં અજિતસેન હારે છે, સૈનિકો બાંધીને અજિતસેનને શ્રીપાલ પાસે લાવે છે, શ્રીપાલ સામે જાય છે. કાકાના બંધન છોડાવીને પગમાં પડે છે, માફી માંગે છે. ''મેં તમોને ઘણું કષ્ટ આપ્યું, માફ કરજો, આપનું રાજ્ય આપ સ્વીકારી લો, મને તો માત્ર મારું રાજ્ય જ જોઇએ છે.''

રાજનીતિ પ્રમાણે યુદ્ધમાં જીતે તેનું રાજ્ય. એ ન્યાયે અજિતસેનનું રાજ્ય પણ શ્રીપાલને મળી ગયું છે. બાલ્ય અવસ્થાથી જેને પરેશાન કર્યા છે, પોતાનું બધું પડાવી લીધું છે, તે દુશ્મનનું રાજ્ય સહજતામાં મળી ગયું છે. છતાં શ્રીપાલ સામેથી કહે છે ''કાકા તમે મારા ઉપકારી છો, આટલાં વર્ષ તમે મારું રાજ્ય સાચવી રાખ્યું અન્યથા કોઇ યુદ્ધ કરી લઇ જાત.'' આ કઇ દૃષ્ટિથી શ્રીપાલ કાકાને કહે છે? **દુર્જનમાં પણ ગુણ જોવો તે આરાધક ભાવ છે.** શ્રીપાલના આત્મદળને તપાસો... ઓળખો અને પછી આપણા આત્મા સાથે સરખાવો.

તમારી જમીન કે મિલકત કોઇ પાડોશીએ દબાવી દીધી હોય કે ક્યાંય કેસ ચાલતો હોય, અચાનક તમારી અને પાડોશીની બંન્ને જગ્યા તમારા નામે કરવાનો કોર્ટ હુકમ આપે તો મજા.. મજાને? પરંતુ એમાં આરાધક આત્માને આનંદ ન આવે, **આરાધક આત્માને બીજાનું કાંઇપણ લેવાની ઇચ્છા ન હોય.**

શ્રીપાલ કાકાના પગમાં પડી માફી માંગી તેમનું રાજ્ય તેમને પાછું સોંપે છે. કેવો હશે તે યુદ્ધભૂમિ ઉપર બનેલો અદ્ભૂત પ્રસંગ? જ્યાં લેવા માટેના યુદ્ધ ખેલાતા હોય તે જ ભૂમિ પર આપવા માટેનો અદ્ભૂત પ્રસંગ બન્યો છે.

શ્રીપાલ પગમાં પડી, માફી માંગી કાકાને રાજ્ય પાછું આપે છે, કાકા ઉભા છે. હારના કારણે નીચી નજરે ઉભા છે. શ્રીપાલ પગમાં પડેલો છે. કાકાની નજર નીચી હોવાના કારણે શ્રીપાલ ઉપર પડે છે, દૃષ્ટિ ખૂલે છે. ચિત્તના દ્વાર ખૂલી જાય છે. ચિત્ત વિચારે ચડે છે. કેવો છે આ જુવાન ભત્રીજો? હજુ રાજ્ય ભોગવવાની ઉંમર હવે થાય છે, હજુ તો જિંદગીની શરૂઆત થાય છે. દુનિયા જોઇ પણ નથી, જાણી પણ નથી છતાં આટલી ગંભીરતા? આટલી ઉદારતા? આવો વિનયી? મને ઉપકારી માની મારું રાજ્ય પાછું આપે છે!! આ સ્વપ્ન છે કે સત્ય છે? આટલા વર્ષો સુધી મેં તેને રખડતો કર્યો, ભયંકર આપત્તિમાં નાખ્યો

છતાં; આ ભત્રીજો મને ઉપકારી માને છે, રાજ્ય પાછું આપે છે? હું વૃદ્ધ થઇ ગયો, વર્ષો સુધી શાસન ચલાવ્યું, વર્ષો સુધી ભત્રીજાનું રાજ્ય પડાવી સત્તા જમાવી છતાં હજુ વૃદ્ધત્વમાં પણ રાજ્યનો મોહ છૂટતો નથી. આ ભત્રીજાનો પોતાનું રાજ્ય મધુરતાભર્યા શબ્દોમાં પાછું માંગતો હતો છતાં હું લોભીયો... રાજ્યસત્તામાં આસક્ત બની યુદ્ધ કરવા તૈયાર થઇ ગયો. હજું રાજ્ય છોડવું નથી અને આ શ્રીપાલ ભરયુવાનીમાં રાજ્ય જીતીને મને પાછું આપે છે. આ ભત્રીજો છે કે ભગવાન! ધન્ય છે આવા ગુણીયલ ભત્રીજાને. ધિક્કાર છે આ લોભીયા આસક્ત મારા વૃદ્ધત્વને... કેવો વિનય, કેવી નમ્રતા, કેવી સહિષ્ણુતા, કેવા ભાવવાહી શબ્દો? ક્યાંથી આવ્યું આ બધું... એક જ લોહીની પરંપરા હોવા છતાં... જમીન આસમાનનું અંતર..

અજિતસેન શ્રીપાલના ગુણોને વાગોળે છે... અને પોતાની જાતને ધિક્કારે છે. **જગતનો સનાતન સત્ય નિયમ છે કે જ્યાં સુધી પરગુણદર્શનની દૃષ્ટિ કેળવાતી નથી ત્યાં સુધી સ્વદોષદર્શન દૃષ્ટિ પ્રગટ થતી નથી. માટે જ પરગુણદર્શનને ધર્મનું પ્રવેશદ્વાર કહ્યું છે.** ગુણાનુરાગ ધર્મને પ્રગટ કરે છે આપણા પોતાના જીવનમાં ગુણાનુરાગ પરગુણદર્શનની ભાવનાઓ જાગી છે કે નહીં? જ્યાં જઇએ ત્યાં માત્ર પોતાના જ વખાણ કરવાના, પોતાનામાં ગુણ ન હોય તો પણ આરોપણ કરીને ગાવાના. દોષ-દુર્ગુણ હોય તો પણ સુંદર મજાનો ઓપ આપી ગુણ ગણાવવાના. કેવી વૃત્તિ છે આપણી? પરગુણ દર્શન વિગેરે ધર્મ મળ્યા પહેલાંની ભૂમિકાઓ છે... તે પણ આપણામાં પ્રગટી છે કે નહીં? તે પ્રશ્ન છે.

અજિતસેન યુદ્ધભૂમિ પર શ્રીપાલનો વિનય, નિસ્પૃહતા, ઉદારતા, નિસ્વાર્થભાવ જોઇને વિચારે, ચિત્તના ચકરાવે ચડી ગયો છે. પોતાની જાત ઉપર આજ સુધી ગર્વ હતો. હવે સ્વયં, પોતાની જાત પ્રત્યે નફરત થાય છે. ક્યાં શ્રીપાલ અને ક્યાં હું...? ક્યાં શ્રીપાલની જુવાની... અને ક્યાં મારું વૃદ્ધત્વ...? ક્યાં શ્રીપાલ ગુણનો ભંડાર... અને ક્યાં હું દુર્ગુણોની ગટર...? યુદ્ધભૂમિનું યુદ્ધ તો ક્યારનુંય પૂરું થઇ ગયું છે. શાંતિ થઇ ગઇ છે. પણ હવે ચિત્તપ્રદેશમાં વિચારોના રમખાણ ચાલુ થયા છે. પોતાની જાતને ધિક્કારતાં-ધિક્કારતાં

અધમ...નીચ... માને છે. આખું જીવન રાજ્યની લોલુપતામાં નીચોવી નાખ્યું? આત્મકલ્યાણનો ક્યારેય વિચાર ન આવ્યો? પોતાની જાતને પ્રશ્ન પૂછે છે, હે આત્મન! મારામાં મોટાઈ કે આ ભત્રીજામાં? જીવન વેડફી દીધું. આ ભયંકર પાપોથી મારી કેવી દુર્ગતિ થશે, કોણ બચાવશે? દુર્ગતિમાં લઈ જાય તેવા રાજ્યથી શું કરવાનું? આ ભાવનાઓમાં ચડ્યા છે... અને તે જ યુદ્ધભૂમિ પર વૈરાગ્યભાવ પ્રગટ થાય છે. પોતાની જાતે જ શ્રમણવેશ સ્વીકારી, કરેમિ ભંતે જાવજ્જીવ ઉચ્ચરી લે છે. વિશુદ્ધ સંયમજીવન પાળે છે. જ્ઞાન-ધ્યાનમાં આગળ વધી રહ્યા છે. કાળાંતરે અવધિજ્ઞાન પ્રાપ્ત થાય છે. આત્મ કલ્યાણનો માર્ગ ખૂલી જાય છે.

અજિતસેન કહે છે, **ભલે... ભૂતકાળ ભયંકર હોય, જાગી ગયા તો બચી ગયા. આત્મજાગૃતિ તમામ દોષોને દૂર કરી આત્મકલ્યાણ અવશ્ય કરશે.** આ સંદેશ અજિતસેન આપી રહ્યા છે.

ભૂતકાળ ભલે ભૂંડો હતો, ખૂંખાર હતો, પરંતુ જાગૃતિભાવ શું કામ કરી શકે છે, તેનું દર્શન, આ અજિતસેનનું પાત્ર કરાવી રહ્યું છે.

આપણે જન્મજાત ગુણીયલ નથી તેથી શ્રીપાલની કક્ષામાં આવી શકતા નથી. હવે, આપણે શું બનવું છે? અજિતસેનની જેમ જાગૃતિભાવ આવી ગયો તો, કલ્યાણ અન્યથા-ધવલ આપણને સંદેશ આપે છે. છેલ્લે સુધી ન જાગ્યા... તો મર્યા સમજો, દુર્ગતિ તમારા માટે તૈયાર છે.

ધવલ ઉપકારીના ઉપકારને વિસરી ગયો છે... શ્રીપાલે પોતાના મહેલમાં ધવલને રાખ્યો છે. શ્રીપાલ સાત માળની હવેલીની ચાંદની (ટેરેસ) પર સૂતો છે. અને ધવલ ભયંકર રૌદ્રધ્યાને ચડ્યો છે. ''હવે તો શ્રીપાલને મારા હાથે જ મારું તો મને શાંતિ થશે. દરેક પ્લાન ફેઈલ જાય છે. શ્રીપાલ બચી જાય છે. હવે... હું મારા જ હાથે તેને ઉંઘમાં ને ઉંઘમાં ખતમ કરું'' - ખુલ્લી કટારી લઈ તે ઉપર ચડે છે... શરીર ઉપર તરફ જાય છે... અધ્યવસાયો નીચે નીચે જઈ રહ્યા છે. મારું... કાપું...ના ભાવો છે... પરંતુ લોભાંધ ધવલને ક્યાં ખબર છે કે... ગમે તેટલા પ્લાન કરું પણ પુણ્ય તો શ્રીપાલના પક્ષમાં છે. પુણ્ય બળવાન છે ત્યાં સુધી મારી બધી યોજના ફેલ... મને જ નુકશાન થાય છે... આ વાત હજુ

ધવલને ક્યાં સમજાય છે.

**જીવનમાં ક્યાંય કોઇનું બગાડવાની ઇચ્છા થાય તો ચોક્કસ એટલું વિચારજો કે... એનું પુણ્ય છે, ત્યાં સુધી હું કાંઇ જ કરી શકવાનો નથી, માત્ર નિષ્ફળતા જોઇને પરેશાન થવાનું છે, અને તે પ્રકૃતિ-વિચારોથી ભયંકર કર્મબંધ કરી દુર્ગતિ અને દુઃખોને ઉભા કરવાના છે.** બીજાનું બગાડવા જતાં સામેનાનું બગડે કે ન બગડે, પરંતુ આપણું જ બગડી જાય છે. અવશ્ય નુકશાન આપણને થાય છે. ક્યારેય કોઇનું ખરાબ કરવાનો વિચાર પણ ન કરવો. **દરેક વ્યક્તિ પોતાના પુણ્યને અનુસાર મેળવે છે, આગળ વધે છે. આ વિચારધારાથી જીવનની ઘણી સમસ્યાઓ શમી જાય છે.**

ધવલને આ સમજણ આવી નથી. પરિણામે, શ્રીપાલની પાછળ પડ્યો છે. ખુલ્લી કટારી લઇ સીડી પર ચડી રહ્યો છે, અને અચાનક દુષ્ટ વિચારોમાં પગથિયું ચૂકે છે, નીચે પડે છે, પોતાના હાથમાં રહેલી ખુલ્લી કટારી, પોતાના જ પેટના મર્મભાગમાં ઘુસી જાય છે અને મૃત્યુ થાય છે... મરીને સાતમી નરકમાં જાય છે. અહીંના અત્યંત ધનવાન શ્રેષ્ઠી, બુદ્ધિશાળી, સફળ વ્યાપારીને સાતમી નારકીના ભયંકર દુઃખો ભોગવવા પડે છે. કોણ છોડાવવા જશે તેને?

સાતમી નારકીમાં રહેલો ધવલનો જીવ... ત્યાંથી પોકારી પોકારી કહે છે, છેલ્લા સમય સુધી નહીં જાગો... ઇર્ષ્યા, આસક્તિ, પડાવી લેવાની વૃત્તિ, ભેગું કરું, ભેગું કરુંના ભાવોને નહીં છોડો... તો મારી જેમ દુર્ગતિના દ્વાર તૈયાર છે... જાગી જાવ નહીં તો મરી જશો...

આ ધવલનો સંદેશો... આપણને સંભળાય છે કે નહીં?

શું બનવું છે, તે આપણે નક્કી કરવાનું છે...

જન્મજાત ગુણીયલ હો તો.... શ્રીપાલ

દોષો ટાળી જાગી જાવ તો.... અજિતસેન

દોષો લઇને મરો તો.... ધવલ.

શ્રીપાલ કદાચ ન બની શકીએ તો, કમસે કમ અજિતસેન બની જવાય તો પણ સદ્ગતિ થઇ શકે. આત્મકલ્યાણના દ્વાર ખોલી શકાય છે...

# ૩) હું કોણ? શ્રીપાલ કે શ્રીકાન્ત

શ્રીપાલ ચરિત્રમાં આવતા બે પાત્ર

(૧) શ્રીપાલ - સહુકોઇ ઓળખે છે.

(૨) શ્રીકાન્ત - શ્રીપાલનો પૂર્વભવ...

બન્ને એક જ જીવના અલગ અલગ ભવ છે, છતાં વિચાર-વર્તનમાં રાત દિવસનું આંતરુ છે. આપણે નક્કી કરવાનું છે, મને કોણ ગમે છે? અને વર્તમાનમાં હું કોણ છું? કોના ભાવોમાં રમું છું?

શ્રીપાલ અને શ્રીકાન્ત બન્નેના નામ પ્રમાણે જીવન છે તે આપણને કાંઇક ઉપદેશ સંદેશ આપી રહ્યા છે.

**શ્રી**=લક્ષ્મી, **પાલ**=પાલન કરનાર-સાચવનાર

**શ્રી**=લક્ષ્મી, **કાન્ત**=પતિ, માલિક.

એક વ્યક્તિ... પુણ્યથી મળેલી લક્ષ્મી-સંપત્તિ વૈભવનો માલિક બની બેઠો છે. બીજો પુણ્યથી મળેલી લક્ષ્મી સંપત્તિમાં માલિકીભાવ નથી માનતો. પરંતુ... મારે વ્યવસ્થા માત્ર કરવાની છે એવું માને છે. આ નામ પ્રમાણે અર્થ થયા. આપણે ક્યાં ભાવોમાં રમીએ છીએ તે આપણે વિચારવાનું છે. હવે વિચારો જે વ્યક્તિને પુણ્યથી મળેલી સામગ્રીને પોતાની માલિકીની માને છે તેને શ્રીકાન્તના ભાવો છે. જે વ્યક્તિને પુણ્યથી મળેલી સામગ્રી અનાસક્ત ભાવે સાચવે તે શ્રીપાલના ભાવોમાં છે. યાદ રાખજો **માલિકીભાવ આવ્યો એટલે આસક્ત ભાવ જીવનભર ભયંકર, નહીં કલ્પેલા પાપોની વણઝાર ચાલુ રહે છે.** શ્રીકાન્તના ભવમાં જુઓ કેવાં ભયંકર પાપો કરે છે, અને એ પાપોમાં આનંદ

કેવો મેળવે છે? દરરોજ જંગલમાં શિકાર ખેલવા જવાનું, રોજ પશુઓને મારે, શિકારમાં મઝા આવે, પોતાને ઉદ્‌ભવેલી ઇચ્છા પૂર્ણ થાય તેમાં આનંદ કેટલો? તેમાં પોતાને યાદ પણ ન આવે કે આ મારા આનંદ પાછળ કર્મબંધ કેટલા થાય છે? તે તરફ કોઇનું લક્ષ્ય જતું નથી. શ્રીકાન્તના ભવમાં કેવા પાપ વ્યાપાર છે? શિકાર તો કરે જ છે, પરંતુ તુક્કા કેવા સુઝે? કર્મની વિચિત્રતા કેવી... જંગલમાં નદીના કાંઠે ઝાડ નીચે સાધુ ભગવંત કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર ઉભા છે. સાધના કેવી ગજબની, આત્માના લયમાં લાગી ગયા છે, જાણે પ્રશાંત મૂર્તિ ન હોય? શ્રીકાન્ત જંગલમાં સાધનાની મસ્તિમાં મસ્ત બનેલા મહાત્માને જુએ છે અને કોણ જાણે શું તુક્કો સુઝે છે કે સાધુને ઉઠાવી નદીના પાણીમાં ફેંક્યા. સાધુ તો પોતાની મસ્તિમાં મસ્ત છે તેમને મન જલ શું સ્થલ શું? પરંતુ આ શ્રીકાન્તે ભારે દુર્ધ્યાનમાં કપરા કર્મ બાંધી લીધા. **જે મુનિના દર્શન માત્રથી પાપકર્મ તૂટી જાય તેવા સારાં નિમિત્ત મળવા છતાં ભારે કર્મબંધ? ભારે કર્મી જીવોની કેવી દશા?**

હજુ આગળ જુઓ, શ્રીકાન્ત પોતે રાજમહેલના ઝરૂખામાં એકવાર બેઠા છે. રાજમાર્ગ ઉપર સામેથી-દૂરથી આવતા સાધુ મહારાજ દેખાયા, રજોહરણ દેખાયું અને મનમાં તુક્કો સુઝ્યો, તુરત જ સૈનિકોને હુકમ કર્યો. ''આ ચામરધારી કોણ છે? તેને કોઢ રોગ થયો હશે તેથી માખીઓ બણબણ કરે નહીં તેને ઉડાડવા માટે આ સાધન-ચામર રાખ્યો લાગે છે. જાઓ તે કોઢીયાને નગર બહાર કાઢો નહીં તો મારા આખા નગરમાં કોઢ રોગ ફેલાવી દેશે.'' કેવી અસત્ કલ્પના. ભાગ્યની વિચિત્રતા જુઓ કલ્પનાઓના તરંગા કરી કોઇને હેરાન કરવાના અને કર્મો બાંધવાના.

બસ હું રાજા છું. મારી પાસે સત્તા છે. હું બધુ જ કરી શકુ છું ગુમાનમાં છે. મોહ દશા સવાર થઇ ગઇ છે. તેથી આખું જીવન પાપમય થઇ ગયું છે. આ શ્રીકાન્તની દશા છે. **મોહદશાના રવાડે ચડેલા જીવો શ્રીકાન્તના ભાવોમાં રાચીમાચીને ડગલે પગલે કર્મબંધ કરી રહ્યા છે.**

હવે શ્રીપાલને વિચારો... જે વ્યક્તિ પુણ્યથી મળેલી સામગ્રી અનાસક્ત ભાવે સાચવે, લઉં લઉંના ભાવ ન રાખે, આવતી લક્ષ્મીને પણ સાત વાર વિચારીને

સ્વીકારે, દુશ્મન પ્રત્યે પણ મૈત્રીભાવ હોય, અપકારીને પણ ઉપકારી માનતો હોય આ શ્રીપાલના ભાવો છે. આપણે કયા ભાવોમાં રમીએ છે શ્રીપાલ એટલે... આપણે પૂર્વે વિચારી ગયા લક્ષ્મીનું પાલન કરનાર સાચવનાર ક્યાંય આસક્તિ ભાવ ન હોય.

શ્રીપાલને સંપત્તિ રાજ્ય જોઇએ છે. તેને મળી પણ જાય છે. પરંતુ સ્વીકારતા નથી. સુવર્ણ સિદ્ધિ, મહાકાળરાજાનું રાજ્ય, અજિતસેનનું રાજ્ય, ધવલની અઢળક સંપત્તિ બધું જ મળે છે છતાં જતું કરે છે. વિવેકબુદ્ધિ ન હોય તો માત્ર લેવાની અને ભેગું કરવાની ઇચ્છાઓ જાગે છે.

શ્રીપાલ જો મોહાધીન હોત, વિવેકનો અભાવ હોત તો શ્રીપાલે ઉપરનું બધું જ સ્વીકારી લીધું હોત. મયણા પિતાના વચનથી શ્રીપાલ સાથે લગ્ન કરવા તૈયાર થઇ છે. છતાં શ્રીપાલના અંતરમાં આનંદના બદલે ખેદ છે. આ બધું વિવેકબુદ્ધિ હોય તો જ આવે કર્મદશાની પરાધીનતામાં ફસાયેલા ન હોય તે જ આવો વિવેક કરી શકે છે.

ધવલ અને અજિતસેન બંન્ને શ્રીપાલને જાનથી મારી નાખવા અને શ્રીપાલનું બધું જ પડાવી લેવાના પેંતરા રચે છે. શ્રીપાલને ખબર છે, પણ **દુશ્મનની દુર્જનતા જોઇ પોતાની સજ્જનતા છુટી જાય તો શ્રીપાલ શાનો?** 'જેવાની સાથે તેવા'નું સૂત્ર શ્રીપાલનું નથી... શ્રીપાલ તો દુર્જનતા અને અપકારને દેખતો પણ નથી. અજિતસેન કાકાએ રાજ્ય પડાવી લીધું છે, જાનથી મારી નાખવા માટે સૈનિકો મોકલ્યા છે, બધી ખબર છે, છતાં કાકાને કહે છે તમે આટલા વર્ષ મારું રાજ્ય સાચવી રાખ્યું, કોઇ અન્ય રાજાએ પડાવી ન લીધું એમાં તમારો ઉપકાર છે. **ધવલ ભલે ગમે તેવો દુર્જન એ આપણી દૃષ્ટિએ હોય પરંતુ શ્રીપાલ તો એમ જ માને છે ધવલ શેઠ જ મારા મોટા ઉપકારી છે... આ બધી જાહોજલાલીનું મૂળ ધવલ છે.** ધવલ મને જહાજમાં ન લાવ્યો હોત તો મારી પાસે શું હોત? ધવલે દસ ગણું ભાડુ લીધું છે. ઘણીવાર મૃત્યુના મુખમાંથી ધવલને બચાવ્યો છે છતાં તે શ્રીપાલને મારી નાખવાના પેંતરા રચ્યા છે. આ બધી વાતો ક્યારેય શ્રીપાલના મનમાં આવતી નથી.

શ્રીપાલે... ક્યારેય કોઇને હેરાન-પરેશાન કર્યા નથી. અપકારીને પણ ઉપકારી માને છે. બીજાની સંપત્તિ સત્તા ક્યારેય સ્વીકારી નથી. પોતાનું બધું જ નજર સામે ચાલ્યું જતું દેખાય છે. છતાં કોઇ અફસોસ આર્તધ્યાન નથી... સદાય પોતાની મસ્તીમાં મસ્ત છે. આત્મભાવમાં લીન છે ધર્મ-સિદ્ધચક્રજી મળ્યા પહેલાં પણ ઉદાત્ત ગુણવૈભવ શ્રીપાલમાં છે.

જીવનમાં કોઇ પાપ નથી, હૃદય સાફ છે. દુશ્મન પ્રત્યે પણ દુશ્મનીનો ભાવ શ્રીપાલના ચિત્તને ખરડાવી શક્યો નથી. જે મળે તે ઘર ભેગું કરું તે ભાવના નથી, બીજાનું પડાવી લેવાની કે બીજાને નુકસાન થાય તેવી કોઇ ઇચ્છા નથી, પોતાનું કોઇ લઇ જાય તો એના પુણ્યનું એ લઇ ગયો હશે મારે શું? આવી ઉદાત્ત ભાવનાઓમાં શ્રીપાલ રમી રહ્યા છે.

શ્રીકાન્ત અને શ્રીપાલ બંન્નેના ભાવોની વિચારણા કરી હવે આપણા ભાવો કઇ દિશામાં રમી રહ્યા છે તે માટે સ્વયંને અંતર્નિરીક્ષણ કરવાનું છે જે સતત આરંભ સમારંભ પાપ વ્યાપારમાં મસ્ત છે. મળેલી સંપત્તિ વૈભવ પ્રત્યે મોહદશા મમત્વ ભાવ છે. હજુ વધુ ને વધુ મેળવવાની તમન્નાઓ છે. મારી મહેનત કે મારા પુણ્યથી મળ્યુ છે... માટે બીજાનો કોઇ હક્ક નથી, બીજાને કષ્ટમાં નાખી જીવોને પરેશાન કરી આનંદ આવે છે તે ભાવો શ્રીકાન્ત જેવા છે, આવા કોઈપણ ભાવમાં આપણે રમતાં હોઇએ તો સમજવાનું કે શ્રીકાન્ત=માલિક બની બેઠા છીએ.

ગમે તેવી પરિસ્થિતિ આવે તો સમભાવમાં રહી તે પરિસ્થિતિ સ્વીકારી લેવી, બીજાનું હોય અને પોતાનું થાય તેવી ઇચ્છા માત્ર ન કરવી. મારા કારણે બીજા દુઃખી હેરાન ન થાય તે ધ્યાન રાખે, પુણ્યથી મળેલી સંપત્તિ, વૈભવ, સત્તામાં મમત્વ ભાવ ન હોય ઠીક છે, પુણ્યથી મળ્યું છે, પુણ્ય છે ત્યાં સુધી રહેશે. મારું કાંઇ નથી, મળ્યું છે તે રાખ્યું છે તેનો સદુપયોગ કરવાનો છે. દુશ્મન પ્રત્યે પણ સદ્‌ભાવ હોય, વિવેકબુદ્ધિનો પ્રકાશ જીવનમાં ઝળહળતો હોય તો સમજવું કે શ્રીપાલના ભાવોનો સ્રોત અંતરમાં ચાલી રહ્યો છે. આરાધના માટે આત્માની ભૂમિકા કાંઇક અંશે તૈયાર થઇ છે.

## શ્રીકાન્તનું કલ્યાણ કેમ?

શ્રીકાન્ત અને શ્રીપાલને વિચારતાં સ્પષ્ટ લાગે જ છે કે આપણે શ્રીપાલ બની શક્યા નથી, તો હવે શ્રીકાન્ત બનવું છે? શ્રીકાન્ત તરફ નજર જતાં એક પ્રશ્ન થાય કે શ્રીકાન્ત છેવટે તો શ્રીપાલ બનીને તર્યાને?

ઉત્તર : ભાઇ! શ્રીકાન્ત તર્યા કેમ? શ્રીપાલ બની શક્યો કેમ? શ્રીકાન્ત પાપ ક્રિયામાં રત હતો છતાં તેનામાં એક ગુણ હતો. તમારામાં તે ગુણ ખરો? જો એ ગુણ હશે તો તમે પણ તરી જશો.

ભયંકર હિંસક અને પાપી શ્રીકાન્તમાં નિખાલસતાનો ગુણ હતો. **પૂજ્યપાદ્ આગમોદ્ધારક સાગરજી મ.સા. કહે છે કે હજારો દોષો વચ્ચે પણ એક ગુણ પ્રધાનતાએ સર્વસ્વના ભોગે હોય તો તે અનેક ગુણોને ખેંચી લાવે છે.** પાપ વ્યવહારમાં મસ્ત શ્રીકાન્તનો સહજ સ્વભાવ હતો કે ''ગમે તેવી પાપ ક્રિયાઓ કરી હોય, પરંતુ રાત્રે પોતાની પત્ની-શ્રીમતીને બધું જ કહી દેવાનું.'' શ્રીમતી પણ ક્યારેય તેના અશુભ કાર્યોની પ્રશંસા ન કરે, ક્યારેય સારું ન કહે, ઠપકો જ આપે. ''જંગલમાં ફરતા જીવો તમારું શું બગાડે છે તો તમે તેને મારો છો?'' ''તમારું કાંઇ પણ ખાતા નથી, તમોને પરેશાન પણ કરતા નથી તેવા નિર્દોષ જીવોને મારી નાખીને તમને શું મળે છે? સાધુઓને પરેશાન કરીને, જીવોની હિંસા કરીને તમે કઇ ગતિમાં જશો? કેટલું પાપકર્મ બાંધશો? અત્યારે પુણ્યનો ઉદય છે તેથી તમોને સત્તા-સંપત્તિ આરોગ્ય બધું જ મળ્યું છે જ્યારે પુણ્ય પરવારશે અને પાપ કર્મનો ઉદય થશે ત્યારે થતા રોગ-વ્યાધિ-વેદના અંતરાય કર્મો કેવી રીતે સહન કરી શકશો.'' એમ ઠપકો જ આપે, રોજ ઠપકો આપે. શ્રીમતીએ ક્યારેય તેમના કાર્યોને સારા કહ્યા નથી. રોજ રાત્રે આજ વાર્તાલાપ ચાલે.

તમે તમારી બધી વાત તમારી ધર્મપત્નીને કહી શકો કે નહીં? કદાચ તમારા કાળાધોળામાં અને પાપક્રિયામાં તમારી પત્ની સંમત હોય તો હજુ કહો પરંતુ તમારા આવા કાર્યોમાં હા ન હોય... ''પુણ્યના ઉદયે જ મળશે તે ચલાવી લઇશું પણ આવી પ્રવૃત્તિ ન કરો'' તેવું વારંવાર કહ્યા જ કરતી હોય તો પત્ની કેવી

લાગે? પત્ની હિતચિંતક લાગે કે કટકટ કરનારી લાગે? તમારી જાતને પૂછી લેજો એકવાર... બેવાર પત્નીએ ના પાડી પછી કદાચ પત્નીને કહેવાનું બંધ થઇ જાય પણ તમારા કાળાધોળા કરવાના કાર્યો ન બદલાય.

શ્રીકાન્ત તમારા જેવા ન હતો માટે કલ્યાણ સાધી ગયા શ્રીમતીને રોજ રાત્રે કહીને હૈયું ખાલી કરી દે છે. પત્ની પણ તેમના આત્માની ચિંતા કરે છે. રોજ ના પાડે આવું ન કરાય; ત્યારે શ્રીકાન્ત પણ કબુલાત કરે, નિર્દોષ ભાવે કહે ''સારું, હવે આવા પાપ કર્મો નહીં કરું,'' આમ કબૂલાત કરવા છતાં બીજા દિવસે સવારે એજ શિકારના પાપો કરવા તૈયાર. આ નિત્યક્રમ, પાપકર્મ કરવા પત્ની ના પાડે, રોજ ના પાડે, પ્રતિદિન સમજાવવા પ્રયત્ન કરે, પરંતુ શ્રીકાન્તને પત્ની પ્રત્યે નફરત નહીં... તિરસ્કાર ભાવ નહી કે ''રોજ કટકટ કરે છે તેથી રહેવા દે નથી કહેવું, તેને શું ખબર પડે? શિકાર વિગેરેમાં કેવી મજા આવે તે સ્ત્રીઓને ક્યાંથી ખબર હોય'' આવો વિચાર પણ શ્રીકાન્તને નથી આવતો. નિત્ય નિખાલસ ભાવે કહી દેવાનું, હૈયું ખાલી કરી દેવાનું, પાપ પેટમાં રાખવાનું નહી.

તમારા જીવનમાં જે કોઇ સારી ખોટી પ્રવૃત્તિ કરો તે માટે તમારે કોઇ અંગત વ્યક્તિ ખરી કે નહી? જેની સમક્ષ સામે ચઢીને નિખાલસ ભાવે હૈયું ખાલી કરી શકાય બધું જ કહી શકાય આપણી પ્રવૃત્તિ-ક્રિયા પણ કહેવી અને ભાવોની તીવ્રતા લઘુતા પણ કહેવી. ત્યાર પછી આવતો આનંદ પણ વ્યક્ત કરી દેવો. **પાપ તો અશુભ છે, કચરો છે, મડદું છે, જેટલો સમય હૈયામાં વધુ પડ્યું રહે તેટલું વધુ ગંધાય, વધું જામ થતું જાય.** શ્રીકાન્ત નિખાલસ ભાવે જેવી હકીકત બની હોય તેવી પત્ની સામે કહી દેતો. પત્નીનો ઠપકો પણ સાંભળી લેતો. છતાં પત્ની પ્રત્યે કોઇ અણગમો નહીં. પત્ની શ્રીમતી પણ ચિંતા કરતી કે મનુષ્ય ભવ પામી આટલી હિંસા-પાપ કરી કઇ ગતિમાં જશો? **ધર્મપત્ની હોય તે આત્માની ચિંતા કરે. માત્ર ઇહલૌકિક શરીર સંપત્તિ વૈભવ કે વાસનાની ચિંતા કરનારને ધર્મપત્ની ન કહેવાય.** શ્રીમતી સતત શ્રીકાન્તની દુર્ગતિ ન થાય તેની ચિંતા કરતી હતી. એકવાર નગરમાં જ્ઞાની ગુરુ ભગવંત પધાર્યા છે. ત્યારે ગુરુ ભગવંતને શ્રીકાન્ત રાજાના પાપ વ્યાપારની સંપૂર્ણ વાત કરીને કહે છે, આટલા બધા પાપો

તો કર્યા છે. પરંતુ દુર્ગતિ ન જાય તેવો કોઈ માર્ગ બતાવો ત્યારે ગુરુદેવે નવપદ-સિદ્ધચક્રની આરાધના બતાવી. શ્રીકાન્ત અને શ્રીમતીએ સાથે રહી અત્યંત ભાવ પૂર્વક પૂર્વના પાપકર્મના પશ્ચાત્તાપપૂર્વક સિદ્ધચક્રની આરાધના કરી જેથી શ્રીકાન્તમાંથી શ્રીપાલ બન્યા.

**શ્રીપાલ જેવું પાપ રહિત જીવન બને તો બહુ સારું. અન્યથા પાપમય જીવનમાં પણ સર્વસ્વના ભોગે એકાદ ગુણ આત્માના પ્રદેશે પ્રદેશે રમતો કરી લેશો તો તે ગુણની પ્રધાનતાએ બીજા ગુણો ખેંચાઈ આવશે, દોષો ટળશે તે વાત શ્રીકાન્ત રાજા કહી રહ્યા છે.**

## 'નિસીહી'

સિદ્ધચક્રના પ્રભાવથી શ્રીપાલ નિરોગી થયા, સ્વરૂપવાન બન્યા... કોઢીયાને બદલે આવા સ્વરૂપવાન યુવાન સાથે પોતાની દીકરી મયણાને જોઈ માતા રૂપસુંદરી રૂદન કરવા લાગી. અને ખબર પડી કે આ સ્વરૂપવાન કોઢીયો કુંવર જ છે. ત્યારે હર્ષ ઘેલી બનેલી માતા રૂપસુંદરી 'આ કેવી રીતે બન્યું?' તે હકીકત પૂછે છે. ત્યારે મયણા કહે છે કે જિનાલયમાં વાર્તાલાપ કરવાથી 'નિસીહી'નો ભંગ થાય છે. અહીં કોઈ વાત ન થાય. પૂજા વિધિ બાદ ઘરે લઈ જઈ કમલપ્રભા (શ્રીપાલની માતા) બધી વાત કરે છે. વિકટ પરિસ્થિતિમાં છુટા પડેલા મા-દીકરી ઘણા સમયે ભેગા થાય છે છતાં, જિનાલયમાં વાત ન થાય તે કેટલો બધો શાસનની વિધિનો વિવેક છે, મર્યાદા છે.

# ૪) પરાકાષ્ઠા; ઉપકાર અને અપકારની...

શ્રીપાલ કથામાં બે પાત્રો.

(૧) શ્રીપાલ અને

(૨) ધવલ.

તે બન્નેનો વિચાર કરીએ તો બન્નેનો સહવાસ ૧ વર્ષ પણ રહ્યો નથી. આટલા ટૂંકા ગાળામાં બન્નેની પ્રવૃત્તિ અને મનોદશાના આધારે વિચારીએ તો શ્રીપાલ ઉપકારની પરાકાષ્ઠા છે અને ધવલ એ અપકારની પરકાષ્ઠા છે. ધવલ; શ્રીપાલ ઉપર સતત અપકાર કરતો જાય છે. જાનથી મારી નાખવા માટે પણ ત્રણ ચાર વાર પ્રયત્નો કર્યા છે; છતાં શ્રીપાલને તે ધવલ પ્રત્યે કોઈ નફરત નથી, તિરસ્કાર નથી, ભય પણ નથી. પોતાનો દ્વેષી મૃત્યુના મુખમાં પહોંચી જાય છે.. તો યમરાજના દરબારથી પણ શ્રીપાલ પાછા લાવ્યા છે. અપકારીને ઉપકારી પિતાતુલ્ય ગણે છે. **અપકાર અને ઉપકારની ગાડી સ્વયંભૂ ચાલ્યા કરે છે. બન્ને પોત પોતાની વૃત્તિમાં મસ્ત છે. કોઈ પોતાની મનોવૃત્તિને છોડવા તૈયાર નથી.** ધવલ દ્વારા થતી હેરાનગતિ શ્રીપાલને ક્યારેય હેરાનગતિ લાગતી નથી. તો શ્રીપાલ દ્વારા થતા ઉપકાર ધવલને ક્યારેય ઉપકાર રૂપ લાગ્યા નથી. જહાજમાં મિત્રો સામે ધવલ વાત મૂકે છે. શ્રીપાલને મારવાની, ત્યારે મિત્રો ધવલને સમજાવે છે કે તારી ઉપર કેટલો ઉપકાર કર્યો છે. જહાજો છોડાવ્યા, દસ ગણું ભાડું આપ્યું, મહાકાલ રાજાથી મુક્તિ અપાવી, બધું જ ચાલ્યું ગયું તે પાછું લાવી આપ્યું. આવા વ્યક્તિને તો ઉપકારી મનાય, તેની પૂજા કરાય, તેને માટે આવો વિચાર કરાય જ કેમ? મિત્રો દ્વારા ઘણું સમજાવવા છતાંય ધવલની દુર્જનતા, અપકાર વૃત્તિ, પડાવી લેવાના ભાવો, શાંત પડતા નથી. કેવી કર્મની

કરુણતા સાચી સલાહ આપનારા મિત્રો પણ તેણે હવે પોતાના મિત્રો નથી લાગતા, દુશ્મન હોય તેવું અનુભવાય છે. **આપણા જીવનમાં પણ આપણી વિચાર ધારા કરતાં તદ્દન વિપરીત પણ સાચી સલાહ હોય તો આપણને ગમે કે ન ગમે? આપણા આત્માની કાળાશ કે ઉજળાશ કેટલી છે તે આના દ્વારા માપી શકાય છે.**

શ્રીપાલની સંપત્તિ, પત્નીઓ પડાવી લઇ પોતાની કરવા ધવલે સતત કેટકેટલા પ્રયત્નો કર્યા? 'હું ખોટું કરી રહ્યો છું' તે વિચાર પણ તેને આવતો નથી.. તો શ્રીપાલ સતત ઉપકાર વર્ષા કરી રહ્યા છે. આ મારા દ્વેષી છે. હેરાન કરે છે, પડાવી લેનાર છે. તેવો કોઇ વિચાર શ્રીપાલને આવતો નથી. આમ શ્રીપાલ એ ઉપકારની પરાકાષ્ઠા છે. જ્યારે ધવલ એ અપકારની પરાકાષ્ઠા છે.

ધવલે શ્રીપાલ ઉપર કેટલા અપકાર કર્યા જરા જોઇએ...

(૧) ભૃગુકચ્છમાં દેવીને બલિ ચઢાવવા શ્રીપાલને પકડવાનો પ્રયત્ન - યુદ્ધ કરે છે. રત્નદ્વિપમાં (જ્યાં જિનાલયના દ્વાર બંધ થયા છે) શ્રીપાલ પોતાનો વેપાર ધવલને સોંપીને જાય છે. તે વેપારમાં ગરબડ... મોંઘા ભાવે વેચેલો માલ સસ્તા ભાવથી વેચવો પડ્યો અને નવો ખરીદેલો માલ મોંઘા ભાવથી ખરીદ્યો તેમ બતાવી મોટા ગાળીયા રાખ્યા.

પોતાને બંધનમાંથી છુટવા તથા મહાકાળ રાજાની પાસેથી સંપત્તિ છોડાવી પાછી લાવવામાં શ્રીપાલને આપવી પડેલી અડધી સંપત્તિ, બબ્બરકુટ અને રત્નદ્વિપથી બે રાજકન્યાઓ સાથે લગ્ન કરી કરીયાવરમાં આવેલી સમૃદ્ધિ જોઇ આતો મારાથી ચડી ગયો, તેનું બધું પડાવી લઉં તેવી ભયંકર ઇર્ષ્યાની આગ લબકારા મારવા લાગી.

રત્નદ્વિપથી નિકળ્યા પછી ધવલે શ્રીપાલને મારીને પોતાનું બધું કરવાની બુદ્ધિથી શ્રીપાલને દરીયામાં નાખ્યો.

પત્નિઓને પોતાની કરવા સાંત્વનના નામે દુર્વ્યવહારનો પ્રયત્ન.

સમુદ્રમાં નાખ્યા પછી પણ શ્રીપાલને જીવતો નિહાળી પેટમાં ફાળ પડી.

અને ડુંબનું કલંક ચડાવી જાનથી મારી નાખવા યોજના ઘડી.

ડુંબના કલંકનો ફંદો ફૂટતાં રાજાએ ધવલને ફાંસીનો દંડ કર્યો. શ્રીપાલે છોડાવીને પોતાના જ મહેલમાં તેને પિતાના સ્થાને રાખ્યા તો પણ ધવલને શાંતિ થતી નથી. ઈર્ષ્યાની આગ અંતરને બાળી રહી છે અને છેવટે પોતાના હાથે જ ઉપકારીને ખતમ કરવા મધ્યરાત્રીએ કટારી લઈ ઉપર ચડે છે અને પોતે જ મરે છે.

શ્રીપાલને જાનથી મારી નાખવા ૪-૪ વાર પ્રયત્ન કરવા છતાં ધવલ નિષ્ફળ થાય છે... છેવટે ધવલ જ મરે છે.

શ્રીપાલ સમજે છે, ખબર છે કે ધવલને મારી સંપત્તિ, વૈભવ, વેપાર અને પત્નીઓ જોઈ ઈર્ષ્યા આવે છે, છતાં શ્રીપાલ ધવલને ક્યારે દ્વેષી-દુશ્મન તરીકે નિહાળતો નથી. પ્રત્યેક ક્ષણે તેને સજ્જન માનીને જ વ્યવહાર કરે છે. ઉપકાર ઉપર ઉપકાર કરતા જ જાય છે. અપકારી ઉપર ઉપકાર કરતા રહે છે. **શ્રીપાલ એ તો ઉપકારની પરાકાષ્ઠા છે. અપકારી ઉપર પણ ઉપકાર કરનાર છે.**

તો ચાલો; શ્રીપાલે ધવલ ઉપર કરેલ ઉપકાર શ્રેણીને વિચારીએ.

જહાજમાં ભાડુ નક્કી કરી મુસાફરી કરવા ગયા તેનું દસ ગણું ભાડુ આપ્યું.

ભૃગુકચ્છમાં (ભરૂચમાં) દેવી દ્વારા બંધાયેલા ધવલના જહાજોને શ્રીપાલે છોડાવી આપ્યા.

બબ્બરકુટમાં મહાકાળ રાજાથી પોતાની મુક્તિ અપાવી અને સંપત્તિ પાછી લવાઈ.

રત્નદ્વિપમાં સ્વણકિતુ રાજાએ ટેક્ષ-જકાતના પ્રશ્ને પ્રતિસામનો કરતાં રાજાએ ધવલને ફાંસીની સજા આપી ત્યારે શ્રીપાલે છોડાવ્યો.

કોંકણમાં ડુંબના કલંકમાં તરકટ પકડાતાં રાજાએ ધવલને ફાંસીની સજા ફટકારી ત્યારે મૃત્યુના મુખમાંથી શ્રીપાલે ધવલને બચાવ્યો અને પોતાના મહેલમાં પિતાના સ્થાને રાખ્યા.

ધવલનું મૃત્યું થયું ત્યારે આખું નગર ખુશ છે. હાય! નગરમાંથી પાપ ગયું

તેમ માને છે. શ્રીપાલ નાના બાળકની જેમ પોક મૂકી રડે છે.

ધવલના મૃત્યુ પછી તેની સંપત્તિ જહાજોનો માલિક કોણ? શ્રીપાલ તપાસ કરાવી ધવલના પુત્રને શોધે છે. અને બધું પુત્રને સુપ્રત કરે છે.

શ્રીપાલ જ્યારે સ્વસામ્રાજ્યનો માલિક બને છે ત્યારે ધવલના પુત્રને બોલાવી નગરશેઠની પદવી આપે છે.

ધવલની અપકાર માલા સામે શ્રીપાલની કેટલી ઉપકારવૃત્તિ છે, બેમાંથી આપણને શું ગમે? અને આપણી વૃત્તિ કેવી છે? **ઉપકારીનો નાનો પણ ઉપકાર ભુલવો નહિ. તે નૈતિક દૃષ્ટિએ સારી વાત છે. પણ...**

**મહાઅપકારીને પણ ઉપકારી માની સતત ઉપકાર કરતા રહેવું તે શ્રીપાલ વૃત્તિ છે.**

**ઉપકારી ઉપર અપકાર કરવા તે ધવલ વૃત્તિ છે.**

આપણે કેવા છીએ?

અપકારીને પણ ઉપકારી માનવો તે શ્રીપાલ જેવો ઉત્તમ છે.

ઉપકારીને ઉપકારી માનવો તે મધ્યમ વ્યક્તિ છે.

ઉપકારીને હેરાન પરેશાન કરવા ને અપકાર કરવા તે ધવલની જેવો અધમ વૃત્તિવાળો છે.

શ્રીપાલ કથાના માધ્યમે આપણું પોતાનું જીવન દર્શન કરી આપણી મનોવૃત્તિને ઓળખવાની છે અને તેમાં યોગ્ય સુધારો કરવાનો છે.

**ઉપકારીને ઉપકારી માનવો તે વ્યવહાર છે.**

**અપકારીને ઉપકારી માનવો તે ધર્મ છે.**

## ૫) વધારે શું? શ્રીપાલને મળ્યું તે કે શ્રીપાલે જતું કર્યું તે?...

નવપદ-સિદ્ધચક્રના પ્રભાવથી શ્રીપાલને ધન-સંપત્તિ, વૈભવ, રાજ્ય, પત્નીઓ વિગેરે કેટલું કેટલું મળ્યું તે શ્રીપાલ કથાના વાચકો શ્રોતાઓ કથકોને ખ્યાલ જ છે..

સંપત્તિ પ્રાપ્તિ અને વૈભવિક વાતોથી બાળ જીવોને (અધ્યાત્મ તરફ નહી વળેલા પુદ્ગલ પ્રેમી જીવોને) અન્ય કથાઓ કરતાં આ કથામાં વિશેષ રસ જાગે છે. પરંતુ **શ્રીપાલ કથા એ માત્ર નવપદની આરાધનાથી મળતી સંપત્તિ વૈભવનું દર્શન કરાવનારી જ કથા નથી. થોડા ચિંતન દ્વારા ઉંડાણમાં જાવ તો... ખ્યાલ આવે કે શ્રીપાલને નવપદની આરાધનામાં મળ્યું તે વધારે હતું કે શ્રીપાલે મળતું કે મળી ગયેલું અનાસક્ત ભાવથી છોડી દીધેલું તે વધારે હતું?**

શ્રીપાલને કેટલું મળ્યું તે દેખાય છે, પરંતુ શ્રીપાલે ખરેખરી જરૂરીયાતના સમયે પણ કેટલું જતું કર્યું તે ક્યારેય વિચાર્યું છે?

(૧) પોતાને સંપત્તિ પૈસાની અત્યંત આવશ્યકતા હતી. પોતાનું સામ્રાજ્ય મેળવવા સેના જોઇએ, સેના માટે પૈસા સંપત્તિ જોઇએ. શ્રીપાલ સંપત્તિ મેળવવા એકલવીર બની કમાવવા નીકળ્યો છે અને માર્ગમાં આવેલા જંગલમાં ગિરિ ઉપર બે સાધકોને શ્રીપાલના સાનિધ્યથી રસ સિદ્ધિ થઇ સાધકો તે રસસિદ્ધિ શ્રીપાલને આપવા તૈયાર થયા છે. છતાં... શ્રીપાલ વિચારે છે કે આ સાધકો કેટલા સમયથી મહેનત કરે છે, બીજાની મહેનતનું મારે ન લેવાય. જરા વિચારી જુઓ... ઉપકારની દ્દષ્ટીએ અપાતી આ સુવર્ણ સિદ્ધિ શ્રીપાલે લઇ લીધી હોત તો... પોતે આખી જિંદગીમાં કેટલું સોનું બનાવી શકત? પોતાના જીવનની સઘળી સમસ્યા ટળી જાત છતાં ન સ્વીકાર્યું, છોડી દીધું.

(૨) શ્રીપાલને રાજા બનવાના અરમાન છે. કોઇના અહેસાન વિના પોતાના બાહુબલથી રાજા બનવું છે. આવા સમયે બબ્બરકુટ નગરમાં ધવલને છોડાવવા માટે મહાકાલ રાજા સાથે શ્રીપાલ યુદ્ધ કરે છે. એક બાજુ રાજા અને સૈનિકો છે, બીજી બાજુ માત્ર એકલવીર શ્રીપાલ છે... છતાં શ્રીપાલ જીતી જાય છે. મહાકાલ રાજાને હરાવે છે. રાજનીતિ પ્રમાણે 'જીતે તેનું રાજ્ય' એ ઉક્તિ અનુસાર મહાકાલનું રાજ્ય-સેના સંપત્તિ બધું જ શ્રીપાલનું બની ગયું, શ્રીપાલ હવે રાજા બની શકે છે. છતાં શ્રીપાલ મહાકાલને તેનું રાજ્ય પાછું આપી દે છે... પોતાના બાહુબલથી રાજ્ય મળી ગયું હોવા છતાં શ્રીપાલ તેનો ત્યાગ કરે છે.

(૩) ધન સંગ્રહ કરવા નીકળેલ શ્રીપાલ પોતાને ખબર છે કે ધવલ મારી ઉપર ઇર્ષ્યા કરે છે. મારા વેપારને બગાડી નાખશે. છતાં પોતાના વ્યાપારની તમામ જવાબદારી ધવલને સોંપે છે, મારી આવક ઓછી થઇ જશે, કમાણી ધવલ લઇ લેશે વિગેરે કાંઇ વિચારતો નથી.

(૪) ધવલ ઉપર શ્રીપાલ સતત ઉપકાર કરતો રહે છે. છતાં ધવલને હૈયામાં શાંતિ નથી, શ્રીપાલને પોતાના હાથે જ મારી નાખવા ધવલ પ્રયત્ન કરે છે અને ધવલ જ મરી જાય છે. ધવલના મૃત્યુ બાદ તેની સંપત્તિ વૈભવ જહાજ વેપાર બધું જ શ્રીપાલને મળી શકતું હતું. ધવલનો કોઇ જ વારસદાર-પરિચિત સાથે ન હતું અને શ્રીપાલ રાખે તો કોઇ આંગળી ચિંધણું કરે તેવું પણ કોઇ ન હતું છતાં કોઇ વસ્તુ ના લેતાં તેના વારસદારની તપાસ કરાવી બોલાવીને તેને બધું સુપ્રત કર્યું.

(૫) સ્વયંવર મંડપ અને રાધાવેધના પ્રસંગે રાજાઓ સાથે યુદ્ધ થાય છે, જીતી લે છે છતાં કોઇના પણ રાજ્ય લેવાની ઇચ્છા શ્રીપાલની નથી.

(૬) પોતાના રાજ્યને પાછું આપવાની મીઠી માંગણીથી છંછેડાઇ અજિતસેન કાકા યુદ્ધ કરી શ્રીપાલને પોતાના જ હાથથી મારી નાખવા રૌદ્રધ્યાનની આગમાં લપટાયા છે. અજિતસેન યુદ્ધ કરે છે ત્યાં શ્રીપાલ જીતી જાય છે. પિતાનું રાજ્ય અને અજિતસેન-કાકાનું રાજ્ય એમ બન્ને રાજ્ય શ્રીપાલના થઇ ગયા પરંતુ શ્રીપાલ તેજ યુદ્ધભૂમિ ઉપર ક્ષણમાત્રનો વિચાર કર્યા વગર જ કાકાને તેમનું

રાજ્ય પાછું આપી દીધું છે. તે પણ નફરત-તિરસ્કાર વિના વડીલના પૂજ્યભાવથી જ રાજ્ય પાછુ આપ્યું છે.

ઉક્ત પ્રસંગોને વિચારતાં શ્રીપાલના ત્યાગમય જીવન અને અનાસક્ત ભાવો નજર સમક્ષ ઉપસ્યા વિના રહેતા નથી. શ્રીપાલને જેટલું મળ્યું તેને એક બાજુ મુકો અને શ્રીપાલે જેટલું જતુ કર્યું-છોડી દીધું તેણે એક બાજુ મૂકો તો... જતું કર્યું તે વધી જશે. આખી જિંદગી જેટલું જોઈએ તેટલું સુવર્ણ બનાવી શકતો હતો. કેટલા બધા રાજ્યો તેને મળી શકતા હતા? છતાં આ બધું જતું કરવું એજ અનાસક્ત ભાવની પ્રતિતિ કરાવે છે. **પોતાની ઈચ્છાઓ, અપેક્ષાઓ અને જરૂરીયાતો હોવા છતાં, તે પૂરી થઈ શકે તેમ હોવા છતાં, પોતાની શક્તિથી મળેલું હોવા છતાં, તેનો ત્યાગ કરવો તેજ આરાધક ભાવની નિશાની છે. હાયવોય કરીને, અન્યાય અનીતિ કરીને, બીજાને હેરાન પરેશાન કરી બધાનું લઈ લઉં આવી વૃત્તિ-મનોદશાવાળો ભલે ગમે તેટલી ધર્મ ક્રિયા કરતો હોય પરંતુ હજુ તેને ધર્મપરિણત થયો નથી.** શ્રીપાલ આપણને જીવન સંદેશ આપે છે કે... ધર્મ પરિણત કરવા ન્યાય-નીતિ, વ્યવહારશુદ્ધિ, અંતરશુદ્ધિ વિગેરે ખાસ જરૂરી છે.

**'મલ્યું તે મારું' અને 'મલે તેટલું મેળવી લેવું'**
**આ ભાવોમાં અનાદિકાળથી રમતા આવ્યા છીએ. આ રમણતા**
**તોડવા માટે જ સિદ્ધચક્ર-નવપદની આરાધના છે.**

# ૯) મયણા (મદના) અને સુરસુંદરી

શ્રીપાલ કથાના પ્રારંભિક વિભાગમાં બે ભગીની પાત્રો છે. મયણા અને સુરસુંદરી. મયણાને સંસ્કૃતમાં 'મદના' કહેવાય છે. બન્નેના નામમાં રહેલ ગુપ્ત સંદેશ સમજવા જેવો છે.

મદના કહે છે મદ-ના, મદ=અભિમાન, ન=નહીં, અર્થાત્ ''અભિમાન કરીશ નહીં, અભિમાન કરતું હોય તેની સામે ઝૂકીશ નહીં, વ્યવહાર-મર્યાદા ચૂકીશ નહીં.'' મયણાને નથી પોતાના રૂપનું અભિમાન, નથી સંપત્તિનું અભિમાન, તેના જીવનમાં છે નમ્રતા, વિનય અને વિવેક. મયણા મર્યાદાશીલ છે, તે ક્યાંય મર્યાદા ચૂકતી નથી.

સુરસુંદરી એટલે...? સુર=દેવ, સુંદરી=કન્યા, અર્થાત્ દેવકન્યા જેવું પોતાનું રૂપ માની લીધું છે, જેના કારણે જાહેરમાં મર્યાદા ચૂકે છે. પોતાના રૂપ અનુસાર વરની પસંદગી પોતાની છે, તેની ઇચ્છાનુસાર પિતાએ ઠાઠમાઠથી અરિદમન રાજકુમાર સાથે પરણાવી છે. પરંતુ સુરસુંદરી પોતાના ઘર સુધી પણ પહોંચી શકતી નથી... લગ્ન બાદ પોતાના નગરમાં પ્રવેશોત્સવ કરવા નગર બહાર રાત્રી રોકાણ કર્યું છે. સવારે ઢોલ શહનાઇ વાગવાના છે. અબીલ ગુલાલ ઉડવાના છે, તૈયારીઓ પરિપૂર્ણ થઇ ગઇ છે. પરંતુ 'ન જાણ્યું જાનકી નાથે...' ની જેમ પ્રથમ રાત્રીએ ધાડપાડુઓ આવતાં જ પોતાની નવોઢા પત્નીને મૂકી, ક્ષત્રિય હોવા છતાં અરિદમન, ભાગે છે. સુરસુંદરીની કલ્પેલી વિચારોની મહેલાતો ભોંયભેગી થઇ જાય છે. રાજકુમારીમાંથી રાજરાણી બનવાના કોડવાળી સુરસુંદરીને નટકન્યા બનવું પડે છે, ધાડપાડુઓ સુરસુંદરીને લઇ જઇ નટમંડળીમાં વેંચે છે. છેવટે નાટક શીખવા પડે છે. કેવી કરુણ સ્થિતિ!

આપણા જીવનમાં પણ આપણે શું વિચાર્યું હોય અને શું થઇ જતું હોય

છે? ક્યારેય નહીં કલ્પેલી પરિસ્થિતિઓ આવી પડે છે. રડતાં રડતાંય સ્વીકારવી પડે છે. અરિદમન રાજપુત્ર છે, ક્ષત્રિય છે, છતાં પોતાની નવોઢા પત્નીને બચાવવા ધાડપાડુઓનો સામનો પણ કરતો નથી, કાયરની જેમ ભાગે છે, એક સામાન્ય વ્યક્તિ પણ પોતાની પત્નીને બચાવવા માટે લડી લે છે, જાન પણ ગુમાવી દેતો હોય છે, અહીં તો... ક્ષત્રિય છે, યુદ્ધ માટે ટેવાયેલો છે... છતાં... અરિદમન ભાગે છે. વ્યક્તિનું જ્યારે આસમાને ચડેલું પુણ્ય પરવારે છે ત્યારે કોણ બચાવી શકે? સુરસુંદરીનું પુણ્ય પરવાર્યું છે તીવ્ર નિકાચિત અશુભ કર્મોદય શરૂ થયો છે. ત્યાં બિચારા અરિદમનનું શું ચાલે? તેનામાં ક્ષાત્રવટ હોવા છતાં સુરસુંદરીનું દુષ્કર્મ જ ભાગવાનું સુઝાડે છે. કર્મની કેવી કરુણ સ્થિતિ છે? બાહ્યરૂપમાં પાગલ બનેલી સુરસુંદરી નાટક મંડળીમાં ક્યાં ક્યાં રખડે છે? પોતાની જાતને પણ ભૂલી જાય છે, નૃત્યાંગના બની વિવિધ ખેલો કરે છે. **જગતના જીવોની પણ આવી જ કરુણ સ્થિતિ છે. પોતાના આત્મસ્વરૂપનું ભાન ભૂલી કર્મ નચાવે તેમ સંસારના રંગમંચ ઉપર નાચી રહ્યા છે.**

સુરસુંદરીની નાટક મંડળી બબ્બરકુલના મહકાળ રાજાએ ખરીદી લીધી અને પોતાની દીકરી મદનસેનાના લગ્ન સમયે કરીયાવરમાં નવ નાટક મંડળી આપી તેમાં સુરસુંદરી શ્રીપાલના તાબામાં આવી. નૃત્યાંગના સુરસુંદરીને ખબર નથી કે હું જેની સામે નૃત્ય કરી રહી છું તે મારા જીજાજી જ છે અને શ્રીપાલને પણ ખબર નથી કે આ નૃત્યાંગના મારી સાળી (મયણાની બેન) સુરસુંદરી છે, જ્યારે પ્રજાપાલ રાજા શ્રીપાલની સામે આવે છે, બન્ને પક્ષનો આખો પરિવાર ભેગો થયો છે ત્યારે આનંદ... મોજ... મજા... માટે નૃત્ય-નાટક ચાલુ કરવાનો શ્રીપાલનો આદેશ થાય છે. છતાં નૃત્ય પ્રારંભમાં વાર લાગે છે... છેવટે તે સમયે પરિવાર સમક્ષ આ નૃત્યાંગનાની કર્મ કહાની (રાજકુમારી સુરસુંદરી)નું રહસ્ય ખૂલે છે...

હવે મયણા તરફ એક દૃષ્ટિપાત કરીએ....

મયણા કહે છે; મદ-ના કરીશ, મર્યાદામાં રહે, ભલે; અંધારુ દેખાય પણ આગળ પ્રકાશ છે, ભલે; દુઃખોની હારમાળા દેખાય પણ તેની પેલે પાર સુખનો

સાગર છે.

મયણાની સામે ભયંકર દુર્ગંધ મારતો કોઢીયો વર તરીકે આવીને ઉભો છે, પરંતુ પિતા નક્કી કરે છે તો મયણા હસતે મોંએ સ્વીકારી લે છે, કોઇ ખિન્નતા નહીં, કોઇ ઉદાસીનતા નહીં, માત્ર પ્રસન્નતા! પિતા જાહેરમાં મર્યાદા ચૂક્યા છે. દીકરીઓના અભ્યાસની રાજસભામાં પરીક્ષા બાદ જાહેરમાં તેજ સભામાં વરની પૃચ્છા કરે છે. સુરસુંદરી તો ઇશારો કરી પોતાની પસંદગી જણાવી દે છે અને લગ્ન નક્કી પણ થઇ જાય છે. પરંતુ મર્યાદાશીલ મદનાને પૂછતાં લજ્જા અને વિવેકથી અધોમુખી બની મૌન રાખે છે તો પુનઃ પિતાનો તે જ પ્રશ્ન આવતાં ભાન ભૂલેલા પિતાને જવાબ નથી આપતી, મયણા સમજે છે કે આર્ય સંસ્કૃતિમાં વરની પસંદગી માતા પિતા કરે. તેઓ જે પસંદ કરે તે દીકરીને આજીવન માન્ય જ હોય અને તે બાબતે માતાપિતા તો નિમિત્ત માત્ર છે. બાકી તો પોતપોતાના કર્મ પ્રમાણે પરિસ્થિતિઓ સર્જાતી હોય છે. છતાં પિતાજી જાહેરમાં પૂછી રહ્યા છે તે માર્ગ ભૂલ્યા છે, મર્યાદા ચૂક્યા છે આથી મયણા તે સંબંધી કાંઇ જવાબ નથી આપતી, મર્યાદા નથી મૂકતી. પરંતુ જિનશાસનનો કર્મવાદ પિતાજી સમક્ષ સ્થાપન કરી પિતાના ભાનને ઠેકાણે લાવવા પ્રયત્ન કરે છે. આ ચર્ચામાં ગુસ્સાથી ધમધમતા પિતા મયણાની સામે કોઢીયાની સાથે લગ્નનો પ્રસ્તાવ મૂકે છે... મયણા તો કોઢીયાને પણ હસતે મોંએ સ્વીકારી લે છે.

અહીં વિચારવાનું છે કે... મયણા કેટલી મર્યાદાશીલ છે? મયણાને શાસ્ત્ર અભ્યાસ હોવા છતાં વૈરાગ્ય થયો નથી. આવી વિકટ સ્થિતિ આવવા છતાં પણ વૈરાગ્ય થતો નથી... દીક્ષાની ભાવના થતી નથી તો... આર્યમર્યાદા પણ તોડવી નથી. પોતે જે કર્મવાદની સ્થાપના કરી છે તેને જ આગળ કરીને પિતાજીને કહી શકતી હતી કે ''પિતાજી! આ તો તમારો લાવેલો વર છે... મારા કર્મમાં જે હશે તેને હું પસંદ કરી લઇશ!'' આ પ્રમાણે કહી પોતાના અંધકારમય જીવનમાંથી તત્કાળ છુટી શકતી હતી; પરંતુ વિવેકી કહેવાય કોને? મર્યાદાશીલ કહેવાય કોને? ભરસભામાં જડબેસલાક કર્મનો સિદ્ધાંત સ્થાપનારી મયણા કોઇ તર્ક-દલીલ વગર, કોઇપણ હીચકીચાટવગર, ક્ષણમાત્રનો વિલંબ કર્યા વગર, કોઢીયાને સ્વીકારી લે છે..! કોણ સમજી શકશે આ મયણાની મર્યાદા-પરાકાષ્ઠાને..?

મયણા કહે છે–**માઝામાં મજા છે, મર્યાદામાં મજા છે. પિતા મર્યાદા ચૂક્યા છે, સુરસુંદરી મર્યાદા ચૂકી છે, સભાજનો પણ જાહેરમાં મર્યાદાભંગ પૂર્વક સુરસુંદરીના અરિદમન સાથેના લગ્નની જાહેરાત સાંભળી હરખાઇ હરખાઇને મર્યાદા ચૂકે છે. મયણા વિચારે છે... બધા મર્યાદા ચૂકશે તો કુદરત મર્યાદામાં રહેશે કેવી રીતે? મર્યાદાની સીમા રેખા હોય છે, તેમાં ઘણું જતું કરવું પડે છે, પરંતુ... છેવટે તો તે જ રક્ષણ કરનાર છે.**

મયણા સમજે છે કે પિતાજી વાત કરે છે 'હું કહું તે થાય' તે વળી વ્યવહારનયથી સાચી છે પરંતુ પિતાજી ગર્વના કારણે વ્યવહાર–મર્યાદા ચૂકી રહ્યા છે તેમના અંતરના ઉંડાણમાં આ વાત બેસી ગઇ છે. માનકષાય સવાર થઇ ગયો છે. ખોટા રસ્તે ચડી ગયા છે ત્યારે તેમને કર્મવાદ સમજાવવો તે અલગ વાત છે. કર્મવાદનો અભ્યાસ છે સમજાવી શકાય... પરંતુ ''વરની પસંદગી તો પિતાએ જ કરવાની હોય'' આ આર્ય સંસ્કૃતિનો વ્યવહાર કપરી પરિસ્થિતિ સર્જે તેવો છે છતાં તેને અખંડ રાખે છે. આ છે સ્યાદ્‌વાદની પરિપક્વતા. આ છે મયણાનો વિવેક, મયણાની નમ્રતા. સ્યાદ્વાદી ક્યારેય મર્યાદાને ન ચૂકે.... મયણા કહે છે – મર્યાદામાં રહો, ભલે; તત્કાળ લાભ ન દેખાય, સત્તા, સંપત્તિ, સૌંદર્ય, રૂપ, ઐશ્વર્ય આદિ કોઇ પણ મદ ન કરો. લજ્જા, મર્યાદા, નમ્રતા રાખે તો સર્વત્ર આનંદ છે. મયણાને કોઢીયા સાથે પિતાએ વળાવી, કોઢીયો ઉંબર છોડીને જવાનું કહે છે છતાં મયણા જતી નથી. રૂપ, લાવણ્ય, આરોગ્ય, સુખશાંતિ જોખમમાં છે છતાં કોઢીયા ઉંબરને છોડવા તૈયાર નથી. આ સ્થિતિમાં પણ મયણાને પિતા પ્રત્યે દ્વેષભાવ નથી પૂજ્યભાવ છે. પિતાએ ગુસ્સામાં આવી ભલે કોઢીયા સાથે વળાવી પરંતુ મયણાએ મર્યાદા ન જ વટાવી, તો... છેવટે કેવી સ્થિતિ સર્જાઇ તે નજર સામે છે. છેલ્લે–

મયણા અને સુરસુંદરી બંને બહેનો છે.

મયણા કહે છે – જીવનમાં ક્યાંય મદ–અભિમાન ન કરો, જીવન નંદનવન બનશે.

સુરસુંદરી કહે છે – જીવનમાં ક્યાંય પણ અભિમાન કરશો તો દુઃખી દુઃખી થઇને મારી જેમ જ્યાં ત્યાં રખડવું પડશે. (ભવભ્રમણ કરવું પડશે). બધું

જ ચાલ્યું જશે.

મયણા અને સુરસુંદરીનો આ સંદેશ પ્રત્યેક જીવ પોતાના હૃદયમાં સ્થિર કરે તો જીવન આનંદમય-સમાધિમય બને અને કલ્યાણયાત્રા ના સાચા પથિક બને...

## કેવી છે મયણાની શ્રદ્ધા?

આખુંય નગર ભયભીત છે, આકુળ વ્યાકુલ છે, જાત અને માલનું શું થશે? તેની ચિંતામાં છે. પરચક્રએ (શત્રુસેનાએ)નગરીને ઘેરો ઘાલ્યો છે. તેવા સમયે કમલપ્રભા વહુને કહે છે, ''બેટા આપણું શું થશે? દિકરાને ગયે લગભગ ૧ વર્ષ થઈ ગયું. કોઈ સમાચાર નથી અને બધા ભયભીત છે. આપણા ઘરે કોઈ નર–પુરૂષ નથી. આપણું શું થશે?''

મા ની વાત સાંભળીને મયણા સ્હેજ પણ ગભરાતી નથી. પણ મક્કમતાપૂર્વક કહે છે કે ''માતા ! નવપદના પ્રભાવથી આપણને કોઈ ભય નહીં આવે.... ક્યારેય ભય નહીં આવે અને આજે પ્રભુની પૂજા કરતાં મને અપૂર્વ હર્ષ થયો. રોમાંચ થયો. જુવો–જુવો પૂજાને યાદ કરું છું ને મારા રુંવાડા ખડા થઈ જાય છે. તો ભય શાનો? કંઈપણ ખરાબ નહીં થાય, શુભ જ થશે, સારું જ થશે.''

સિદ્ધચક્ર–નવપદ–પ્રભુ પ્રત્યે મયણાની કેવી શ્રદ્ધા?

આખું નગર ભયભીત છે, રાજા પણ શું કરવું વિચારે છે. તેવા સમયે મયણા નિર્ભય છે. મણયાને ખબર નથી કે ''મારા પતિદેવ જ આજે સૈન્યને લઈને આવ્યા છે. આપણને શી ચિંતા?'' એવી કોઈ ખબર મયણાને નથી. ખબર છે માત્ર નવપદના પ્રભાવની, ખબર છે માત્ર સિદ્ધચક્ર દ્વારા થતી સુરક્ષાની. આથીજ તો ''ત્વમેવ શરણં મમં'' એ ભાવ જીવનમાં ઘુંટાઈ ગયો છે. આત્માના પ્રદેશે પ્રદેશે રમી રહ્યો છે.

પ્રભુની પૂજા કરતાં કરતાં ક્યારેય આપણને આવો અપૂર્વ આનંદ આવ્યો છે? ક્યારેય રોમાંચ ખડા થયા છે? જરા પોતાના આત્માને પુછી લો. કેમ નહી?

## સાચું કોણ?

સુરસુંદરી અને મયણા બન્ને પંડીતોની પાસે અભ્યાસ પૂર્ણ કરે છે. પિતા રાજસભામાં પરીક્ષા લે છે. પોતાના સંતાનો શું ભણે છે તેની ચિંતા પિતા કરતા હતા. આજે....?

સુરસુંદરી અને મયણા બન્નેને પાદપૂર્તી સોપાય છે.

પ્રશ્ન પૂછાયો છે ''પુણ્યથી શું મળે?''

જલ્દી જલ્દી સુરસુંદરી કહે છે.....''યૌવન, સારું સુખ, બૌદ્ધિકકૌશલ્ય, ઘણું ધન, પોતાના મનોનુકૂલભર્તા આ બધું પુણ્યથી મલે છે.''

ધીર, શાંત મયણા કહે છે... ''વિનય, વિવેક, પ્રસન્નતા, શીલ અને મોક્ષમાર્ગના સાધનો પુણ્યથી મળે છે.''

બન્નેના જવાબ જુદા જુદા છે. તો બેમાંથી સાચું કોણ?

સુરસુંદરી – મયણા બન્નેના જવાબો સાચા છે. એકના જવાબમાં માત્ર ઈહલૌકિક અને ભૌતિક લાભની વાત છે. તો બીજાના (મયણાના) જવાબમાં આત્મલક્ષી લાભની વાત છે. ઈહલૌકિક કે પારલૌકિક, ભૌતિકલક્ષી કે આત્મલક્ષી જે કોઈ લાભ હોય તો પૂણ્યથી જ છે મળે છે. જેની દ્રષ્ટી જેવી ખીલી હોય તેમાં તેને આનંદ આવે.

વાચાના આધારે કે સાંભળવામાં આવતી મજાના આધારે પરિણતિનો અંદાજ આવતો હોય છે. આપણી પરિણીતિ કઈ? ભૌતિકલક્ષી કે આધ્યાત્મિકલક્ષી? તે આપણે જાતે વિચારવાનું છે.

## તપ પૂરો થાય ક્યારે?

નવપદની નવ ઓળી અર્થાત્ સાડાચાર વર્ષ તપ કરે એટલે તપ પૂરો થયો એમ વ્યવહારમાં કહેવાય છે. પરંતુ **'સાડા ચાર વર્ષે તપ પૂરો એ કર્મ વિદારણ તપ શૂરો'** એ જ્ઞાની ભગવંતોના વચન પ્રમાણે તપ પૂરો થાય ક્યારે...? પ્રથમ ચરણ (પંક્તિ)ને સ્વીકારી આપણે પૂર્ણવિરામ મૂકી દીધું... મહત્ત્વનું બીજું ચરણ છોડી દીધું... અનાદિકાળની પરંપરાના કર્મો તોડવાનું સામર્થ્ય આત્મામાં પ્રગટે તેવા સામર્થ્ય યોગને પ્રગટાવનાર આ તપ છે. જે કર્મસત્તાને પરાસ્ત કરી આત્મસત્તાનો

સમય નક્કી કરી આપે છે. પછી સહજ તપ-આરાધના ચાલ્યા કરે છે... આત્માના પ્રદેશે પ્રદેશે નવપદ-સિદ્ધચક્રનો વાસ થઇ જાય. ક્ષણે ક્ષણે, પલે-પલે સિદ્ધચક્રનું ધ્યાન-રટન-અંતર જાપ ચાલુ થઇ જાય. જેના પ્રભાવે દુષ્ટ-મલિન કર્મો નિર્બળ બની ગયા હોય આ ભૂમિકા સાડા ચાર વર્ષે આવે. નવ ઓળી... જો વિધિપૂર્વક કરવામાં આવે તો આ તપ કર્મ તોડવા સમર્થ છે. સાડા ચાર વર્ષમાં નવ ઓળી કરવાથી આપણી આ ભૂમિકા આવે છે??? શ્રીપાલને આ ભૂમિકા આવી ગઇ, અને મોક્ષ નક્કી થઇ ગયો.

સિદ્ધચક્રની આરાધના અનાદિ કર્મચક્રને કાપે છે. સંસાર સંક્ષેપ કરી તે જ ભવમાં કે અલ્પભવમાં શાશ્વત સ્થાન અપાવે છે. આ ભૂમિકા આપણી નિયત થાય એટલે સમજવું કે, આપણો તપ પૂરો થયો.

નવપદની-સિદ્ધચક્રની ઓળીમાં પ્રતિક્રમણ-પૂજા-સ્નાત્રપૂજા કાઉસગ્ગ ખમાસમણ સાથીયા જાપ આયંબિલ કરી લીધું એટલે આપણે માની લીધું કે આરાધના થઇ ગઇ... પરંતુ આ બધી બાહ્યક્રિયા તો અભ્યંતર ભાવોને ચાર્જ કરવા માટે છે... આટલી ક્રિયા-અનુષ્ઠાન કરી બાકીનો તમામ સમય તે-તે પદના ધ્યાનમાં રહેવાનું છે. ચિત્તને તે પદમય બનાવવાનું છે. સંપૂર્ણ એક દિવસ એક પદના ધ્યાનમાં જાય, પદના ગુણોનું ધ્યાન, પદના વર્ણનું ધ્યાન, મંત્ર જાપનું ધ્યાન આમ કોઇને કોઇ ધ્યાનના માધ્યમે અભ્યંતર આરાધના-તપમાં પ્રવેશ કરવાનો છે. (જે આજે ભૂલાઇ ગયું છે) આ રીતે નવ દિવસ એક-એક પદનું ધ્યાન કરવાનું અને પારણાના દિવસે નવપદનું ધ્યાન કરવાથી ચાર્જ થયેલી આત્માની બેટરી ૬ મહિના કામ કરે. દર ૬ મહિને પુનઃ બેટરી ચાર્જ કરવાની એમ ૯ વખતે આત્મશક્તિને ચાર્જ કરી એટલે સદાય માટે આત્માની બેટરી ચાર્જ જ રહેવાની... આત્મા નવપદમય બની જાય. સંસારના ભાવોથી અલિપ્ત થઇ જાય. આરંભ-સમારંભના ભાવોથી સહજ મુક્ત બની જાય. શ્રીપાલની જેમ સિદ્ધચક્રના ધ્યાનમાં લીન થઇ જાય. સિદ્ધચક્ર સાથે ભવોભવનો સંબંધ બંધાઇ જાય. આત્માને પરમાત્મામય બનાવી આત્મામાં જ પરમાત્મ તત્ત્વને પ્રગટ કરાવે એટલે આ તપ પૂર્ણ થાય...

## ૭) એક અનુચિંતન

# શ્રીપાલ કથા એટલે ... આપણી આત્મકથા

શ્રીપાલ કથા એ ધર્મકથાનુયોગ તો છે જ પરંતુ તે કથાનું યૌગિક અને આધ્યાત્મિક રીતે નિદિધ્યાસન અને ચિંતન થાય તો વિશિષ્ટ તત્ત્વ લાધે છે. કોઈપણ કથા સ્વયં આપણા પોતાના આત્મામાં કે જીવનમાં ઘટાવી શકાય છે તે માટે... જ્ઞાન નહીં પ્રજ્ઞાની જરૂર છે. એકવાર આપણી આ દૃષ્ટિ ખુલી જાય પછી પ્રત્યેક કથા આ રીતે વિચારી શકાય છે.

❖ શ્રીપાલ કથાને આ દૃષ્ટિકોણથી વિચારીએ તો શ્રીપાલ એ સ્વયં આપણો જ આત્મા છે. શ્રીપાલ કથામાં શ્રીપાલનો પ્રવેશ કોઢીયા (ઉંબર રાણા) તરીકે થાય છે. બેઢંગી હાલત છે, સંપત્તિ વૈભવ સત્તા બધું જ ચાલ્યું ગયું છે. ગામે ગામ કોઢીયાઓ ફરી રહ્યા છે.

આપણો આત્મા પણ કર્મરૂપી કોઢથી રોગિષ્ટ થયો છે. ગુણ સંપત્તિ, આત્મવૈભવ, સ્વરમણતાની સત્તા બધું જ ગુમાવી દીધું છે અને એકભવથી બીજા ભવમાં ભ્રમણ ચાલી રહ્યું છે.

❖ ઉંબરને સદ્‌વિચારવાળી મયણા મળે છે પછી તેની સારી સ્થિતિના દ્વારા ખૂલે છે... આપણને પણ સન્મતિ (કષાયોનું ઉપશમન) આવે પછી અધ્યાત્મસ્થિતિના દ્વાર ખૂલે...

❖ શ્રીપાલને સ્વસામ્રાજ્ય મેળવવું છે તો... એકાકી બની પુરુષાર્થ કરવા નીકળે છે. સસરાની કે અન્ય કોઈની સહાયને ઇચ્છતા નથી.

આપણને પણ જ્યારે સ્વ સામ્રાજ્ય=આત્મ સામ્રાજ્ય મેળવવાની તમન્ના જાગે છે ત્યારે સ્વ પુરુષાર્થથી જ તે મેળવી શકાય છે. પરમાત્મા માર્ગ બતાવે છે, પુરુષાર્થ તો તે, આપણે કરવાનો છે. બીજાની સહાયથી ક્યારેય કૈવલ્ય કે સિદ્ધિ=આત્મ સામ્રાજ્ય મેળવી શકાતું નથી 'एगोऽहं' ની તીવ્ર ભાવનામાં ઓતપ્રોત થવું પડે છે.

શ્રીપાલ એકાકી થઇ નીકળે છે અને રસ્તામાં ગિરિ કંદરામાં યોગી –સાધકો મળે છે. તેઓ સુવર્ણ આપવા કહે છે, પરંતુ શ્રીપાલ તે લેવાની ના પાડે છે. સોનામાં લલચાતા નથી.

આપણો આત્મા પણ એકાકી બની સ્વસામ્રાજ્ય મેળવવા સાધના માર્ગે જાય છે ત્યારે અનેક લોભામણી સિદ્ધિઓ સહજતાથી મળતી હોય છે, તે સાધક સિદ્ધિઓમાં લપટાયતો તે સાધના માર્ગમાં બાધક બની શકે છે. તેને છોડીને સાધક સાધનાના લક્ષ્યમાં સ્થિર થાય તો જ આગળ વધી શકે છે.

❖ શ્રીપાલ સાધકોનું સુવર્ણ છોડી આગળ વધે છે ત્યારે ભૃગુકચ્છ (ભરૂચ) માં આવતાં જ તેને ધવલ મળે છે. જે ધવલ શ્રીપાલને માત્ર પરેશાન જ કરે છે. બધું જ પડાવી લેવાના ગુપ્ત પેંતરા રચે છે. શ્રીપાલ આ બધું જાણતો હોવા છતાં ધવલને છોડતો નથી... પરંતુ જ્યારે જ્યારે ધવલ મરવા પડે છે ફાંસી વિગેરેની સજામાં ફસાય છે ત્યારે શ્રીપાલ પોતે જ તેને છોડાવે છે. આપણો આત્મા શ્રીપાલ છે તો ધવલ તે મોહનીય કર્મ છે. સાધક જ્યારે એકાકી બની આત્મ સામ્રાજ્ય મેળવવા નીકળે છે, અને લોભામણી સિદ્ધિઓથી દૂર રહે છે ત્યારે મોહનીય કર્મ સ્વયં જ પોતાનું માથું ઉંચકે છે અને ડગલે પગલે આત્માને પરેશાન કરે છે. છતાંય આપણને તે સારું લાગે છે. જ્યારે જ્યારે તે મરવા પડે છે (૧૧મે ગુણસ્થાનકે) ત્યારે ત્યારે આત્મા જ ખેંચાઇ તેને બચાવે છે.

❖ શ્રીપાલને મારવા માટેના ધવલના બધા જ પ્લાન ફેલ જાય છે તો પણ ધવલના અંતરમાં શાંતિ થતી નથી. શ્રીપાલે ધવલને પોતાના મહેલમાં રાખ્યા છે તે વિચારે છે કે... બધી યોજના નકામી ગઇ. હવે તો હું મારા હાથે જ કટારી મારી નજર સામે જ પુરો કરી દઉં. એવા રૌદ્રધ્યાનના અધ્યવસાયો સાથે હાથમાં કટારી લઇ ધવલ સીડી ઉપર ચડે છે. શ્રીપાલ સાત માળની હવેલી ઉપર ચાંદની

(ટેરેસ)માં સૂતો છે, લીન છે, ઉપર ચડતો ધવલ પગથીયું ચૂકે છે, ત્યાંથી ગબડી નીચે પડે છે, પોતાના હાથમાં રહેલી કટારી પેટના મર્મસ્થાનમાં ઘુસી જાય છે. શ્રીપાલને મારવા ચડતો ધવલ પોતે જ મરી જાય છે.

'શ્રીપાલ એ આત્મા છે, ધવલ એ મોહનીય કર્મ છે' તે રીતે વિચારતાં આત્માને હેરાન પરેશાન કરતું મોહનીય કર્મ મરે છે ક્યારે? શ્રીપાલ સાત માળની હવેલીની ચાંદની (૮મી ભૂમિ) ઉપર સૂતો છે, લીન છે. આત્મા જ્યારે આઠમા ગુણસ્થાનકે સ્વયં પોતાના આત્મામાં લીન બને છે. (ક્ષપક શ્રેણી માંડી છે) ત્યારે મોહને મરવું પડે છે. (અત્યાર સુધી શ્રીપાલ ક્યારેય ૮મી ભૂમિ ઉપર સૂતો ન હતો). માત્ર અંતમૂહૂર્ત સમયમાં મોહ સ્વયં નષ્ટ થાય છે.

❖ શ્રીપાલ એક વર્ષમાં આઠ પત્નીઓ સાથે લગ્ન કરે છે. આઠ સ્ત્રીઓ શ્રીપાલને વરી છે. તેમ આત્મા પણ એકધારી ગતિથી સાધનામાં આગળ વધે તો... માત્ર એક વર્ષના સમયમાં અષ્ટ મહાસિદ્ધિ સાધકને વરે છે. પ્રાપ્ત થઇ શકે છે. આ રીતે વિવિધ દૃષ્ટિકોણોથી આ કથાને વધુને વધુ વિચારી શકાય છે. લગભગ દરેક કથામાં આવા તત્વો પડેલા હોય છે. જો ચિંતકની દૃષ્ટિને સ્પર્શે તો અનેક તત્વ મળે.

## સમૂહ આરાધના - અનુમોદના

શ્રીપાલના પૂર્વના ભવમાં શ્રીકાન્ત અને શ્રીમતિ દ્વારા કરાયેલ સિદ્ધચક્રની આરાધનાની અનુમોદના શ્રીમતિની આઠ સખીઓએ તથા શ્રીકાન્તના ૭૦૦ વંઠયાઓએ કરી જેના પ્રભાવે બીજાભવમાં અલગ અલગ સ્થાને જન્મેલા તમામ જીવો એક સાથે ભેગા થઇ ગયા.

સાથે થતી આરાધના અને સમૂહમાં થતી અનુમોદનાનો આ પ્રભાવ છે.

પરિવાર -સ્વજનો કે આરાધક મિત્રો સાથે આરાધના કરો, અનુમોદના કરો તો ભવાન્તરમાં સહુ સાથે મલી પુનઃ સમૂહ આરાધના કરી સહુ સાથે મોક્ષ માર્ગે આગળ ધપતા રહે.

## ૮) શ્રીપાલકથાનું રચના કૌશલ્ય

જિનશાસનમાં ચાર અનુયોગની વહેંચણી દ્વારા તમામ પ્રકારના જીવોને આત્મભાવ–ચારિત્રભાવમાં સ્થિર કરવારની સુંદર પદ્ધતિ છે. તેમાં બાલજીવો = જેઓ આત્મા, સિદ્ધાત્મા કે પરમાત્માનું સ્વરૂપ સમજ્યા નથી, અને તીવ્ર મેધાશક્તિ નથી તેવા જીવો માટે કથાનુયોગ સર્વશ્રેષ્ઠ યોગ મનાયો છે. સત્ અસત્ પ્રવૃત્તિના ફળોને સાંભળી **સત્ પ્રવૃત્તિમાં સ્થિર થાય અને અસત્ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થાય આ ધર્મકથાનું ફળ છે.**

ધર્મકથાનુયોગમાં શ્રીપાલકથા બાલજીવોને અતિ આકર્ષિત કરે તેવી કથા છે....કારણકે બાળજીવોનો લમણો હજુ પુદ્ગલ તરફ છે. સંપત્તિ–વૈભવની વાત આવે એટલે ખુશખુશાલ થઈ જાય. શ્રીપાલકથામાં કોઢીયા ઉંબરને અને પિતાએ કોઢીયા સાથે પરણાવેલ મયણાને સિદ્ધચક્રના પ્રભાવથી અઢળક ઋદ્ધિ સમૃદ્ધિ સાથે અખંડ સામ્રાજ્ય પણ મળે છે... તે વાત સાંભળી–વાંચી બાલજીવો પણ ધર્મઆરાધના તરફ વળે....

પૂ.આચાર્ય રત્નશેખરસૂરિ મ.એ પૂર્વાગમના આધારે રચેલી આ શ્રીપાલકથા અદ્ભુત તો છે જ સાથે સાથે પૂ. આચાર્ય મ.ની રચનાશક્તિ પણ અદ્ભુત છે. ધન–સંપત્તિ, વૈભવ, પત્નીઓ અને સત્તાની વાતો પણ પૂજ્યશ્રીએ એવી રીતે કરી છે કે બાલવાચક કે બાલશ્રોતાનું મન વારેઘડીએ સિદ્ધચક્ર–નવપદ તરફ જાય અને નવપદ વાચકો કે શ્રોતાઓના હૈયામાં નવપદ સ્થિર થાય. તે માટે સુંદર પ્રયત્ન કર્યો છે. આઠ સ્થાને નવપદનું વર્ણન અને ઠેરઠેર સિદ્ધચક્રનું સ્મરણ કરાવી શ્રોતાઓને સુષુપ્ત મન સુધી લઈ જઈ નવપપદને માનસમાં સ્થિર કરી રહ્યા છે. જેથી શ્રોતા–વાચક

વર્ગ પૌદ્ગલિક ભાવોથી પાછા ફરી પુનઃ પુનઃ નવપદમાં લીન થાય.

નવપદ–સિદ્ધચક્રના વર્ણનમાં પણ પ્રારંભે સામાન્ય સ્વરૂપ બતાવી આગળ–આગળ સૂક્ષ્મ, સૂક્ષ્મતર વર્ણન અને છેલ્લે નવપદના તાત્વિક–આત્મિક સ્વરૂપ સુધી લઈ ગયા છે, વાચક કે શ્રોતા જેમ જેમ શ્રીપાલકથા વાંચતા જાય, સાંભળતા જાય તેમ તેમ નવપદના ઉંડાણમાં વધુને વધુ ઉતરતો જાય તેવી કુનેહ પૂજ્યશ્રીએ વાપરી છે.

સાઈકોલોજીની દ્રષ્ટિએ બાહ્યજીવો – પુદ્ગલાનંદિ જીવોને પણ સુષુપ્ત મન સુધી નવપદ–સિદ્ધચક્રજીને સ્થિર કરવાનો દઢ પ્રયત્ન કર્યા છે. એકવાર સિદ્ધચક્રજી સાથે લગાવ થયો એટલે પુદ્ગલ સાથેનો સંબંધ ધીરે–ધીરે ઓસરતો જાય એ સિદ્ધાંત અપનાવ્યો છે.

શ્રીપાલકથામાં લગભગ જુદા જુદા (૮) આઠ સ્થાનો ઉપર પૂજ્યશ્રીએ અલગ–અલગ વ્યક્તિઓના મુખે સિદ્ધચક્ર–નવપદનો પરિચય, મહિમા, વિધિ, સ્વરૂપ વર્ણન કે તાત્ત્વિક વર્ણન વિગેરે કરેલ છે. તેમજ વારંવાર સિદ્ધચક્રની સ્મૃતિ કરાવે છે. પ્રથમ આપણે આઠ વાર થતા મુખ્ય વર્ણનને વિચારી લઈએ...

(૧) સર્વ પ્રથમ ગૌતમસ્વામીજી નવપદના મહિમાનું કથાના પ્રારંભમાં શ્રેણિક મહારાજા સમક્ષ પ્રાથમિક વર્ણન કરે છે.
(૨) આગળ વધતાં આ.દે.શ્રી મુનિચન્દ્રસુરિ મ. ઉંબર અને મયણાની સામે સિદ્ધચક્રનો મહિમા અને ઈહલૌકિક– પારલૌકિક પ્રભાવ બતાવે છે.
(૩) ત્યારબાદ રત્નદ્વિપમાં ચારણમુનિએ સિદ્ધચક્રનું વર્ણન કરી તે શ્રીપાલને કેવા ફળ્યા ? તે જણાવ્યું છે.
(૪) શ્રીપાલ દ્વારા થતું સિદ્ધચક્રનું વિસ્તારથી પૂજન વિધાન સુંદર છે.
(૫) શ્રીપાલ સિધ્ધચક્રનું વિસ્તારથી ધ્યાન કરે છે તે ધ્યાનવિધિ અનુકરણીય છે.
(૬) અવધિજ્ઞાની અજિતસેન રાજર્ષિ દ્વારા તાત્ત્વિક વર્ણન, પૂર્વભવમાં કરેલી આરાધના વિગેરે રસપ્રદ છે.

(૭) ગૌતમસ્વામી નવપદના ફલિત દૃષ્ટાંત સાથે મહિમા બતાવે છે.
(૮) કથાની છેલ્લે શ્રી મહાવીરપ્રભુએ આત્મા તે જ અરિહંતાદી છે તે નિશ્ચયનયનું સ્વરૂપ જણાવ્યું છે.

આટલી જગ્યાએ વિસ્તૃત વર્ણન કરવા સાથે શ્રોતા પુનઃ પુનઃ સિદ્ધચક્ર તરફ વળે અને સંસ્કાર દૃઢ બને. સુષુપ્ત મન સુધી અસર પહોંચે તે માટે ડગલે-પગલે અરિહંતાદિ સિદ્ધચક્રના સ્મૃતિસ્થાનો ગોઠવ્યા છે...

❖ શ્રીપાલ-મયણા આદિનાથ પ્રભુના દર્શન કરવા ગયા. ❖ ઉંબર નિયમિત અભ્યાસ કરે છે. ❖ નવ દિવસમાં ઉંબરને રોગશાંતિ. ❖ નિત્ય દર્શન કરવા જાય છે. ❖ જિનાલયમાં કમળપ્રભામાતાનું મિલન. ❖ રૂપસુંદરીનું મળવું, રુદન, સાચી જાણકારી. ❖ વિદેશ પ્રયાણ વખતે મયણા-શ્રીપાલની વાત.

❖ સિદ્ધચક્રનું ધ્યાન કરવું. ❖ ગિરિકંદરામાં સાધકો માટે સિદ્ધચક્ર ધ્યાન. ❖ સિદ્ધચક્રનું ધ્યાન કરી હક્કારવ કર્યોને દેવી ભગાડી. ❖ રત્નસંચયામાં મદનમંજુષા પ્રભુની ભક્તિ કરે છે. ત્યાં શ્રીપાલ દ્વારા દ્વાર ખુલે છે, ચૈત્યવંદન કરે છે, ચારણમુનિનું આગમન, નવપદનું વર્ણન. ❖ રાજા સાથે શ્રીપાલની નિત્યપૂજા. ❖ ચૈત્રી આરાધના. ❖ સમુદ્રપતન સમયે શ્રીપાલના મુખે નમો અરિહંતાણં. ❖ શ્રીપાલની બે સ્ત્રીઓ પાસે ચક્રેશ્વરી, માણિભદ્ર વિગેરેનું આગમન. ❖ કુંડલપુર વીણાપરીક્ષાર્થે ૧૦૦ યોજન જવા માટે સિદ્ધચક્રનું ધ્યાન ધર્યું અને વિમલેશ્વર દેવ હાજર થયા. ❖ વિમલેશ્વરદત્ત હારના પ્રભાવથી વામનરૂપ-કુબ્જરૂપ કર્યું અને બે રાજકુમારી સાથે લગ્ન. ❖ સોપારકનગરમાં સિદ્ધચક્રનું ધ્યાન અને હારના પાણી દ્વારા સર્પઝેરનું શમન. ❖ મયણા કહે છે નવપદ ધ્યાનના પ્રભાવથી કોઈ ભય ન આવે. ❖ મયણા અને શ્રીપાલ પ્રજાપાલને કહે છે આ પ્રભાવ સિદ્ધચક્રનો છે. ❖ અજિતસેનરાજાને યુદ્ધભુમિ પર વૈરાગ્ય + પ્રવજ્યા. અજિતરાજર્ષિની શ્રીપાલે કરેલી સ્તુતિ. ❖ અજિતસેન રાજર્ષિ દ્વારા પૂર્વભવની આરાધનાનું કથન. ❖ શ્રીપાલની ૪।। વર્ષ સિદ્ધચક્રની આરાધના-ઉદ્યાપન. વિસ્તારથી

પૂજન વિધાન, ચૈત્યવંદન વિધાન. ❖ છેલ્લે શ્રેણિકરાજા પણ પ્રભુવીરની વાણીથી નવપદમાં તત્ત્વદૃષ્ટિવાળા બન્યા.

આ રીતે પૂજ્યશ્રીએ વારંવાર શ્રોતા કે વાચકનું ધ્યાન સિદ્ધચક્ર–નવપદ કે પ્રભુ તરફ જાય અને પૌદ્‌ગલિક ભાવોથી મુક્ત બને તેવી સુગરકોટેડનું કિવનાઇન રૂપે શ્રીપાલકથા મોહલક્ષિ જીવોની સામે મૂકી છે.

તે સાથે કર્મવાદ... અનેકાન્તવાદ....

સામાજિક વ્યવહાર, સંતાનો પ્રત્યેની ફરજો, અભિમાન તથા ઈર્ષ્યા આદિનું ફળ, સમુહ આરાધનાનું ફળ, પૂર્વભવની આરાધનાના સંસ્કારો, જિનપૂજન વિધિ, અંગરચના કરવી, નિસીહિનું પ્રેક્ટિકલ સ્વરૂપ, ગંભીરતા, મર્યાદા, ઉપકાર જોવાની સૂક્ષ્મદૃષ્ટિ આદિ અનેક માર્મિક–તાત્ત્વિક બાબતો પૂ.આ. રત્નશેખરસૂરિ મ.એ સહજતાથી કથામાં પીરસી છે. જેથી ગમે તેવી વ્યક્તિ પણ સિદ્ધચક્ર તરફ આકર્ષાય સાથે સાથે તેની અનેક શુભસંસ્કારની વિચારધારા દૃઢ થતી જાય. એવું રચના કૌશલ્ય પૂજ્યશ્રીનું છે.

નમન હો તે પૂજ્યશ્રીને.....!!!

❖❖❖

**વાહ! કર્મરાજા! તારી વિચિત્ર લીલા...**

**શ્રીપાલ જન્મતાં જ રાજકુમાર બન્યા, બાલ્ય અવસ્થામાં જ રાજ્ય, સત્તા, સંપત્તિ, પરિવાર, શરીર આરોગ્ય બધું જ ચાલ્યું ગયું એકલા અટુલા થઇ કોઢીયાના ટોળામાં ભળવું પડ્યું.**

**પુનઃ સત્તા મળી, અખંડ સામ્રાજ્ય મળ્યુ માત્ર એક જ વર્ષમાં નવ–નવ રાજકન્યાઓ સાથે લગ્ન થયા.**

**પોતાના પિતાનું સામ્રાજ્ય મેળવ્યું અને છેવટે બધાથી જ અલિપ્ત બની નવપદના ધ્યાનમાં લીન થઇ ગયા.**

**વાહ કર્મરાજા! રાજાને રંક અને રંકને રાજા બનાવવાની તારી ગજબની કળા છે.**

## ૯) કરાએલ ધર્મ કયારેય નિષ્ફલ જતો નથી

આચરેલી ધર્મ આરાધના ભવાન્તરમાં કયાંયને કયાંય આત્મ કલ્યાણમાટે ઉપયોગી બને છે, તે નિષ્ફલ જતો નથી. આ વાત અજિતસેન રાજાના જીવન પ્રસંગમાંથી સ્પષ્ટ સમજાય છે.

શ્રીપાલને જાનથી મારી નાખવા ભીષણ યુદ્ધમાટે તૈયાર થયેલ.. ભયંકર રૌદ્રધ્યાનમાં રમતો હોવા છતાં તે જ યુદ્ધભૂમિમાં અજિતસેન રાજાને વૈરાગ્યભાવ થયો અને સર્વસંગ ત્યાગ કરી આત્મ સ્વરૂપમાં રમણતા કરાવનાર સંયમ જીવન સ્વીકારી લીધું, રૌદ્રધ્યાનમાં અટવાયેલા વ્યકિતને એકાએક સ્વરૂપ રમણતા-વૈરાગ્યભાવ આવ્યો કેવી રીતે?

પૂર્વના સિહરથ રાજાના ભવમાં અજિતસેન રાજાના જીવે જીવનની પાછલી ઢળતી સંધ્યાએ સંયમ સ્વીકારી વિશુદ્ધ આચરણ પાલી અંતે એકમાસનું અણસણ કરેલ છે. આ ત્યાગ, સંયમ અને સ્વરૂપરમણતાના સંસ્કાર આત્મા ઉપર જામ થયેલા છે.

કોઇક દુષ્કર્મના કારણે આત્મા ગમે તેવી અવસ્થામાં મુકાયેલ હોય તો પણ યોગ્ય સમયે ઉચિત નિમિત્ત મળતાં તેજીને ટકોરો ''બસની જેમ પૂર્વકાળના શુભ સંસ્કાર જાગૃત થઇ આત્માને પુનઃ અધ્યાત્મયાત્રામાં આગળ ધપાવે છે.'' કરેલો ધર્મ કયારેય નિષ્ફળ જતો નથી. શાલીભદ્રજીના પ્રસંગમાં પણ આવું જ બન્યું છે. ગોવાળીયાના ભવમાં ખીર વહોરાવાતાં સર્વસ્વ સમર્પણનો ભાવ આવી ગયો તેમાં પણ પૂર્વભવની આરાધનાના સંસ્કાર કામ કરી ગયા, પૂર્વભવમાં ૧૨ વ્રતધારી આરાધક શ્રાવક હતા.

અજિતસેન પણ પૂર્વભવમાંથી વૈરાગ્ય અને ત્યાગ સંયમના સુંદર દઢ સંસ્કાર લઈને આવ્યા છે, પરંતુ પૂર્વભવના શ્રીપાલ સાથેના વેરાનુબંધના કારણે શ્રીપાલનું રાજ્ય પડાવી લે છે. જાનથી મારી નાખવા યુદ્ધ પણ કરે છે. અજિતસેન કાકા યુદ્ધમાં હારે છે શ્રીપાલ તેમને છોડાવી રાજ્ય પાછું આપે છે, તે સમયે અજિતસેનને ગુણાનુરાગ જાગે છે.. અને પૂર્વભવના વૈરાગ્ય ભાવ પેદા થાય છે અને ત્યાંજ યુદ્ધભૂમિમાં જ સંયમ સ્વીકારી લે છે.

અજિતસેન આપણને સંદેશ આપી રહ્યા છે કે ધર્મ આરાધના કરતા રહો શુદ્ધભાવથી કરી દઢ સંસ્કાર પાડો ભવાંતરમાં કોઈ કર્મના ઉદયે વિકટ સ્થિતિમાંથી ઉચકી આપણને મોક્ષમાર્ગમાં મૂકી દેશે....

**શ્રીપાલે ભાવપૂર્વક નવપદની આરાધના કરી જેથી**
**નવનો આંક તેમને ફલીભૂત થઈ ગયો..**

2)21 મયણા વિગેરે નવ રાણીઓ

2)21 ત્રિભૂવન વિગેરે નવ પૂત્રો થયા

2)21 નવ હજાર હાથી, નવ હજાર રથ
નવ લાખ જાતિવંત ઘોડા, નવક્રોડ પાયદળ

2)21 નવસો વર્ષનું આયુષ્ય

2)21 નવમા ભવે મોક્ષ

## ૧૦) નવપદ બનાવે....

## ભવાભિનંદી થી આત્માનંદી

સિદ્ધચક્રની ભાવપૂર્વકની આરાધના પરંપરાએ મોક્ષ તો અપાવે જ છે. પરંતુ એક દિવસની આરાધના પણ ઇહલૌકિક આપત્તિઓ નિવારે છે. નવ દિવસ કે જીવનભરની આરાધના અનાસક્ત ભાવની સંપત્તિ, વૈભવ અપાવી અનુક્રમે મોક્ષમાર્ગમાં આગળ વધારે છે. આ વાત શ્રીપાલના દૃષ્ટાંતથી સહજ જણાય છે, તેમાં પ્રશ્ન થાય તે પણ સહજ છે, કે આપણે વર્ષોથી ધર્મની આરાધના, સિદ્ધચક્રની આરાધના કરીએ છીએ. પણ પરિણામ જણાતું નથી તો શ્રીપાલને પ્રથમવારમાં આરાધના ફળી તો આપણને કેમ નહીં? તે પ્રશ્ન ઉઠે...

પંચસૂત્ર આદિ ગ્રંથોમાં ધર્મક્રિયા બે પ્રકારની બતાવી છે. સબીજ ધર્મક્રિયા અને નિર્બીજ ધર્મક્રિયા. નિર્બીજ ક્રિયા તે વંધ્યા છે, નિષ્ફળ છે. વર્ષો કે અનેક ભવો સુધી કરાતા ધર્મ અનુષ્ઠાનમાં કેટલો સંસાર ઘટ્યો તે કાંઇ નક્કી નહીં ગેરંટી નહીં, કારણ કે બીજ જ નથી તો ફળ થવાની આશા શી રીતે રખાય? ધર્મ આરાધના, સંયમ, તપશ્ચર્યા બધું જ થાય પરંતુ... તેની ભૂમિકામાં તત્ત્વશ્રદ્ધા, મોક્ષરુચિ, સંસાર નિર્વેદ વિગેરે આવશ્યક છે અને તે આવે છે કર્મોની લઘુતાથી, કર્મની મંદતાથી આ ભૂમિકાના અભાવમાં ગમે તેવી કષ્ટદાયી ક્રિયાઓ કરવામાં આવે તો હજુ પુણ્યનો બંધ થાય, પણ આત્મશુદ્ધિનું ફળ ન પામે, એને તો સંસાર જ ગમે, સંસારના ભોગવિલાસના સાધનો જ ગમે.. આવા જીવોને ભવાભિનંદી કહેવાય છે.

ભવાભિનંદી એટલે? ભવ=સંસાર, અભિ=તરફ, નંદન=આનંદ સંસારના ભાવો તરફ જ રહેતાં આનંદ થાય.

જીવોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. (૧) ભવાભિનંદી (૨) પુદ્ગલાનંદી (૩) આત્માનંદી.

(૧) ભવાભિનંદીને સંસાર જ ગમે, તેમાં જ મજા આવે (૨) પુદ્ગલાનંદીને સંસાર રૂચતો ન હોય પણ મોહક પુદ્ગલો સામે આવે એટલે લોભાઈ જાય, ખેંચાઈ જાય (૩) આત્માનંદી = સ્વયં પોતાના આત્મામાં સ્થિર હોય, પૌદ્ગલિક ભાવોમાં ખેંચાય જ નહી.

આ ત્રણ વિભાગ પૈકી પ્રથમ વિભાગ ભવાભિનંદી જીવના આઠ દૂષણો, લક્ષણો, ચિન્હો છે. તેનાથી જે જીવો દુષિત થયા હોય છે, તે ભવપાર કેવી રીતે પામી શકે? આ ભવાભિનંદીના આઠ દુર્ગુણો સમજી તેને જીવનમાંથી હંમેશા દૂર કરવાની જરૂર છે. આ દુર્ગુણો જ્યાં સુધી આત્મામાં જામેલા છે ત્યાં સુધી આપણી ધર્મક્રિયાઓ સબીજ ધર્મક્રિયા બની શકતી નથી. ઉંબરમાં સાહજિક રીતે જ આ દૂષણો ન હતા. ઉંબર ભલે કોઢીયો હતો - સત્તા, સંપત્તિ, વૈભવ બધું જ ચાલી ગયું હતું પરંતુ તેનો આત્મવૈભવ અદ્ભૂત હતો. આઠે દુર્ગુણોનો અભાવ અને સદ્ગુણોનો સદ્ભાવ હતો. ભૂમિકાની શુદ્ધિ હતી. જેથી તેમની પ્રથમ વારની જ આરાધના એ સબીજ આરાધના બની.

આપણને સંસારમાં પકડી રાખનારા ભવાભિનંદીના આઠ દૂષણો કયા છે તે જોઈએ.. ઓળખીએ.. અને તેને દૂર કરવા પ્રયત્નશીલ બનીએ.

(૧) ક્ષુદ્રતા (૨) લાભરતિ (૩) દીનતા (૪) માત્સર્ય (૫) ભય (૬) શઠતા (૭) અજ્ઞાનતા (૮) નિષ્ફલારંભી.

આ ભવાભિનંદીના આઠ દુર્ગુણો છે. આ દુર્ગુણોને દૂર કરવા, તોડવા માટે જ નવપદની આરાધના છે. એક એક પદની આરાધનાથી, એક એક દોષો નીકળવા માંડે છે. આત્મગુણ પ્રગટ થાય છે. આત્મા દીપી ઉઠે છે.

ઉંબર રાણાએ પૂર્વભવમાં નવપદની આરાધના કરી, આ ભૂમિકા મેળવી હતી. ઉપાદાનની શુદ્ધિ હતી, જેથી આરાધના પ્રારંભમાં જ દીપી ઉઠી. નવપદની આરાધનામાં કયા પદની આરાધનાથી કયો દોષ ટળે અને કયો ગુણ ખીલે તે ટૂંકમાં જોઈએ.

| નવપદ | દોષહાનિ | ગુણપ્રાપ્તિ |
|---|---|---|
| અરિહંત | ક્ષુદ્રતા | સર્વજીવ મૈત્રી |
| સિદ્ધ | લાભરતિ | આત્મગુણ રતિ |
| આચાર્ય | દીનતા | ખુમારી, શૌર્યતા |
| ઉપાધ્યાય | માત્સર્ય | ગુણાનુરાગ |
| સાધુ | ભય | નિર્ભયતા |
| દર્શન | શઠતા | સરળતા |
| જ્ઞાન | અજ્ઞાનતા | જ્ઞાન |
| ચારિત્ર, તપ | નિષ્ફલારંભી | સફલારંભી |

ટૂંકમાં આટલી વાત સમજ્યા પછી હવે દોષનું સ્વરૂપ, નવપદનું સ્વરૂપ તથા શ્રીપાલને સહજ ગુણપ્રાપ્તિનું સ્વરૂપ વિચારીએ.

**(૧) ક્ષુદ્રતા :** ક્ષુદ્રતા એટલે તુચ્છતા, માત્ર સ્વાર્થવૃત્તિ, પોતાના સ્વાર્થને સિદ્ધ કરવાની લગનીમાં બીજાને થતા નુકસાન કે પોતાને ભવાંતરમાં થનારા નુકસાનને દીર્ઘદષ્ટિથી કે સૂક્ષ્મ દષ્ટિથી જોઇ જ ન શકે. બીજાનું ભલું, સારું કરવાનો વિચાર શુદ્ધાં ન આવે. કદાચ આવો વિચાર આવે તો પણ ઉંડે ઉંડે સ્વાર્થવૃત્તિ પોષાતી હોય; હૃદયમાં માયા રમતી હોય અને વર્તનમાં વણાયેલી હોય, આ ક્ષુદ્રતાના પ્રભાવે આપબડાઇ, માયા, જૂઠ, પરનિંદા આદિ અનેક દુર્ગુણોનું પોષણ કરે, આનંદ માણે અને સંસાર=ભવભ્રમણ વધારતો જ જાય. જેમ જેમ પાપકર્મથી ભારે થાય તેમ તેમ તેને આનંદ આવે.

જીવનમાં ક્યાંય ઉમદાવૃત્તિ, દિલની વિશાળતા, પરોપકાર વૃત્તિના ગુણ જોવા ન મળે. અરિહંત પરમાત્માની આરાધનાથી આ ગુણોની પ્રાપ્તિ થાય છે. ક્ષુદ્રવૃત્તિનું વિલીનીકરણ થાય છે. અરિહંત પરમાત્માનો ભાવ સર્વ જીવો પ્રત્યે મૈત્રી, નિસ્વાર્થ પરોપકાર, હેરાન પરેશાન કરનાર પ્રત્યે પણ ક્યાંય વેરભાવ નહીં, નફરત નહીં, દુશ્મન પ્રત્યે પણ દુશ્મની નહીં, તેનું પણ કલ્યાણ થાય તેવી ઉદાત્ત ભાવના પ્રભુના અંતરમાં રમતી હોય છે. આ પ્રભુની આરાધનાથી આપણા અંતરમાં રહેલી તુચ્છતા, સ્વાર્થભાવનાઓ ઓગળવા માંડે છે. કદાચ કોઇક

પાપકર્મના ઉદયે ભારે આફતમાં આવી ગયા હોઈએ તો પણ બીજાનું નુકશાન ન જોઇ શકીએ. સ્વાર્થભાવ ક્યાંય જોવા ન મળે.. પરજીવનું કદાચ ભલું કરવાની શક્તિ ન પણ હોય, પણ તેનું દુઃખ ક્યારે ટળે તે ભાવ હોય, અરિહંત પ્રભુની આરાધનાથી ઉપાદાનની શુદ્ધિ થઇ હોય તો દોષહાનિ ગુણપ્રાપ્તિ થાય.

એક કલ્પના કરો.. તમારા દીકરાનું ઠેકાણું ન હોય. ઉંમર થઇ હોય અને તમારી ઈજ્જતના પ્રભાવે સારા ઘરની હોંશિયાર દીકરીની વાત આવી તો તમે શું કરો..? તમારા દીકરાનું કામ પતે છે પરંતુ એકની જિંદગી ધૂળધાણી થાય છે. આવા સમયે તમે શું કરશો? ધર્મ કરવો તે જુદી વસ્તુ છે અને ધર્મી બનવું તે અલગ વાત છે. આપણે ધર્મક્રિયા કરીને સંતોષ માની લઇએ છીએ. પણ મારા અંતરમાં ધર્મ પરિણત કેટલો થયો. તેનો ક્યારેય વિચાર કરતા નથી. **જેમ સૂર્યોદય થતાં પૂર્વે પ્રકાશ થાય છે તેમ વાસ્તવિક ધર્મ મળતા પૂર્વે અંતરમાં ગુણપ્રકાશ થાય છે. ક્ષુદ્રતા હૈયામાંથી દૂર થાય છે. ઉદાર અને ઉદાત્ત ભાવનાઓ પ્રગટે છે.** આ ઉપાદાન શુદ્ધિનું પ્રથમ પગથિયું છે. પાયાનો ગુણ છે. ઉંબર રાણા સ્વપરિસ્થિતિ યોગ્ય કન્યાની શોધમાં હતા અને અપ્સરા જેવી રાજકન્યા મયણા મળી. ઉંબર રાણો પ્રજાપાલ રાજાને ના પાડે છે. ‘ન ઘટે કંઠે કાગને રે, મુક્તાફળતાણી માળ’, કહી પોતાની જાતને કેવી ઘોષિત કરે છે. આ બાજુ જાણે વિવાહલગ્ન સાધતી હોય તે રીતે મયણાએ ઉંબરનો હાથ પકડી લીધો. મયણાને આનંદ છે... સાતસો કોઢિયાઓને આનંદ છે. પરંતુ આ ઉંબરનું તેજ હણાઇ ગયું છે. મારા નિમિત્તે આનું શું થશે, તેની ચિંતામાં છે. મુકામે ગયા પછી આખી રાત એ જ સમજાવટ કે મયણા... તું ચાલી જા! તારા જીવનને રગદોળ નહીં, આ ચેપી રોગ તને પણ થશે. તારા સ્વપ્ન, જીવન ખતમ થશે. આરાધક આત્મા ઉદાત્ત ભાવનાવાળો હોય. જીવનમાં ક્યાંય ક્ષુદ્રતા ન હોય, તુચ્છ ભાવો ન હોય, બીજાના નુકશાનને જોઇ ન શકે, સહી ન શકે...

**અરિહંત પરમાત્માની આરાધનાથી ક્ષુદ્રતાનો આ દોષ ટળે છે. મૈત્રી ગુણની પ્રાપ્તિ થાય છે.** ઉંબરમાં ક્ષુદ્રતાનો અભાવ સહજરૂપે હતો. પરચિંતા, દુશ્મનો પ્રતિ પણ મૈત્રીના ઉદાત્ત ગુણો હતા.

આપણે પણ અરિહંત પરમાત્માના ધ્યાન, આરાધના દ્વારા પ્રથમ દોષ ક્ષુદ્રતા-તુચ્છતાને તિલાંજલી આપી, ગુણવૈભવની વૃદ્ધિ કરવાની છે.

**અરિહંતના ધ્યાન સાધનામાં એકાકાર બનવાથી પ્રભુના અનંત ગુણો સાથે આપણા આત્માનો લય સંબંધ થાય છે. અનુગ્રહનો શ્રોત સાધક આત્મામાં પ્રવાહિત થાય છે. પ્રભુની અનંતજીવ વ્યાપ્ત કરુણા આપણા આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપક બની અંતરની અનાદિ મલીન વૃત્તિઓ અને તુચ્છ સ્વાર્થ ભાવોને દૂર કરે છે. પરોપકાર, વાત્સલ્યભાવ, મૈત્રીભાવ ને આપણા આત્મામાં જાગૃત કરે છે.** પરિણામે પ્રારંભમાં નાની નાની બાબતોને લેટ ગો-જતી કરવાની વૃત્તિ જાગે છે. શુભભાવો અરિહંતના ધ્યાન-સાધનાદિના માધ્યમે વધુ ને વધુ સ્થિર-જામ થતા જાય પછી ગમે તેવી સ્થિતિમાં પણ ઉપકાર, મૈત્રી સમાધિ ટકી રહે. ‘‘જિન ઉત્તમ ગુણ ગાવતા-ધ્યાવતાં ગુણ આવે નિજ અંગ’’ આ પંક્તિ ચરિતાર્થ કરીએ.

**(૨) લાભરતિ** - ભવાભિનંદીનો બીજો દુર્ગુણ છે લાભરતિ.

લાભ=પદાર્થોની પ્રાપ્તિ, રતિ=આનંદ.

જેમ જેમ પુણ્યના સાથે પુદ્ગલના ઢગલા=સંપત્તિ, વૈભવ, મિલ્કત, સોનું, ચાંદી, ઝવેરાતનો લાભ થતો જાય તેમ તેમ હરખાતો જાય. આનંદ થતો જાય અંતરમાં લોભદશા જાગતી જાય... સંતોષી જીવ તો તેને મૂરખ લાગે... પોતે પૌદ્ગલિક ભાવોને સર્વસ્વ માને અને એક જ મહેનત અને એક જ વિચાર, ‘‘વધુ ને વધુ - ભેગું કરો અને મજા માણો’’. ધન, માલ, મિલ્કતમાં એટલો બધો આસક્તિ ભાવ હોય કે તેને પ્રાણથી પણ પ્યારા ગણે. તેમાંથી મળતી રતિ, આનંદ મજા સંસારમાં ભવોભવ રખડાવે છે. રાત દિવસ એક જ વિચાર. ભેગું કરો, ભેગું કરો. મરતી વેળાએ બધું મૂકીને જવાનું જ છે. તેને સ્વપ્નમાં વિચાર પણ ન આવે જેમ જેમ સંપત્તિ-વૈભવના સાધનો મળતા જાય તેમ તેમ આનંદ થતો જાય. આ લાભ રતિ છે. પૌદ્ગલિક લાભ રતિના પ્રભાવે સંસારમાં ભવભ્રમણ ચાલ્યા જ કરે... વધ્યા જ કરે.

આ લાભરતિ નામનો દુર્ગુણ સિદ્ધપદની આરાધનાથી ટળે. સિદ્ધપદની આરાધના કરે, ધ્યાન કરે, ચિંતન કરે આત્માના અનંત ગુણો પ્રત્યે લક્ષ્ય જાય. અવ્યાબાધ આનંદ ઓળખાય અને સિદ્ધ પરમાત્માના પ્રભાવે આત્મગુણ વૈભવના દર્શન થાય **જેમ અમૃત પીવાથી ચડેલું ઝેર ઉતરવા માંડે તેમ સિદ્ધપદની આરાધનાથી આસક્તિ ભાવનું-મોહનું ઝેર આત્મામાંથી ઉતરતું જાય.** કદાચ પુણ્યના ઉદયે સંપત્તિ, વૈભવ અતિશય વધતા જાય તો પણ તે મારા નથી. કર્મના છે. કર્મે આપ્યા છે. ગમે ત્યારે વિયોગ થવાનો જ છે એવી સંપત્તિનો સદુપયોગ કરવાનો છે. એમ માની આત્માને આ વસ્તુથી અળગો રાખે. કદાચ પુણ્યની ખામીના કારણે જીવન જીવવા પૂરતી પણ સામગ્રી ન મળે તો પણ જે મળ્યું તેમાં ચલાવી લો. હાયવોય કરવાની જરૂર શી છે? કેટલું સાથે આવશે? આ ભાવોમાં ઓતપ્રોત થઇ ગયો હોય, **આત્માનંદ તરફ લક્ષ્ય જાય એટલે આ બધી ભાવનાઓ આવે.** એક કલ્પના કરો... તમોએ પૌષધ કર્યો છે, આત્માને પુષ્ટ કરનારી આરાધના કરી રાત્રે ઘરે આવ્યા છો, ત્યાં નાનો બાળક (પૌત્ર) આવીને આનંદથી કહે ''દાદા! દાદા! આજે તો મેં ત્રણ સામાયિક એક સાથે કરી''. તમો તેને ધન્યવાદ આપો. ઇનામ આપો. થોડીવારમાં તમારો દીકરો ઘરમાં પ્રવેશ કરતાં જ કહે પિતાજી! આજે વેપારી સાથે સોદો કરતાં ૨૫ લાખ રૂા. કમાયો. હવે તમે વિચારો કે નાના પૌત્રે પહેલી જ વાર ત્રણ સામાયિક સાથે કરી અને દીકરો ૨૫ લાખ પહેલી જ વાર કમાયો. બંને સમાચાર તમે સાંભળો તો તમને આનંદ શેમાં થાય? કદાચ કહેશો કે બન્નેમાં આનંદ. તો વિચારો કે વધારે આનંદ શેમાં? અંતરમાં અર્થવાસના બેઠી છે જેના કારણે લાભરતિ થયા જ કરે છે.

શ્રીપાલને સિદ્ધચક્રના પ્રભાવથી અપાર સંપત્તિ મળી પરંતુ મન ક્યારેય તેમાં રમ્યુ નથી. આવી રીતે સિદ્ધચક્રમય થયા. લઇ લઉં, લઇ લઉંની ભાવના ન હતી. અપ્સરા જેવી મયણા મળી પણ આનંદ નહિ. પોતાનું સામ્રાજ્ય મેળવવાની ઇચ્છા છે તે માટે સંપત્તિ કમાવા નીકળ્યો છે. પ્રથમ રાત્રીએ જ ગિરિકંદરામાં સાધકોને શ્રીપાલના પ્રભાવથી વિદ્યા સિદ્ધ-રસસિદ્ધિ થતાં, રસસિદ્ધિ સુવર્ણ ઉપકારની ભાવનાથી આપે છે પણ સ્વીકારતા નથી. તેની મહેનતનું છે

માટે ન લેવાય આ ભાવના છે. સિદ્ધચક્રના પ્રભાવથી શ્રીપાલને કેટલું મળ્યું તેની ગણતરી કરીએ છીએ પરંતુ ખરા સમયે... જરૂરીયાતના સમયે શ્રીપાલે જતું કેટલું કર્યું તે વિચાર્યું છે? સુવર્ણસિદ્ધિ જતી કરી. મહાકાળ રાજાને જીતી લીધો છે. હવે તે રાજનીતિ પ્રમાણે બબ્બરકુળનો રાજા થઇ શકે છે. રાજા બનવાની તીવ્ર તમન્ના છતાં મહાકાળ રાજાને રાજ્ય પાછું આપ્યું. ધવલ ઇર્ષ્યાળુ છે, મારું બધું જ પડાવી લેવા માંગે છે, મારા વેપારને બગાડી નાખે છે, તેણે સોંપુ તો ઓછા ભાવે વેચાણ બતાવશે અને વધારે ભાવે ખરીદી બતાવશે. તેવું બતાવી મોટા ગાળીયા રાખી નુકશાન કરાવશે. તે ખબર છે છતાં કોઇ ચિંતા કર્યા વગર પ્રસંગે પ્રસંગે વેપાર ધવલને સોંપે છે. મારા પુણ્યમાં હશે તો, શું લઇ જશે? થતા લાભનો આનંદ, સંપત્તિની આસક્તિ હોય તો... આ શેં બને? **સિદ્ધપદની આરાધનાના માધ્યમે લાભરતિ દુર્ગુણ છોડવાનો છે. ધ્યાન આરાધના દ્વારા સિદ્ધપદમાં લીન થઇ આત્માના પ્રદેશે પ્રદેશે રહેલા અનંત અવ્યાબાધ આનંદની પ્રતીતિ કરવાની છે.** એકવાર પણ આત્માનંદની શ્રદ્ધા થશે. પ્રતિતિ થશે તે મેળવવાની રુચિ થશે એટલે બાહ્ય પૌદ્ગલિક પદાર્થોમાંથી મળતો આનંદ તુચ્છ લાગશે. પછી ગમે તેટલા ભોગવિલાસના સાધનો મળે, અઢળક સંપત્તિ મળે પરંતુ સિદ્ધ પરમાત્માના અનુગ્રહ પ્રભાવે અંતરમાં આનંદ-રતિ ન થાય... **સંપત્તિ-પદાર્થો મળે પણ તેનો પ્રભાવ આપણા આત્મા ઉપર ન પડે આ સિદ્ધપદની આરાધનાનું ફળ છે.** ધ્યાન સાધનાની આ ભૂમિકાને સિદ્ધ કરી ભવાભિનંદીતાનો બીજો દોષ લાભરતિને ટાળવાનો છે.

**(૩) દીનતા :** ભવાભિનંદીતાનો ત્રીજો દુર્ગુણ છે દીનતા. વાતવાતમાં ઓછું આવે, સદાય રોતડા રોવાના. આ ભવાભિનંદીતાનું એક લક્ષણ છે. મળ્યાના સંતોષને બદલે ન મળ્યાના આર્તધ્યાનમાં જ આળોટે. જે પણ મળ્યું છે તેમાં ખામી જ દેખાયા કરે. નાની મોટી થોડી પણ તકલીફ આવે અને હાયવોય કરે, રાઇને પહાડનું સ્વરૂપ આપે સતત એને જ રડ્યા કરે. આવા જીવો જીવનમાં ક્યારેય શાંતિ ન પામી શકે. કૂતરાની જેમ દીન બની મારું કરી માંગ માંગ કરવામાં શરમ નહીં. દેવ-ગુરૂ-ધર્મને તો ભૂલે જ સાથે સાથે જાત, નાત, સમ્માન

પણ ભૂલે... હું એકલો છું મારું કોઇ નથી, મારું કોઇ સાંભળતું નથી, મહેનત કરું છું પણ કાંઇ મળતું જ નથી. બધા મને હેરાન, પરેશાન કરે છે. ક્યાં જાઉં, શું કરું? એ વિચારોમાં સમય ગુમાવે. આ દીનતામાં રહેનારો વ્યક્તિ ધર્મ આરાધના ન કરી શકે. વ્યવહાર પણ સારી રીતે નિભાવી ન શકે. **દીનતાથી સત્ત્વ નષ્ટ થઇ જાય છે. આત્મ વિશ્વાસ તુટતો જાય છે. વિકલ્પોની વણઝાર સામે ઉભી થાય છે. પરંપરાએ દીનતા વધતી જાય છે. આ દીનતાનો દોષને ટાળવા માટે ખુમારી, શૌર્યભાવ જોઇએ.** જે પણ પરિસ્થિતિ આવે તેને હસતે મોંઢે સ્વીકારી લે. કોઇ એકલાપણું અનુભવે નહીં, સંસારના સ્વરૂપને વિચારે, સંસાર દુઃખમય છે, ત્યાં સુખ મળવાનું ક્યાંથી? એમ વિચારે કે જે સંયોગો મળ્યા છે તેનો ઉપયોગ કરીને મારે કઇ રીતે આત્મસાધના કરી લેવી. આવી **ખુમારીવાળો વ્યક્તિ આર્ત્તધ્યાનથી સદાય મુક્ત રહી શકે છે.**

આચાર્ય પદની આરાધનાથી જીવનમાં ખુમારી, શૌર્યભાવ આવે છે. શાસનનું સુકાન સંભાળનાર આચાર્યપદનું ધ્યાન પીળા વર્ણથી કરવાનું છે. પીળો વર્ણ શૌર્યભાવનું પ્રતિક છે. આચાર્ય ભગવંત શાસન ઉપરની આપત્તિઓને, દીનતા રહિત સંયમ સાધના પૂર્વક શૂરા બનીને સામનો કરતા હોય છે. પોતાના જીવનમાં અનેક નાની મોટી સમસ્યાઓ, રોગાદિ આપત્તિઓ આવે તેવા સમયે આર્ત્તધ્યાનમાં ડૂબી ન જાય. પરિસ્થિતિને દુઃખરહિત સ્વીકારી લે. સમજે કે કર્મનો ઉદય છે. આવા સમયમાં પણ જે થઇ શકતું હોય તે કાર્ય-આરાધના કરી લેવા જોઇએ. શ્રીપાલ શાથી ઉંબર રાણો બન્યો? પુણ્ય પલટાયું તો જ બધુ ચાલી ગયું. સત્તા સંપત્તિ વૈભવ, પરિવાર, બધાથી વિખૂટો થઇ ગયો. શરીરે કોઢ રોગ થયો છે. મા પણ વિખૂટી પડી છે; પરંતુ હું એકલો છું બધા પાડોશી મને હડધૂત કરે છે એવો વિચાર શ્રીપાલ કરતા નથી. સાતસો કોઢીયાના ટોળામાં ફરે છે. તેઓએ રાણો બનાવ્યો છે. બધા રાણીની શોધમાં છે. કેટલાય રાજ્યમાં જઇ આવ્યા છે. ઉંબરે ક્યાંય દીનતા બતાવી નથી, ''હું રાજપુત્ર છું, બધુ ચાલી ગયું છે, કાકા રક્ષકના બદલે ભક્ષક થયા. તમે મને રાજકન્યા આપો'' આવું કાંઇ જ બોલતા નથી, ક્યાંય પોતાની ઓળખ આપતા નથી, જે પરિસ્થિતિ આવી છે તેને હસતે મોંઢે

સ્વીકારવાનું શૌર્ય આ ઉંબરમાં દેખાય છે. પિતાજીનું રાજ્ય પાછું મેળવવાનો સમય આવ્યો ત્યારે પણ શ્વસુર રાજાના સૈન્યથી નહી, પણ હું મારા બાહુબલથી જ રાજ્ય મેળવીશ એમ ખુમારી સાથે સંપત્તિ માટે એકાકી બનીને કમાવવા નીકળ્યા. શ્રીપાલે સત્ત્વ અને શૌર્યને જીવનના પ્રાણ બનાવેલા હતા. શ્રીપાલના જીવનમાં પોતાની નજર સામે બે-બે વાર સઘળું ચાલ્યુ જાય છે (૧) કાકાએ રાજ્ય પડાવ્યું, જંગલમાં ભટકતા થયા, કોઢીયા બન્યા. (૨) ધવલે શ્રીપાલની સંપત્તિ, સ્ત્રીઓ પડાવી લેવા શ્રીપાલને સમુદ્રમાં નાખ્યા. છતાં બંને પ્રસંગે કોઇપણ પ્રકારની હાયવોય થઇ નથી. હવે હું શું કરીશ? તે વિચાર પણ આવ્યો નથી. દરિયામાં નાખ્યા ત્યારે તો સામે મૃત્યુ દેખાય છે. સંપત્તિ, પત્નીઓ છૂટી પડી તો પણ મોંઢામાંથી 'નમો અરિહંતાણં' શબ્દ નીકળે છે. આવી સ્થિતિ આપણી આવે તો? આપણા મોંઢામાંથી શું નીકળે? ઓ...મા... ઓ બાપ... કોઇ પુણ્ય પરવારતાં સંપત્તિ, વૈભવ ચાલ્યો જાય કે બાપદાદાની મિલકત ચાલી જાય તો પૂર્વકાલીન શ્રીમંતાઇના ગાણાં બીજાની સામે કેટલી વાર ગાઇએ...? આ બધી દીનતા છે. અનાદિકાળથી આપણા આત્મામાં રહેલી છે. કોઇ કર્મના ઉદયે શારીરિક પારિવારિક, સામાજિક, વ્યાપારિક કે આર્થિક ઉપાધિઓ, તકલીફો આવ્યા કરતી હોય છે. આવી સ્થિતિમાં ઉંબર=શ્રીપાલનું આલંબન લઇ આચાર્યપદની આરાધના, ધ્યાનના પ્રભાવે આ દીનતાને વિદાય કરવાની છે. દીનતા જાય, ખુમારી પ્રગટે, આત્મગુણોનો વૈભવ દેખાય. આર્ત્તધ્યાનથી મુક્ત બનીએ. પરમપદની યાત્રાનો પ્રારંભ થાય.

### (૪) માત્સર્ય (ઈર્ષ્યા)

ભવાભિનંદીનો ચોથો દુર્ગુણ માત્સર્ય...

માત્સર્ય એટલે ઈર્ષ્યા... અસહનશીલતા. બીજાનું સારું જોઇને મોં કટાણું થાય, બળાપો કરે, મારા કરતાં તેને વધારે કેમ મળ્યું? પછી તે સંપત્તિ હોય, ઇજ્જત હોય, જ્ઞાન હોય કે તપશ્ચર્યા હોય. આવી અનેક બાબતે અસહિષ્ણુ બને. માત્સર્યથી કદાચ બીજાને નુકશાન થાય કે ન થાય પણ પોતાના અંતર આત્માને તો જલાવી દે. ક્રોધ-ગુસ્સો પણ આત્માને જલાવી દે પરંતુ તે ક્રોધની આગને સહુ જોઇ શકે છે. બહારની આગ છે, ઈર્ષા-માત્સર્ય એ અંદરની આગ

છે. બહારથી તો બહુ ડાહ્યો લાગે, શાંત લાગે પરંતુ પોતે જ પોતાના આત્માને જલાવી દે. પોતાના કરતાં કોઇ ચડવો ન જોઇએ. બીજાને હીન બનાવવાની પોતાને આગળ વધવાની દુષ્ટ ભાવનાથી આત્માને ભયંકર કર્મબંધ કરાવી, દુર્ગતિના દ્વાર ખુલ્લા થાય છે તે સમજી પણ ન શકે, કેવી છે દુર્ગુણોની કરૂણતા... અનંતશક્તિ અને અવ્યાબાધ સુખના સ્વામી આત્માને કઇ ભૂમિકા ખટકે છે. સમાજમાં કોઇને આપણાથી સારી સામગ્રી પુણ્યના ઉદયથી મળી તો આપણને શું વિચાર આવે? સાલો... મારાથી આગળ નીકળી ગયો છે તો એને પાછળ કેવી રીતે પાડું? હું કેવી રીતે આગળ નીકળું?

આત્મકલ્યાણ માટે સર્વત્યાગ કરી સાધના કરતાં સાધકોને પણ આ દોષ છોડતો નથી તે માટે સિંહ ગુફાવાસી વિગેરે... મુનિઓનું દૃષ્ટાંત પર્યાપ્ત છે. આ મત્સર દોષના પ્રભાવથી ઉચ્ચ સાધના કરનારા જીવો પણ સંસારમાં ભટકતા રહે છે. માટે જ મુમુક્ષુ આત્માએ આ દોષને તિલાંજલી આપવી જરૂરી છે.

આ દોષને ટાળવા માટે શાસ્ત્રકાર ભગવંતો ઉપાધ્યાય પદની આરાધનાનો નિર્દેશ કરે છે. ઉપાધ્યાય ભગવાનનું કામ છે અધ્યયન. અધ્યાપન, સાધુઓને ભણાવે. વાત્સલ્ય આપે. ઉપબૃંહણા કરતાં કરતાં કર્મની વિચિત્રતાના કારણે આર્ત્તધ્યાનની સત્તામાં સપડાયેલા કોઇ કોઇ આત્માઓને સુંદર સમજાવટ, પ્રેમ, વાત્સલ્યભર્યા શબ્દોથી શાંત કરી દે. સંયમ અને અભ્યાસમાં સ્થિર કરે. ભણાવતાં ભણાવતાં નાના સાધુ ક્યારેક પોતાનાથી આગળ નીકળે તે જ ભાવના રાખે... ગુણાનુરાગમાં જ રમતા હોય પોતાની શક્તિ કરતાં પણ શિષ્યોની શક્તિને વધુ ખીલવવાનું કામ ઉપાધ્યાય ભગવાન કરે છે. જીવનમાં ક્યાંય ઇર્ષ્યા, મત્સર, અસૂયાનું નામ નહીં, જેમ જેમ સાધુઓને પોતાનાથી આગળ વધતા જુએ તેમ તેમ આનંદમાં તરબોળ બની જાય. આ ગુણાનુરાગીનું લક્ષણ છે. **આ ઉપાધ્યાય ભગવાનની આરાધના, જાપ, ધ્યાન, સાધનાથી આપણા અંતરમાં પડેલ માત્સર્યભાવ પીગળે અને ગુણાનુરાગમાં પરિવર્તિત થાય અને દિન-પ્રતિદિન વૃદ્ધિ થાય.** પોતાનો નાનો શિષ્ય પણ પોતાનાથી આગળ વધતો જુવે તો ગુણાનુરાગ થાય. તેમ આપણા જીવનમાં પણ અન્ય પ્રત્યે ગુણાનુરાગ પ્રગટ થાય

અને પરસુકૃત અનુમોદનાનું ઝરણું આપણા અંતરમાં વહેવા માંડે... પછી જુઓ જીવન કેવું શાંત, નિર્મળ, નિર્દોષ અને આનંદમય બને છે.

શ્રીપાલના જીવનમાં ક્યાંય અસૂયા, ઈર્ષ્યા નથી. પોતાનું બધું ચાલ્યું ગયું. સત્તા, સંપત્તિ, પરિવાર કાંઇ જ રહ્યું નહી તે અવસ્થામાં પણ બીજાને જોઇને ઈર્ષ્યા થતી નથી. હૈયામાં માત્સર્ય નથી. શ્રીપાલની સારી અવસ્થા જોઇને ધવલને ઈર્ષા થાય છે. બધુ પડાવી લેવાની પેરવી રચે છે. ધવલની આ દાનત શ્રીપાલને ખબર હોવા છતાં શ્રીપાલે ક્યારેય... ધવલ પ્રત્યે નફરત કરી નથી.. પરંતુ પોતાને જહાજમાં (ભાડુ આપીને પણ) લાવ્યો... તો મને આ બધું મળ્યુ. ધવલ ઉપકારી છે, તેવું જ શ્રીપાલ છેલ્લે સુધી માને છે. અજિતસેન કાકાએ બાલ્ય અવસ્થામાં રાજ્ય પડાવી લીધું, પાછું પણ આપતા નથી, શ્રીપાલને જાનથી મારવા યુદ્ધમાં પોતે આવે છે છતાં શ્રીપાલ કહે છે કે તમારો ઉપકાર છે કે મારું રાજ્ય તમોએ સાચવી રાખ્યું... આ ગુણાનુરાગ દૃષ્ટિ છે. ઉપાધ્યાય પદની આરાધના દ્વારા, ધ્યાન દ્વારા ગુણાનુરાગ દૃષ્ટિ કેળવી, ભવાભિનંદીના મત્સર=ઈર્ષ્યાના દુર્ગુણને દૂર કરવા પ્રયત્ન કરવાનો છે.

**(૫) ભય :**

દુર્ધ્યાનનું પ્રબળ કારણ હોય તો તે ભય છે. ભયભીત માણસ કશું જ કરી શકતો નથી. સતત ચિંતામાં જ રહે. મહેનત કરે, ન મળે તેનો ભય ચિંતા, મળેલું ચાલ્યું ન જાય તેનો ભય, કોઇ પરેશાન ન કરે તેનો ભય, મૃત્યુનો ભય, ઇહલૌકિક વિગેરે સાત પ્રકારના ભય શાસ્ત્રમાં બતાવેલ છે. ભયના કારણે નવી નવી અસત્ કલ્પનાઓ કરી કરીને દુઃખી થાય. જીવનને હાથે કરીને આકરું બનાવે. જરાપણ ઉણપ, આપત્તિ, તકલીફ ન આવે તે, ભયમાં ને ભયમાં સુખ શાંતિ પણ ગુમાવી દે.

ભયના કારણે અનેક પ્લાનીંગો ઘડે. જેમાં અસત્ય, પ્રપંચ, કષાયો ભરપૂર કામ કરતા હોય, ક્યારેક વિચારોમાં રૌદ્રધ્યાન પણ સંભવી શકે છે. કદાચ તે સમયે આયુષ્ય બંધ પડે તો મરીને નરકાદિ દુર્ગતિમાં પણ જાય, અનેક ભવો ભટક્યા કરે.

આ ભયને ભગાડવા સાધુ પદની આરાધના છે. સાધુને કોઇ ભય નહીં. જીવવાનો, મરવાનો કોઇ ભય નહીં. પરિષહો, ઉપસર્ગો, ઉપદ્રવો આવે તેનો ભય નહીં. કારણ કે શરીરને પોતાનું માન્યું નથી, સહન કરીશું તો સિદ્ધ સ્થાન મળશે. સાધના કરે તે સાધુ. સહન કરે તે સાધુ. **દેહમાંથી મુક્તિ મંઝીલ તરફ આગે બઢો તે સિદ્ધાંત રૂઢ થઇ ગયો છે.** સાધુ સદાય નિર્ભય ભાવમાં રમતો હોય છે. **આત્માનંદની મસ્તીમાં મસ્ત હોય તેને ભય શાનો? પરભાવમાં જઇએ એટલે બધા જ ભય પેદા થાય.** પારકી વસ્તુ પોતાની માને એટલે ચાલી જવાનો ભય રહે! કર્મે આપેલી વસ્તુને સાધુ પોતાની ન માને દેહ પણ કર્મે જ આપ્યો છે. સાધુ કર્મને કહી દે તું ચામડી ઉતારવા આવે કે કે ઘાણીમાં પીલે માથે વાઘર બાંધે કે માથે અંગારા મૂકે, હું સર્વત્ર નિર્ભય! શરીરનું ભલે ગમે તે થાય. મારા આત્માને તો ફાયદો જ ફાયદો છે, કર્મની નિર્જરા થાય છે. **અસાધક આત્માને નાની તકલીફ આવે અને હાયવોય થઇ જાય ત્યારે સાધક સાધુને ગમે તેવી તકલીફ આવે તો પણ પોતાના આત્માની મસ્તીમાં આનંદ માણી રહ્યા છે.** સાધુપદની આરાધનાથી આવી અવસ્થા મળે છે. શ્રીપાલને પૂર્વભવની આરાધનાના પ્રભાવે જીવનમાં ક્યાંય ભય નથી. સામાન્ય રીતે વિચારીએ તો શ્રીપાલને જીવનમાં કેટલાયે ભયના નિમિત્તો મળ્યા છતાં સર્વત્ર નિર્ભય. ધર્મ-સિદ્ધચક્રજી મળ્યા પહેલાં કે પછી શ્રીપાલ નિર્ભય જ છે. સત્તા, સંપત્તિ, પરિવાર બધું જ ચાલી ગયું તો પણ કોઇ ચિંતા નહીં. વર્તમાનમાં જ જીવને આનંદ મેળવવાનો. સંપત્તિ મેળવવા એકલો નીકળે છે, ધવલના સૈનિકો પકડવા આવે કે શીકોતરીને ભગાડવાની હોય. મહાકાલ રાજા સામે લડવાનું હોય કે સ્વયંવર સમયે રાજાઓ કે રાજકુમાર સાથે લડવાનું હોય, ક્યાંય ભય તેમને સતાવતો નથી, હું શું કરીશ? મારું શું થશે? તેનો કોઇ વિચાર નથી. ધવલ દરિયામાં ફેંકે છે, મૃત્યુ સામે દેખાય છે છતાં અરિહંતનું સ્મરણ કરે છે, નહીં કે મારી સંપત્તિ, વૈભવ કે પત્નીઓનું શું થશે? **નિર્ભયતાના કારણે આ ચિત્ત સમાધિની ભૂમિકાની પ્રાપ્તિ થાય છે. જ્યારે ભય સતત ચિંતા કરાવે છે, મનમાં ઉચાટ રહે છે.**

**ભય, સંકિલષ્ટ પરિણામને અતિસંકિલષ્ટ કરાવે છે. નિર્ભયતા, ચિત્ત**

**સમાધિ આપે છે. મોક્ષમાર્ગ સરળ કરી આપે છે.** ભવાભિનંદીના લક્ષણ સ્વરૂપ ભય જાગૃત હશે ત્યાં સુધી મોક્ષ સાધનામાં ડગ પણ ભરી ન શકાય. નવપદના પાંચમા સાધુપદ દ્વારા આ દોષને ટાળવાનો પ્રયત્ન કરીએ. સાધુપદની આરાધના, ધ્યાન, વૈયાવચ ભક્તિના માધ્યમે આ દોષને ટાળવાનો પ્રયત્ન કરવાનો છે.

**(૬) શઠતા :**

શઠતા એટલે માયા, લુચ્ચાઇ, સ્વભાવથી વક્ર, કપટ કરનારો હોય. વાતવાતમાં લોકોને છેતરવાનું જ સૂઝે. વિશ્વાસઘાત કરતાં પણ વાર નહીં, અફસોસ નહીં, આ પાપ કરવા છતાં જગતમાં બહુ સહેલું અને ઉઘાડા પડાય નહીં અને બહુ હોંશિયાર છીએ તેવું લોકમાં દેખાય. કોઇ લેવા દેવા ન હોય છતાં સ્વભાવથી વક્રબુદ્ધિ સૂઝે. અવળું કાર્ય કરે. સ્વાર્થને પોષવા સ્વાર્થમાં આંધળો, સ્વાર્થને પોષવા કાંઇક ઉંધાચત્તા કરે. સરળતા ન હોય. કોઇ સમજાવે તોય સમજે નહી, ભવાભિનંદીતાનું આ લક્ષણ. તેના પ્રભાવે કર્મ પણ તેવા જ ભારે ચીકણા બાંધે. અનંતકાળથી આત્મામાં ઉંધી ચાલના વળ પડ્યા છે તે સીધા થાય જ નહીં. સંસાર ચાલ્યા જ કરે. આ દોષથી અલગા થવા દર્શનપદની આરાધના કરવા સૂચિત કરેલ છે. **સમ્યગ્દર્શનથી મોહનીય કર્મ મોળુ પડે. તત્વાતત્ત્વનું ભાન થાય, વિવેકદૃષ્ટિ ખીલે. જીવનમાં સરળતા આવે, યથોચિત પ્રવૃત્તિ કરવાનું સૂઝે. પોતાની ભૂલ દેખાય. કર્મની લઘુતા થઇ હોવાના કારણે અંતર-પ્રકાશ ખીલે. આ સમ્યગ્ દર્શનની ભૂમિકા છે.**

ઉંબર રાણાને સિદ્ધચક્રની આરાધના ફળી તેમાં સરળતા મહત્વનો ભાગ ભજવે છે. ભવાભિનંદીનું લક્ષણ ગણાતી શઠતા-માયા પ્રપંચ તેમના જીવનમાં ક્યાંય ન હતી, સરળતા હતી, અતિ સરળતા હતી. પછી તે કન્યાની શોધમાં હોય, ધવલ સાથેનો વ્યવહાર હોય, મહાકાળ રાજાનો સંબંધ હોય કે અજિતસેન કાકા પાસે રાજ્ય પાછું મેળવવાની વાત કરવાની હોય દરેક જગ્યાએ સરળતા. ઉંબર-શ્રીપાલની સરળતા પણ નમ્રતા એની વિનય પૂર્વકની હતી. માયાવી, વક્રસ્વભાવી અને કપટપૂર્ણ શઢ વ્યક્તિઓ સાથે પણ તેમની સરળતા અખંડિત રહેતી, દુર્જન વ્યક્તિઓના સંસર્ગ હોવા છતાં ક્યાંય દોષનો કીચડ તેમને સ્પર્શી

શક્યો ન હતો. આ બાબતમાં શ્રીપાલ સદાય જળકમળવત્ રહ્યા છે.

શ્રીપાલનું આલંબન લઈ સમ્યગ્દર્શન પદની આરાધના દ્વારા આપણા મિથ્યાત્વને ઓગાળી જીવનમાંથી શઠતા શોધી શોધીને દૂર કરી જીવનમાં સરળતા ગુણને સ્થાપવાનો-મેળવવાનો સંકલ્પ-પ્રયત્ન આજના દિવસે કરવાનો છે.

**(૭) અજ્ઞાનતા :**

અજ્ઞાનતા એટલે જ્ઞાનનો અભાવ કે અવળચંડી બુદ્ધિ, જ્ઞાન જ નથી કે રહસ્યનું ભાન નથી. આ અજ્ઞાનતા છે. અજ્ઞાનતાના કારણે જીવ અહીં-તહીં ભટકાય છે. **આંધળો માણસ અથવા તો દેખતો માણસ આંખે પાટા બાંધી ચાલે તો અથડાતો-કૂટાતો જાય, જ્યાં ત્યાં, જેની તેની સાથે આ અંધ કૂટાતો હોય છે. તેમ અજ્ઞાની જીવને સત્યાસત્યનું ભાન થતું નથી. પરિણામે સંસારમાં = ભવભ્રમણમાં અટવાતો હોય છે.**

અજ્ઞાની જીવ બે પ્રકારના હોય છે. (૧) આવડે જ નહી. (૨) ન આવડતું હોય તો ય નથી આવડતું તે સ્વીકારે નહીં. અથવા પોતે જે સ્વીકારી લીધું છે તે આત્માને હિતકારી છે કે નહીં? તે વિચારે નહી આ બધી અજ્ઞાનતા છે. જ્ઞાનપદની આરાધના આ દોષને ટાળે છે.

જ્ઞાનપદની આરાધનાથી અજ્ઞાનતાનો નાશ થાય છે, જે પણ જ્ઞાન ભણે છે તેના હાર્દ-મર્મ સુધી પહોંચી શકે છે. આત્મવિકાસનો સાચો માર્ગ મળે છે. તત્ત્વની રુચિ પ્રગટે છે. અષ્ટપ્રવચન માતા જેટલું અલ્પ જ્ઞાન પણ તત્વની રૂચિ, આત્મ પ્રતીતિ કરાવી આત્માના અનંત સુખ પ્રાપ્તિના માર્ગ તરફ પ્રયાણ કરાવે છે. આ જ્ઞાન જ્ઞાનપદની આરાધનાથી પ્રાપ્ત કરવાનું છે. **અહંભાવ પોતાની માન્યતાને જ સાચી મનાવે છે, જાણકારી ન હોય છતાં બધું જ જાણું છું તે દેખાવ કરવો આ ભ્રમણા એ જ મોટું અજ્ઞાન છે.** શ્રીપાલમાં આવી કોઈ અજ્ઞાનતા ન હતી.

શ્રીપાલ, શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજે આપેલી સિદ્ધચક્ર યંત્રની આરાધના વિધિ નથી જાણતા, તો પૂ. આચાર્યદેવ પાસે થીયરીકલ અને મયણા પાસે પ્રેક્ટીકલ શીખે છે. પોતાને આવડે છે, સમજી ગયા તેવો ડોળ નથી કરતા.

સરળ ભાવથી શીખવા તૈયાર થઇ જાય છે. પત્નીની પાસે શીખું? જેવો કોઇ અહંભાવ આડે આવતો નથી. ઉંબર રાણો અહીં કહે છે કે... **તમોને જે ધર્મક્રિયા ન આવડતી હોય તે થીયરીકલ અને પ્રેક્ટિકલ શીખો... ન આવડતું હોય છતાં આવડતું હોવાનો દાવો ન કરો.. આરાધના-ધર્મક્રિયાના તત્વ સુધી પહોંચો. જે પણ યોગ્ય વ્યક્તિ પાસેથી શીખવા મળે તેની પાસેથી શીખવા, ભણવા માટે તૈયારી રાખવી.**

સમજ અને જ્ઞાનરૂપી પ્રકાશ આવશે તો અંતરમાં પડેલો અજ્ઞાનતાનો અંધકાર દૂર થશે. આત્મ પ્રકાશમાં હેયોપાદેયનું ભાન થશે અને મોક્ષમાર્ગ-મોક્ષસાધના સરળ બનશે. શ્રીપાલના આલંબને જ્ઞાનપદની આરાધના દ્વારા સંસારમાં રખડાવનાર ભવાભિનંદીતાનો 'અજ્ઞાનતા' નામનો દુર્ગુણ દૂર કરવા પ્રયત્નશીલ બનવાનું છે.

**(૮) નિષ્ફલારંભી :**

નિષ્ફળ-એટલે ફળ વગરનું, હિત-સાર વગરનું, ફાયદા-લાભ રહિત નિષ્ફળ બને તેવા જ કાર્ય તેને કરવા ગમે અથવા તેવા જ કાર્યો તેના હાથે થાય. જે કાંઇ પણ કાર્ય કરે તે ઉંધુ જ પડે, ક્યારેય સીધું ન ઉતરે, શરૂઆતમાં કદાચ સફળતા દેખાતી હોય પરંતુ અંતે પરિણામ નિષ્ફળ હોય દીર્ઘદષ્ટી ન હોય, લાંબુ વિચારવાની ટેવ જ ના હોય, પરિણામે બધે નિષ્ફળતા જ મેળવતા હોય. કોઇ સમજાવે તો પણ સમજવા, પાછા વળવા તૈયારી નહીં. કદાચ એકાદવાર નિષ્ફળ થાય તો પાછા વળવાનું કે અટકવાનું તો ઠીક છે પરંતુ એવા કાર્યોમાં ડબલ ઉત્સાહ વધે. હાર્યો જુગારી બમણું રમે જેવી સ્થિતિ સર્જાય તેનું કાર્ય જ એવું હોય, બુદ્ધિ પણ તેવી જ હોય જે નિષ્ફળતાના માર્ગે જ દોરે, તેવા કાર્યોમાં જ પ્રયત્ન-ઉદ્યમ કરવો તેને મજા આવે પરંતુ છેવટે પશ્ચાતાપ અને નુકશાન જ હોય.

**પદાર્થો મેળવવાની સતત ઇચ્છા તે આર્તધ્યાન, તે માટે આરંભ સમારંભમાં રાચીમાચી રહે તે આર્તધ્યાન, નિષ્ફળતા મળે એટલે કે દુઃખી દુઃખી થઇ જાય તે આર્ત્તધ્યાન, ફાયદો થશે તેના વિચાર માત્રથી થતો આનંદ તે આર્તધ્યાન,**

**જુદા જુદા પ્લાન બનાવવાનું આર્તધ્યાન, પુનઃ પુનઃ તેજ પ્રવૃત્તિ કરવા પ્રેરાય તે આર્ત્તધ્યાન, મળેલું ચાલ્યું જાય તો મહા આર્ત્તધ્યાન. આ આર્ત્તધ્યાનની પરંપરામાં કર્મબંધ કરી, ભવોની પરંપરાને વધારતો જ જાય.** ભવાભિનંદી જીવોની કેવી સ્થિતિ છે?

કોઈ ભાગ્યયોગે પ્રભુનું શાસન મળે ચારિત્ર ધર્મ અને તપધર્મ ને આરાધે તો નિષ્ફળતાના યોગો તુટે, આર્ત્તધ્યાન ઓછું થાય...

ચારિત્રની આરાધનાથી નવા બંધાતા કર્મો (આશ્રવ) પ્રત્યે અણગમો થાય કદાચ તીવ્ર કર્મના ઉદયે પ્રવૃત્તિ ન બદલાય તો પણ આરાધના પ્રભાવે પરિણતિ તો બદલાય છે. ૭૦ ભેદની આરાધના અંતરમાં નિર્વેદ ભાવ પેદા કરે છે. પછી સંસારની પ્રવૃત્તિ કરવા છતાં રુચિ મંદ પડતી જાય છે. જેથી નિર્ધ્વંસપણું ઓછું થાય છે.

તપ ધર્મની આરાધનાથી પૂર્વ બાંધેલા કર્મોનું ભાન થાય પ્રતીતિ થાય પછી તપધર્મ દ્વારા તેને તોડવા પ્રયત્નશીલ બને...

ચારિત્ર અને તપપદના પ્રભાવે પૂર્વકૃત મોહદશા મંદ પડવાના પ્રભાવે ખોટી-પક્કડોમાંથી મુક્ત બની સત્યમાર્ગ તરફ ગતિ કરે છે. કોઈની સાચી વાત પણ ગળે ઉતરે છે. તેથી નિષ્ફળ પ્રવૃત્તિથી નિવૃત્ત થઈ સફળ પ્રવૃત્તિ આદરે છે.

શ્રીપાલ નિષ્ફળ પ્રવૃત્તિ ક્યારેય કરતા ન હતા કેમ કે તેમાં શ્રમ-સમય અને સંપત્તિનો જ વ્યય છે, છેવટે દુઃખી થવાનું છે. તે સમજતા હતા. પોતાની ભરજુવાન અવસ્થા હોવા છતાં જ્યાં સુધી સામર્થ્ય આવ્યું નહી ત્યાં સુધી પોતાનું રાજ્ય મેળવવા પ્રયત્ન તો ઠીક છે, વિચાર પણ નથી કર્યો. કારણ કે શ્રીપાલ પોતે સમજે છે અત્યારે પ્રયત્ન કરવામાં સાર-મજા નથી. અત્યારે મારી પાસે સામર્થ્ય નથી. કદાચ ભાગ્ય યોગે રાજ્ય મળી પણ જાય તો પણ, આ કોઢીયાની સ્થિતિમાં રાજ્ય સંચાલન કરવું શક્ય નથી માટે. રાજ્ય મેળવવાની ઉંડી ઉંડી ઇચ્છા હોવા છતાં તેઓને તત્કાળ રાજ્ય મેળવવાનો વિચાર સુદ્ધા આવતો નથી.

શ્રીપાલ કન્યાની શોધ માટે ફરે છે. ત્યારે કોઇ રાજકુમારીની માંગણી ક્યાંય કરી નથી... સમજે છે કે આમાં મને નિષ્ફળતા જ મળવાની છે. તો શા માટે તેવી પ્રવૃત્તિ કરું? હું રાજકુમાર છું, રાજા છું, તો મને કેમ રાજકુમારી ન મળે તેવા કેફમાં ચડ્યા ન હતા. પરંતુ સ્થિતિને યોગ્ય તેઓએ પ્રવૃત્તિ આદરી પછી ભલે પુણ્ય યોગે મયણા મળી પરંતુ તેમની પ્રવૃત્તિ પરિસ્થિતિને આધીન નિષ્ફળતા ન મળે તે રીતની જ હતી.

શ્રીપાલના આ બધા પ્રસંગોને ધ્યાનમાં રાખી ચારિત્રપદ અને તપની આરાધના દ્વારા નિષ્ફલારંભીની વૃત્તિ રૂપ ભવાભીનંદીનો દોષ ટાળવાનો પ્રયત્ન કરવાનો છે.

**ઉપસંહાર :** ભવાભીનંદીના આઠ દુર્ગુણ-આઠ દોષ ભવભ્રમણનું કારણ છે. તે દોષ જ્યાં સુધી ટળે નહી, દૂર થાય નહી ત્યાં સુધી ધર્મક્રિયા સબીજ બની શકતી નથી અને આત્મ કલ્યાણનો માર્ગ પ્રાપ્ત થઇ શકતો નથી. આઠ દોષ ટાળનારી આ નવપદની આરાધના છે.

નવપદના એક-એક પદની આરાધનાથી ભવાભિનંદીનો એક એક દોષ ટળે છે. આપણા જીવનમાં જે દોષનો પ્રભાવ દેખાતો હોય તે પદની વિશિષ્ટ આરાધનારૂપ તપ-જપ-કાઉસગ્ગ-ધ્યાનના માધ્યમે દ્રવ્ય-ભાવ આરાધના દ્વારા આ અષ્ટદોષ દૂર કરવા પ્રયત્ન કરવાનો છે.

**ભવાભિનંદી પુદ્ગલાનંદી અને આત્માનંદી આ ત્રણ પ્રકારના જીવોની ભૂમિકામાંથી આપણી ભૂમિકા કઇ છે તે અંતર નિરીક્ષણ કરવું અતિ આવશ્યક છે.**

**અને આત્માનંદીની ભૂમિકા પ્રાપ્ત કરવા માટે કટીબદ્ધ બનવામાં જ સિદ્ધચક્રની આરાધનાની સફળતા છે.**

## परिशिष्ट – १

# पूजनोमां मंडल (मांडलुं) आलेखन रहस्यमय एक अनुचिंतन

**– आचार्य श्री नयचंद्रसागरसूरि म.**

जिनशासनमां प्रभुभक्तिना अनेक मार्गो पैकी वर्तमान काले सिद्धचक्र आदि पूजनोनुं प्राधान्य घणुं वधी रह्युं छे. आ पूजनोमां विधिनी शुद्धि जळवाय तो वर्तमानकाळे पण शांतिक अने पौष्टिक एम बन्ने रीते अनुष्ठानो फळे छे. छेल्ला ५० वर्षमां अने तेमांय छेल्ला २० वर्षथी पूजनो भणाववानी प्रणालिका पूर जोशथी वधती जाय छे. भणाता पूजनोमां घणी घणी बाबतो उपर विचार करवा जेवो छे. परंतु प्रस्तुत प्रसंगे पूजनमां मुख्यस्थान पामता मांडला अंगे विचारणा करी छे.

आजे मोटे भागे पूजनोमां मांडलानुं आलेखन भूमिना तळिया उपर ज थइ रह्युं छे. जेमां शासन के धर्मना मूळ समान विनय गुणनो अभाव जणाइ रह्यो छे. ''पूज्य वस्तुने नाभिथी उंची राखवी जोइए'' आ विनय धर्म छे. पूजननुं मांडलुं नीचे बनाववाथी विनय लोपाय छे.

उपरांत सिद्धचक्र पूजननुं मूळ ''सिरि सिरिवाल कहा'' नामनो ग्रंथ छे.

श्रीपाल महाराजा साडाचार वर्ष श्री सिद्धचक्रनी आराधना करी उद्यापन करे छे अने विस्तारथी सिद्धचक्र पूजन भणावे छे. तेनुं सुंदर विशद वर्णन ते ग्रंथमां कर्युं छे. ते संबंधमां श्रीपाले विशिष्ट पीठिका बनावी तेने विविध रंगोथी रंगीने तेनी उपर पंचधान्यथी मांडलु बनाव्युं छे.

**कत्थपि विच्छिन्ने जिणहंरमि काऊ तिवेइयं पीढं**
**विच्छिणं वर कुट्टिमधवलं नवरंग कयं चित्तं ।।१९८२।।**

**– सिरि सिरिवाल कहा**

**अर्थ :** विशाळ जिन चैत्योनी श्रेष्ठ भूमिमां त्रण वेदिकावाळी पीठिका बनावी विविध रंगोथी चित्रीने (रंगीने) तेनी उपर अभिमंत्रित शाली विगेरे पंचधान्यथी सिद्धचक्रनुं मांडलु आलेखवुं. ।।१९८३।।

त्रिवेदिकावाळी पीठिका अेटले होम कुंडमां जेम त्रण स्टेप (पगथियां) होय छे, ते रीते आ पीठिका १-१ इंट अर्थात् ३-३ इंचना स्टेपवाळी बनावाय तो बनी शके छे. पीठिका उपर मांडलुं बनाववानो आवो स्पष्ट पाठ होवा छतां सरळता के अज्ञानताने कारणे आजे लगभग सर्वत्र पूजनोनुं मांडलु नीचे भूमि उपर ज बनी रह्युं छे. पूजन भणावनार तो अणजाण होय छे. निश्रादाता पू. गुरुदेवश्री अने क्रियाकारक प्रत्ये पूर्ण विश्वास राखी श्रद्धाळु भावे भावुको पूजनो भणावे छे, तो आवा समये पापना भागीदार कोण?

काची इंटोनी पीठिका बनावी मांडलुं बनाववुं ते सर्वश्रेष्ठ छे. कदाच ते अनुकूळता न होय तो छेवटे नानी पाट उपर (५/९ इंच उंची) मांडलुं बनावाय तो.... विनय धर्म तो सचवाइ जाय.

''मांडलुं तो नीचे ज बनाववुं जोइए'' एवी दलील करता केटलाक अणजाण क्रियाकारको सिद्धचक्रनी बीजी चोवीसीना श्लोकमां आवतो 'भूमंडले' शब्द बतावता होय छे. परंतु आ भूमंडल शब्दनो 'भूमिनुं तळियुं' एवो अर्थ थतो ज नथी.

मंत्रविद् पूज्यपाद् पंन्यास प्रवर गुरुदेव श्री अभयसागरजी महाराजने में दीक्षा

पूर्वे गृहस्थ अवस्थामां 'भूमंडले' शब्द बतावीने मांडलुं नीचे बनाववानुं कहेल त्यारे पूज्यपाद गुरुदेवश्रीअे कहेलुं के ''आ 'भूमंडले' शब्द मंत्रशास्त्रनो पारिभाषिक शब्द छे, तेनो शब्दशास्त्रना आधारे अर्थ करवानो नथी!'' गुरुदेवश्रीना आ शब्दनुं रहस्य ते समये समजायुं नहीं, परंतु दीक्षा बाद संस्कृतनो अभ्यास थयो अने ग्रंथोनुं वांचन थयुं त्यारे ख्याल आव्यो के... भूमंडले शब्दनो अर्थ मंत्रशास्त्रमां तद्दन भिन्न थाय छे. पू. गुरुदेवश्रीअे ते समये जणावेली वात घणा वर्षो पछी अेकदम साची लागी.

अनुभव सिद्धमंत्र द्वात्रिंशिका ग्रंथनी प्रस्तावनामां जणाव्या अनुसार मंत्र शास्त्रमां जुदा-जुदा आकारो अने भिन्न-भिन्न बीजाक्षरोना माध्यमे चार मंडलनी रचना थाय छे. पृथ्वीमंडल, जलमंडल, अग्निमंडल, वायुमंडल. तेमां दरेक मंडलना आकारो अने बीज मंत्रो नीचे प्रमाणे छे.

| **मंडलनुं नाम** | **वर्ण** | **आकार** | **बीज मंत्र** | **दीशामां** |
|---|---|---|---|---|
| १. पृथ्वी मंडल | पीळु | चतुष्कोण | लं, क्षिं | चारे खुणे लखवुं |
| २. जल मंडल | श्वेत | कलश समान गोल | वं, पं | चारे खुणे लखवुं |
| ३. अग्नि मंडल | लाल | त्रिकोण | रं, ॐ | चारे खुणे लखवुं |
| ४. वायु मंडल | काळुं | गोळाकार | यं, स्वा | चारे खुणे लखवुं |

सिद्धचक्र यंत्र ए पृथ्वीमंडलनुं यंत्र छे. आ पृथ्वी मंडलनी रचनानो उद्भव चार सीधी लाइनना बहार नीकळता छेडावाळो चोरस करी, तेना छेडे बीजमंत्र लँ अने लाइननी वच्चे क्षिं लखवाथी थाय छे. मंत्रशास्त्रनी दृष्टिअे आ पृथ्वीमंडल छे.

मंत्रशास्त्रमां आकार अने बीजमंत्रोना माध्यमे उपरोक्त चार प्रकारना मंडल बने छे ते पैकीना भू-पृथ्वी, पृथ्वी मंडलमां आ सिद्धचक्र यंत्र अने मंडलनुं आलेखन करवानुं विधान छे. वळी जो भूमंडल शब्दनो अर्थ जो भूमिनुं तळीयुं

એવો અર્થ કરીએ તો મંત્રશાસ્ત્ર પારંગત પૂ.આ. દેવશ્રી સિંહતિલકસૂરી મ. એ વર્ધમાન વિધા કલ્પમાં જણાવેલ નીચેનો શ્લોક સમજવા જેવો છે. ભૂમણ્ડલેન વેષ્ટયેત્ ઇદં યંત્ર-વિધિઃ પૂર્ણા! ઇદં વિધિ પૂર્ણા.

**અર્થ :** પૃથ્વી મંડલથી વેષ્ટન કરેલા (વિંટળાયેલા) આ યંત્રની વિધિ પૂર્ણ થઇ. (ભૂમંડલથી વેસ્ટન કરવું એટલે યંત્રની ચારે બાજુ એક બીજાને છેડા ક્રોસ કરતી હોય તેવી ચાર લાઇનો (ચોરસ) કરી ખૂણામાં **'લ'** અને ચાર દિશામાં 'ક્ષીં' બીજ મંત્રની સ્થાપના કરવી. મંત્રશાસ્ત્રમાં આ પ્રક્રિયાને ભૂમંડલ વેષ્ટન કહેવાય છે.)

જો 'ભૂમિના તળીયે જ માંડલું કરવાનું' એવો ભૂમંડલ શબ્દનો અર્થ થતો હોય તો અહીં આચાર્યદેવ ભૂમંડલથી વેષ્ટિન કરવાનું ન કહ્યું હોત... જેમ વર્ધમાન વિદ્યાયંત્રને પૃથ્વીમંડલથી વેષ્ટિત કરવાનું જણાવ્યું છે તેજ અર્થમાં ભૂમંડલે શબ્દ દ્વારા સપ્તમી વિભક્તિનો ઉપયોગ કરી સિદ્ધચક્રને પૃથ્વીમંડલથી વેષ્ટિત કરવાનું જણાવેલ છે. સપ્તમી વિભક્તિનો અર્થ આધાર અર્થમાં પણ થાય છે.

અર્થાત્ મંત્રશાસ્ત્રમાં જણાવેલ સ્વરુપવાળા પૃથ્વીમંડલમાં સિદ્ધચક્રયંત્રનું આલેખન કરવાનું સ્પષ્ટ જણાવ્યું છે. છતાં માત્ર શબ્દશાસ્ત્રના અર્થથી પ્રેરિત થઇ આજે પૂજનોમાં માંડલું નીચે બનાવી સર્વત્ર અવિધિ થઇ રહી છે. જેમાં વિનય ધર્મનું પણ ખંડન થઇ રહ્યું છે.

અભિમંત્રિત પંચધાન્યથી બનાવેલ માંડલાને અભિમંત્રિત કરી (વાસક્ષેપ દ્વારા જાગૃત કરી) તેનું પૂજન થાય છે, આથી તે માંડલું પણ પૂજ્ય બને છે. તેજ પૂજનમાં પૂજક પૂજન કરનાર કે પૂજનમાં ઉપસ્થિત રહેનાર આસન કે જાજમ પર બેસે છે. ક્યારેક તો ક્રિયાકારકો કે વિધિકારકો પાટલા પર પણ બેસે છે તો પૂજ્ય વસ્તુ કરતાં પૂજક ઉંચે બેસે તો વિનય કેવી રીતે સચવાય?

વિનયધર્મ સચવાય અને વિધિપૂર્વક પૂજનો ભણાવાય તેવા શુભ આશયે ચાલતું આ અનુચિંતન આલેખાયેલું છે. શાસનની એક મહત્તમ ક્રિયા શુદ્ધ બને તેવા ભાવ-શ્રદ્ધા સાથે વિરમું છું.

# परिशिष्ट – २

# पूजन अखंड क्यारे बने?

## (पूजन नक्की थाय त्यारे पूजन पूर्वे वांची अमल करवा योग्य लेख)

तारक परमात्मानी विशिष्ट भक्ति स्वरुप सिद्धचक्र आदि अनेक पूजनो भावभक्तिपूर्वक थइ रह्या छे ते अनुमोदनीय छे. परंतु काळ प्रवाह अने लोक व्यवहारना कारणे विधानोमां प्रवेशेली केटलीक बाबतो विधानोना मूळने खतम करी नाखे छे. परिणामे पूजन भणाव्याना आनंदमां संतोष मानी तेना मूळ फळ तरफ नजर पण जती नथी आ आपणी अज्ञानता छे.

आजे भणावाता पूजनोमां केटलीक बाबते बहु दुर्लक्ष सेवाइ रह्युं छे. ते पैकी पूजन अखंड क्यारे बने ते अंगे विचारणा करवा जेवी छे. मंत्रशास्त्रना नियम प्रमाणे कोइपण विधान अखंडपणे शुद्धिपूर्वक करवामां आवे तो ते फळीभूत थइ शके छे.

आजे भणावाता पूजनोमां सर्व व्यापक पणे खंडित पूजननो दोष लागी रह्यो छे.

कोइपण मंत्र, विधान के अनुष्ठान प्रारंभथी अंत सुधी एकज व्यक्ति द्वारा थाय ते विधान अखंडित–सळंग बने.

कोइपण अनुष्ठानना प्रारंभमां आत्मरक्षा, मंत्रस्नान विगेरे विधानो करवाना होय छे अने पूजा–अनुष्ठानना अंते क्षमापना विधान करी विधानमां दोष लाग्यो होय तेनी माफी मांगवानी विधि होय! प्रारंभथी अंत सुधी आवुं एक अखंड विधान एक ज व्यक्ति द्वारा (आराधक बदलाया वगर) थवुं जरुरी छे. परिवार के सगां–स्नेहीने लाभ

मळे तेवा शुभभाव आगळ करी जाणतां अजाणतां अखंड पूजनना मूळने नष्ट करवाथी शुं लाभ?

आजनाकाळे श्री सिद्धचक्रजी जेवा विविध पूजनोमां पूजन खंडित केवी रीते बने छे ते जरा जोइओ...

(१)अरिहंतपदमां बेसनारे आत्मरक्षा-मंत्रस्नान विगेरे पूर्व विधानो कर्या होय पण अन्य पूजन के क्षमापना विधान समये ते भाइ क्यां फरता हशे?

(२)छेल्ले शांतिकलश आदि करनार कदाच क्षमापना विधान करे परंतु पूर्वेनुं आत्मरक्षा मंत्रस्नान विगेरे विधान न कर्युं होय.

(३)वच्चेना सिद्धपद विगेरे तमाम पूजनोमां बेसनारे तो न कर्युं होय आत्मरक्षादि पूर्व विधान, के न करे क्षमापना।

पूजनोमां बेसनार त्रणे प्रकारना उक्त व्यक्तिओने विधिभग्न दोष लागे. आवी स्थितिमां पूजन फळीभूत केवी रीते बने?

परिवारना बधा ज स्वजनोने लाभ मळे आवा सुंदर शब्दो द्वारा आपणा द्वारा थती अविधिओ खंडितताने ढांकपीछोडी करी रह्या छीओ....

आश्चर्य तो ओ छे के... पूजन विधिना मर्मने नहीं जाणनार अबुध क्रियाकारकोए ज पूजन भणावनार भावुकने लीस्ट आपी दीधुं होय के 'आटला सजोडा जोइओ आटली कुंवारीका जोइओ आ पूजनमां मात्र भाइओ आ पूजनमां मात्र बहेनो जोइओ...' 'पूजन पूर्वे नामावली तैयार राखवी.' विधि विधानना क्षेत्रे क्रियाकारकमां विधिज्ञनो विश्वास राखनार गृहस्थो आ अंगे शा माटे विचार करे....? पूजनमां बेसवा माटे परिवारमां सजोडा-कुंवारीका-विगेरेनुं लीस्ट बनाववानुं चालु करे.

सिद्धचक्रजीना महिमाने लगभग ११ लाख वर्षथी उज्जवल बनावनार श्रीपाल-मयणाओ साडाचार वर्ष सिद्धचक्रनी आराधना करी अंते उजमणामां महोत्सवपूर्वक सिद्धचक्र पूजन विधिपूर्वक जणावे छे तेनुं विधान सिरिसिरिवाल कहा नामना प्राचीन ग्रंथमां क्रमसर आवे छे.

आ पूजनमां श्रीपाल-मयणा ओक पूजन पछी उभा थइ गया हशे? शुं तेओओ

विद्यादेवीओना पूजनमां उभा थइ

कुमारीकाओने बेसाडी हशे? २४ यक्ष पूजन मयणाअे नही कर्युं होय? २४ यक्षीणी पूजन श्रीपाले नही कर्युं होय? ना, ना, सिरिसिरवाल कहा' ग्रंथमां स्पष्ट उल्लेख मळे छे के आदिथी अंत सुधी श्रीपाल-मयणाअे ज पूजन पूर्ण कर्युं छे. क्यांक सजोडु ज जोइअे क्यांक भाइ ज जोइअे. क्यांक बहेन ज जोइअे, कुमारीका ज जोइअे आवुं कोइ विधान नथी. जेने पण पूजन करवुं होय ते अखंडपणे पूजन करी शके छे. पूजनमां वारंवार व्यक्तिओने बदलवामां तो पूजन खंडित करवानो केटलो मोटो दोष लागे...

वळी पूजननी आदिथी अंत सुधीनी अखंड भक्तिना बळे पूजनमां कोण बेठुं? हवे कोण बेसशे? कोइ स्वजन रही तो नथी गयुंने? ते देखरेखमां ज पूजन पूर्ण थइ जाय. आम आ पूजनमां भगवाननुं ध्यान धर्युं के स्वजनोनुं? अे कोण विचारे छे?

अखंडविधि साचववी होय अने व्यवहार पण साचववो होय तो पण ते बन्ने सचवाइ शके तेवी व्यवस्था पहेलांथी गोठवी शकाय छे.

सगां-स्नेही जेने पण पूजननो लाभ आपवो होय तेओ माटे तेटली पीठीका बनावी अलग अलग यंत्र मूकी मुख्य यंत्र उपर जे विधान थाय तेज विधान बधा यंत्र उपर करावाय, पण हा; सगा-स्नेहीने पहेलेथी स्पष्ट सूचना करी देवी के आदिथी अंत सुधी तमोने पूजन लाभ आपवो छे तेथी वच्चेथी छोडी शकाशे नहीं.

आ रीते ११/२१/२७ के तेथी वधु पीठीका करवाथी व्यवहार अने विधि बंन्ने मर्यादा सचवाइ जाय छे. बाकी गाडरीया प्रवाहमां तणाववुं तेमां विधिभग्न, अनादर के अबहुमाननो दोष अवश्य लागे. सुज्ञेषु किं बहुना.

परिवार के संघमां आवता प्रसंगे पूजनमां विधिभग्नना दोषथी बची अखंडपूजन करी पूर्ण फलने पामे ते मंगल भावना सह विरमुं छुं.

**नयचंद्रसागर**

# વાંચન તત્વની નોંધ

(વાચકો માટે)

# પૂ.આચાર્યદેવ શ્રીનયચંદ્રસાગરસૂરિ મ.સા.દ્વારા સંપાદિત પુસ્તકો

